Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

મે ૨૦૧૯ * વર્ષ ૩૪ * અંક ૨



ધોલેરા ધામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા નિર્મિત
મંદિરમાં બિરાજમાન શ્રી મદનમોહન દેવને અનંત કોટિ હૃદયવંદન !

# પ્રભુના દાસ પ્રભુસ્વરૂપોને

**આ** પૃથ્વી પર ઘણાં કાર્યો છે - જેને અઘરાં માનવામાં આવ્યાં છે. તે સઘળાં અઘરાં કાર્યોમાં પણ, દિવ્ય વિભૂતિઓનાં કથન અનુસાર, જો કોઈ સૌથી વધુ અઘરું કાર્ય હોય તો તે છે મનુષ્યાકૃતિરૂપે આપણી વચ્ચે વિહરતા ભગવાનના સાકાર અને પ્રગટ સ્વરૂપને ઓળખવું, અને તેમના દાસ બની તેમના ભક્તોમાં નિર્દોષબુદ્ધિ રાખી સહજ જીવવું !

ઈ.સ. ૧૯૫૧માં ગુરુહરિ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે જીવનલીલા સંકેલી તે પહેલાં અનેક પ્રસંગોએ તેઓએ સ્વમુખે, સ્પષ્ટતા સાથે અને ભારપૂર્વક ગુરુદેવ યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપનાં દર્શન કરાવી મહિમા ગાયો હતો. ભલા-ભોળા સાધુ યોગીબાપાના અપાર ગુણો અને દિવ્યતાની પણ ઝાંખી કરાવી હતી. છતાં, યોગીબાપાના સાદગીસભર સામાન્ય લાગતા વ્યક્તિત્વમાં સાંગોપાંગ વ્યાપક અસામાન્ય અને અમાયિક અક્ષર-પુરુષોત્તમના તત્ત્વનાં સાકાર, પ્રગટ દર્શન કરવાં તો અઘરાં હતાં જ; અને તેથીય કપરી વાત હતી તેમના દાસ થઈ ભક્તોમાં નિર્દોષબુદ્ધિ રાખવી ! પૃથ્વી પરનું મનુષ્યો માટેનું અઘરામાં અઘરું કાર્ય !!

એવા કાળમાં જે મુઠ્ઠીભર યુવાનોએ યોગીબાપાની અપ્રતિમ પ્રેમગંગામાં તરબતર થઈ તેમના દિવ્ય અને અલૌકિક સ્વરૂપનાં દર્શન અને સમર્પણભાવે સ્વીકાર કર્યા તેમાંના એક તે પ્રભુદાસભાઈ - આપણા સહુના પ્રાણપ્યારા ગુરુહરિ પરમ પૂજ્ય બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી !



એક દૃષ્ટિએ તો યોગીબાપામાં પ્રગટ પ્રભુના સાકાર તત્ત્વનો સ્વીકાર અને તેઓ પ્રતિ નિર્વિકલ્પ સમર્પણ જ સાધનાના આરંભ અને અંત હતાં. છતાંય, યોગીબાપાએ આપણી અને આવનારી અનેક પેઢીઓ પર કૃપા કરી પ્રભુદાસભાઈના જીવનરૂપે આપણી સમક્ષ એક દિવ્ય અને કલ્યાણકારી અધ્યાત્મમાર્ગ પ્રશસ્ત કર્યો, જેના મૂળ મંત્રો હતા - નિર્દોષબુદ્ધિ, સુહૃદભાવ અને આત્મીયતા !

આજે ગુરુહરિ સ્વામીશ્રીની નિશ્રામાં વિશ્વના લાખો યુવાનો અને હજારો પરિવારો નિર્વ્યસની અને સંસ્કારસંપન્ન જીવન જીવી આ ત્રણ મૂળ મંત્રોના અધ્યાત્મપ્રકાશે જીવનના દિવ્ય આનંદ અને આત્માના અક્ષરરૂપને પ્રાપ્ત કરવાના માર્ગે પ્રગતિશીલ છે. ધરતી પરના માનવ સમુદાયની આ મંગલમયી યાત્રા પ્રતિ મહારાજ ને સ્વામી, ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ કેવા રાજી થતા હશે !

ગુરુહરિ સ્વામીશ્રીને પ્રાદુર્ભાવની મંગલ તિથિએ શત શત સહસ્ર કોટિ સાષ્ટાંગ પ્રણામ સહ પ્રેમભીનાં હૃદયવંદન!


# પ્રાગટ્યમંગલે શત શત કોટિ વંદન !

અને ગુરુદેવ યોગીજી મહારાજ ! અનુપમ !

વીસમી સદીની મહાનતમ્ એવી આ યુગવિભૂતિએ અલ્પ કાળમાં જે આધ્યાત્મિક ઉત્ક્રાંતિના જ્યોતિર્ધર રૂપે સર્વ જીવ-મુમુક્ષુ પર જે કૃપાપ્રેમ વરસાવ્યા છે, તેની વસંત ખીલી રહી છે. દિવ્ય પ્રભુસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે ભારતીય અધ્યાત્મદર્શનને નિત્ય જીવનમાં સાંગોપાંગ જીવતા જંગમતીર્થ રૂપ સંતો-ભગવદ્ સ્વરૂપોનાં ઘડતર કર્યાં. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને સત્સંગના ઈતિહાસમાં વીસમી-એકવીસમી સદીના યોગનો આ એક એવો અદ્વિતીય કાલખંડ રહ્યો છે જ્યારે આ પૃથ્વી પર ભગવાનના ધારક અનેક સત્પુરુષ-ભગવદ્સ્વરૂપો દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમના દિવ્ય તત્ત્વ સાકાર અને પ્રગટ રહ્યા છે.

'બહેનો ભગવાન ભજે... મહારાજ જોગ ગોઠવી આપશે...' રૂપી યોગીજી મહારાજની એ આર્ષવાણી આજે સર્વથા સાકાર થઈ છે. એટલું જ નહિ; પરંતુ, માનવીય ચેતનાના ઊર્ધ્વગામી ઉત્થાનમાં એક વિરાટ સોપાન સ્વરૂપે સિદ્ધ થયું છે.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં દર્શનને રોજ-બરોજના જીવનમાં જીવવા પ્રયત્નશીલ સમર્પિત, નિષ્ઠાસંપન્ન અને સુહૃદભાવસભર હજારો ગૃહસ્થ એકાંતિક મુક્તોનો સમાજ આજે પોતાના ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરવા અખંડ જાગ્રતતા અને સંપ, સુહૃદભાવ અને એકતા સાથે સેવાપ્રવૃત્ત છે.



ભાગવતી દીક્ષા ગ્રહણ કરી સેંકડોની સંખ્યામાં ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કૌશલ્યેયુક્ત નવયુવા સંતો અને સદ્ગુરુઓ વિશ્વભરમાં શ્રી સ્વામિનારાયણ - અક્ષરે સહિત પુરુષોત્તમના જયઘોષ કરી માનવસમાજમાં સંસ્કાર, સ્વાસ્થ્ય, સંવાદિતા અને ઉચ્ચતમ્ અધ્યાત્મ મૂલ્યોનાં સિંચન કરી રહ્યા છે.

અને યોગીજી મહારાજના અનેક કૃપાશિષોમાં અનુપમ તે અનુપમ મિશન! નામ-રૂપ અને વેશ-કેશને સામાન્ય રાખી 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પ્રબોધિત કર્મયોગના ભક્તિયોગ સાથે અદ્ભુત સમન્વય સાધી ભગવાહ્દયી યોગીના આ યુવા, વ્રતધારી સંતો તો આજે યોગીરાજના હૃદય ધબકાર રૂપે યોગીહૃદયની અંતરંગ ભાવના અને દર્શનને જીવંત રાખી તેને પ્રસરાવી રહ્યા છે. સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને કૃપાશિષ સાથે યોગીજી મહારાજના દિવ્ય સંકલ્પ, વિરાટ દર્શન અને અધ્યાત્મિક ઉત્ક્રાંતિના એક જ્યોતિર્ધર છે.

આજે તો હજુ આરંભ છે યોગીજી મહારાજનાં વાવેલાં આધ્યાત્મબીજનાં અંકુરિત થવાનો. હે પ્રાણાધાર વ્હાલા યોગીરાજ! આપના પ્રાગટ્ય મંગલે આપના ખોળે આ માથું ને શ્રી ચરણોમાં અમારાં મન મૂકીએ છીએ... જેવા છીએ તેવા આપના છીએ, ગુરુદેવ! ◆

~ ડૉ. મનોજ સોની



# ધોલેરા બંદરે ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા નિર્મિત મંદિરમાં શ્રી મદનમોહનજી મહારાજની પ્રતિષ્ઠાની અનુપમ ગાથા

એ સમય હતો જ્યારે અમદાવાદ, ભુજ અને વડતાલમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા નિર્મિત ત્રણેય ભવ્ય મંદિરોનાં શિખરે યુગલ ઉપાસનાની, સ્વામિનારાયણીય અસ્મિતાની ધજાઓ લહેરી રહી હતી. પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામીનાં નામ અને કામના દસેય દિશાએ ડંકા ગુંજતા હતા. વડતાલમાં શ્રીજી મહારાજે ૧૮૮૨ની વસંતપંચમીએ સંપ્રદાયના બંધારણરૂપ 'શિક્ષાપત્રી' લખી અને અગણિત મુમુક્ષુઓએ કુસંગ, વ્યસન, વ્યભિચાર અને અંધશ્રદ્ધાને છોડી સત્સંગપ્રધાન જીવન જીવવાનું શરૂ કર્યું હતું. દિવ્યતાનો એ અનુપમ પ્રકાશ સર્વત્ર રેલાઈ રહ્યો હતો. અને જોતજોતામાં મહારાજે ધોલેરામાં સંપ્રદાયના ચોથા મંદિરના નિર્માણનું કાર્ય આરંભી દીધું.

વર્ષો પૂર્વે ભાલ પ્રદેશનું ધોલેરા એ ધોલપુર નામનું નાનું રજવાડું હતું. પ્રદૂષણ રહિત ને નૈસર્ગિક વાતાવરણ અને નાનાં-મોટાં સાત-આઠ તળાવોથી ઘેરાયેલું હતું. સ્વામિનારાયણ ભગવાન અને સંતો અવારનવાર ધોલેરા પધારતા, સત્સંગ કરાવતા ને દર્શન-સમાગમનું સુખ આપતા; તે સમયે ધોલેરા બંદર તરીકે વિકાસ પામ્યું હતું ને વેપાર-વ્યવહાર માટે ખૂબ પ્રખ્યાત હતું. ચાલીસ હજાર જેટલી ધોલેરાની વસતી હતી. ધોલેરાથી ૨૦ દેશો સાથે વેપાર-વ્યવહાર થતો હતો અને અંગ્રેજોના આવ્યા પછી તેઓએ પણ આ બંદરને વધુ વિકસાવ્યું હતું.

ધોલેરાનરેશ શ્રીમાન પૂંજાભાઈ દરબાર અને તેમનાં બહેનો અજુબા તેમજ ફૂલીબાની ભક્તિ અતુલનીય હતી. તેઓની તેમજ ગામના ભાવિક ભક્તોની ભક્તિને વશ શ્રીજી મહારાજ ધોલેરા પધાર્યા ત્યારે તેઓનું ભવ્યાતિભવ્ય સ્વાગત થયું. ધોલેરામાં હાલ જ્યાં ધર્મકુંડ સરોવર છે ત્યાં ઢોલિયા પર બિરાજિત થયા અને ત્યાં જ જમ્યા. સામે બેઠેલા ભક્તોનો અતિ ભાવ જોઈ પ્રભુએ અહીં મંદિર કરવા આજ્ઞા કરી. અત્યંત રાજી થકા શ્રીજી મહારાજે સ્વહસ્તે મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. શ્રીમાન પૂંજાબાપુએ મંદિરનિર્માણ માટે ધન, ધાન અને જમીનનાં સંપૂર્ણ દાન કર્યાં. શ્રીજી મહારાજે આ મંદિર કરવાની આજ્ઞા વૈરાગ્યમૂર્તિ સદ્‌ગુરુ સંત નિષ્કુળાનંદ સ્વામીને કરી અને તેમની સહાયમાં સદ્‌ગુરુ સંતો શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી, શ્રી ભાયાત્માનંદ સ્વામી, શ્રી નિષ્કામાનંદ સ્વામી, શ્રી ત્યાગાનંદ સ્વામી, શ્રી અખંડાનંદ સ્વામી, શ્રી ધર્મપ્રસાદાનંદ સ્વામી આદિ સંતોને રોક્યા. કડિયાકામ માટે દયારામભાઈ અને ભૂષણકુમારને સેવા સોંપી. મંદિર તૈયાર થાય એટલે સંદેશો મોકલવાની મહારાજે આજ્ઞા કરી. શ્રીજી મહારાજે ત્યાંથી ભક્તોના મનોરથ સ્વીકારવા માટે સત્સંગયાત્રાએ પ્રસ્થાન કર્યું.

નિષ્કુળાનંદ સ્વામીને શિલ્પકળાનું ખૂબ ઊંડું જ્ઞાન હતું. તેઓની કલાત્મક કૃતિઓ સૌના જીવમાં બેસી જતી. મંદિરનિર્માણની સેવા દરમિયાન સ્વામી આસપાસનાં ગામોમાં વિચરણ કરતા. એક વખત સ્વામી ગાંફ ગામના ઠાકોર સાહેબ મનુભા બાપુના ઘરે પધાર્યા. સ્વામીની સંતદશા અને દેહાતીત અવસ્થાના અનુભવથી રંગાઈ ગયેલા મનુભાએ સ્વામીને ધન અને સોનામહોરો આપી મંદિરનિર્માણમાં વાપરવા વિનંતી કરી. ત્યારે સુવર્ણ અને ધનનો ત્યાગ કરી સ્વામીએ મનુભા પાસે તેમને ત્યાં જ ઉપસ્થિત સુંદર પથ્થર માંગ્યો અને કહ્યું કે, 'આપનાં સમર્પણ અને ભક્તિને આવનારી પેઢી કાયમ યાદ કરે તે માટે મંદિરના મુખ્ય દ્વારે આ પથ્થરમાંથી કલાત્મક કમાન કરીને મૂકવી છે.' એ પથ્થરમાંથી હાથી મુખાકૃતિ ધરાવતી અદ્‌ભુત કલાત્મક કમાન નિષ્કુળાનંદ સ્વામીએ બનાવી, જે આજે પણ સૌને ભક્તની, સંત અને પ્રભુ પ્રત્યેની ભક્તિની અનુભૂતિ કરાવે છે, મહેક પ્રસરાવે છે.

નિષ્કુળાનંદ સ્વામી રચિત કમાનો ભારતીય શિલ્પકલાનું બેનમૂન ઉદાહરણ છે, જે આજે પણ સંસ્કૃતિગૌરવની ગાથામાં શાશ્વત બની રહી છે. આ ઉપરાંત અનેક કૃતિઓ પણ સ્વામીએ બનાવી કળાધરોહરની અકલ્પ્ય ભેટ ધરી છે. સ્વામીના હાથમાં ટાંકણું હોય તો પથ્થર બોલતો થઈ જાય, રંધો હોય તો કાષ્ઠમાં ડિઝાઈન પડી જાય અને કલમ હોય તો કાવ્યો-કીર્તનો પલભરમાં રચાઈ જાય.

સ્વામીના સમાગમે ધોલેરામાં સત્સંગનો ખૂબ સમાસ થયો. ભક્તોમાં સેવા અને ભક્તિનો ઉત્સાહ વધ્યો. પ્રભુ ધોલેરામાં મંદિર કરવાના હતા તેનો આનંદ સૌનાં હૈયે એટલો બધો હતો કે, પૂંજાબાપુ અને અન્ય ભક્તોએ મંદિર માટે ઘણી મોટી જમીન મંદિરને ભેટ આપી.

નિષ્કુળાનંદ સ્વામીની સૂઝ, સમજ અને કળાપ્રાવીણ્યને પરિણામે ટૂંક સમયમાં જ પાંચ શિખરવાળું ભવ્ય મંદિર નિર્માણ પામ્યું. તેની શોભા અતિ ન્યારી હતી. મંદિર નિર્માણકાર્ય દરમિયાન અને નિર્માણ બાદ તેની મનોહર શોભાનાં દર્શન કરવા અનેક યાત્રિકો, પ્રવાસીઓ, શ્રેષ્ઠી અગ્રણીઓ, નગરજનો અને અંગ્રેજો સુદ્ધાં આવતા. મંદિરની કલાત્મક ભવ્યતાનાં દર્શન પામી સૌ કોઈ મંત્રમુગ્ધ થઈ જતાં. નિ:સંદેહ, આ મનોહર દિવ્યતાનો શ્રેય નિષ્કુળાનંદ સ્વામીની અદમ્ય ભક્તિને જ જાય !

નિષ્કુળાનંદ સ્વામીએ પોતાનું સંપૂર્ણ કૌશલ્ય મંદિરનિર્માણમાં વાપરી દીધું હતું. કેવળ પ્રભુને જ રાજી કરવાનો રાગ આ વૈરાગ્યમૂર્તિને મન હતો. માત્ર છાશ-રોટલો એક વાર જમતા અને મંદિરનું કાર્ય કરતા તેથી તેઓનું શરીર કૃશ થઈ ગયું હતું. એક વખત શ્રીજી મહારાજ ધોલેરા પધાર્યા ત્યારે નિષ્કુળાનંદ સ્વામી મંદિરનિર્માણની સેવામાં નિમગ્ન હતા. નિષ્કુળાનંદ સ્વામીની દેહભાવથી પર અવસ્થા અને કલાત્મક સેવાભક્તિને વશ થઈ શ્રીજી મહારાજ તેઓને ભેટ્યા અને કહ્યું કે, 'કોઈને ન આપી હોય તેવી ભેટ તમને આપવી છે.' આટલું કહી ચાદર મંગાવી અને એક સાથે ૧૮ જોડી ચરણારવિંદ મહારાજે નિષ્કુળાનંદ સ્વામીને ભેટ આપ્યાં.

ભક્તોના આગ્રહથી શ્રીજી મહારાજ ભાલ પ્રદેશમાં કમિયાળા ગામે વિ. સં. ૧૮૮૨ના ચૈત્ર માસમાં શ્રી હરિનવમીનો ઉત્સવ કરવા રોકાયા હતા. આ સમૈયાની અમૃત સ્મૃતિ માણવા આસપાસનાં બધાં જ ગામોમાંથી ભક્તોની મેદની ઊમટી હતી. આ પ્રસંગે ધોલેરાથી શ્રીમાન પૂંજાભાઈ દરબાર તેઓનાં બહેનો સાથે પધાર્યા હતા. વળી, અદ્ભુતાનંદ સ્વામી પણ મંડળ લઈને શ્રીજી મહારાજનાં દર્શને પધાર્યા હતા. ગાંફ ગામથી મનુભા દરબાર, તેમના ત્રણ સુપુત્રો બાપુજીરાજજી, અર્જુનસિંહજી, રૂપસિંહજી અને ભાયાતોને સાથે લઈને શ્રી હરિનવમીના ઉત્સવને ઊજવવા સારુ પધાર્યા હતા. પીપળીથી દાદાભાઈ દરબાર પણ ભક્તો સાથે પ્રભુનાં દર્શને પધાર્યા. સમૈયો ભવ્ય થયો. સૌએ શ્રીજી મહારાજનાં દર્શન, સમાગમ અને આશીર્વાદનો ખૂબ લાભ લીધો. શ્રીજી મહારાજની દિવ્ય લીલાઓ માણી સૌ ધન્ય થયાં.

આ પ્રસંગે શ્રીમાન પૂંજાભાઈ દરબારે શ્રીજી મહારાજને વિનંતી કરી કે, 'હે પ્રભુ ! આપની આશિષ ને આજ્ઞાથી નિષ્કુળાનંદ સ્વામી અને સંતો-ભક્તોએ ધોલેરામાં મંદિરનિર્માણનું કાર્ય સંપન્ન કર્યું છે. આપ અહીં પધાર્યા છો, તો જો આપ ધોલેરા પધારો તો મૂર્તિપ્રતિષ્ઠાનો મંગલ મહોત્સવ પણ ઉજવાઈ જાય.' મહારાજે તેમનો પ્રસ્તાવ સ્વીકાર્યો અને ધોલેરા જવા રાજી થયા. શ્રીજી મહારાજ થોડા જ દિવસોમાં ધોલેરા પધારવા નીકળ્યા ત્યારે ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ જઈ મુહૂર્ત નક્કી કરી જૂનાગઢ મંદિરનું ખાતમુહૂર્ત કરવાની પણ આજ્ઞા કરી. આમ, પાંચમા મંદિરનાં પણ પગરણ મહારાજે માંડ્યાં. જોગાનુજોગ જૂનાગઢ મંદિરનું ખાતમુહૂર્ત ગુણાતીતાનંદ સ્વામીના હસ્તે થયું કે, જેમણે પછીથી શ્રીજી મહારાજની આજ્ઞાથી મંદિરનાં નિર્માણ અને મહંતાઈની સેવા પણ શોભાડી.

શ્રીજી મહારાજ ધોલેરા પધાર્યા. અદ્ભુતાનંદ સ્વામીનો હાથ પકડી પ્રભુએ આખું મંદિર જોયું ત્યારે સાથે નિષ્કુળાનંદ સ્વામી પણ હતા. નિષ્કુળાનંદ સ્વામીની મૂક ભક્તિસભર સેવાનાં દર્શન કરી મહારાજ ખૂબ રાજી થયા. ટાંચાં સાધને, નાણાંની અછત વચ્ચે આવું કલાત્મક મંદિર કરવું એ અંતરની ભક્તિ વગર અશક્ય છે, એમ કહી પ્રભુએ સંતો પર વિશેષ રાજીપો વરસાવ્યો.

શ્રીજી મહારાજે નારાયણ જોષીને બોલાવી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ માટે મુહૂર્ત જોવડાવ્યું. ૧૯ મે ૧૮૨૬ એટલે કે સંવત ૧૮૮૨ના વૈશાખ સુદ ૧૩નું મુહૂર્ત મૂર્તિપ્રતિષ્ઠા માટે નક્કી થયું. તે દરમિયાન શ્રીહરિએ ગઢડામાં તૈયાર રાખેલ શ્રી રાધાકૃષ્ણની મૂર્તિઓ ધોલેરા મંદિરમાં પધરાવવા માટે અસવારો પાસે મંગાવી લેવા શ્રીમાન પૂંજાબાપુને આજ્ઞા કરી. પૂંજાબાપુની ખૂબ ઇચ્છા હતી કે, દાદા ખાચર અને તેમનો પરિવાર તથા ધર્મકુળ પણ મૂર્તિપ્રતિષ્ઠાના મંગલ પ્રસંગે પધારે. તેથી મહારાજે તે મુજબ અસવારો સાથે કહેવડાવ્યું. સ્વયં શ્રીજી મહારાજે દેશ-દેશાંતર પત્રો લખી ભક્તોને મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે તેડાવ્યા. મહારાજની આજ્ઞા મળતાં જ અસંખ્ય ભક્તો મહોત્સવમાં સહભાગી થવા પધાર્યા.

મૂર્તિઓ ધોલેરા આવી ગઈ, જેને એક ઓરડામાં પધરાવી જ્યાં આજે છત્રી છે, અને શ્રીજી મહારાજનાં ચરણારવિંદ સ્થાપિત કર્યાં છે. શ્રીહરિએ મૂર્તિઓનાં દર્શન કર્યાં અને કહ્યું કે, 'મૂર્તિઓ તો બહુ જ સુંદર અને ચમત્કારી છે!' શ્રીજી મહારાજે ઉમરેઠથી વિપ્ર હરિપ્રસાદ શર્માને વેદોક્તવિધિથી મૂર્તિપ્રતિષ્ઠા કરાવવા તેડાવ્યા. ઉમરેઠ, ભડિયાદ, રોજકા, પચ્છમ, ગાંફ, ધોલેરાના ભૂદેવો પણ વેદોક્તવિધિથી પ્રતિષ્ઠા કરાવવા પધાર્યા. ભવ્ય યજ્ઞ થયો ત્યારે શ્રી વિષ્ણુજી, શ્રી શિવજી, શ્રી સૂર્યનારાયણ દેવ, શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી આદિ દેવોની મૂર્તિમાં સાક્ષાત્ દેવો પ્રગટ થયા. પ્રતિષ્ઠાની તિથિ પ્રમાણે સંવત ૧૮૮૨ના વૈશાખ સુદ ૧૩ના શુભ દિવસે ધોલેરા ધામે શ્રીજી મહારાજે બાથમાં લઈ મૂર્તિઓ સિંહાસને પધરાવી અને શાસ્ત્રોક્તવિધિથી મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ. સર્વત્ર જયજયકાર ગૂંજી ઊઠ્યો. મહારાજે શ્રીકૃષ્ણની મૂર્તિનું નામ 'શ્રી મદનમોહન દેવ' રાખ્યું અને પ્રતિષ્ઠા આરતી ઉતારી. આ પ્રસંગે મહારાજે આશીર્વાદ આપ્યા, "જે ભક્તિભાવથી આ મદનમોહનજીનાં પૂજન-સેવા કરશે તેના સર્વે મનોરથ પૂરા થશે." મંદિરનિર્માણનો શ્રીમાન પૂંજા દરબારનો સંકલ્પ મહારાજે પૂર્ણ કર્યો.

આમ, સમર્પણ, સેવા, ભક્તિની દિવ્ય ગાથાનું દિવ્ય ધામ ધોલેરા આજે પણ સંતો ને ભક્તોની સેવા-ભક્તિની મહેકથી શાશ્વત છે! સૂકા ભાલ પ્રદેશમાં ભક્તિની હરિયાળી આણનારું સ્થાન બન્યું અને ભગવાન શ્રી સ્વામિનારાયણની મંદિરનિર્માણની હારમાળામાં ચોથું પુષ્પ અર્પણ થયું તે ધોલેરાધામ! ◆



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

** વચનામૃત ગઢડા મધ્ય, પ્રકરણ ૬૨ : 'આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું ને દાસપણાનું'નું નિરૂપણ, ૨૧ ડિસેમ્બર ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી*

**શ્રીજી** મહારાજે બંને આચાર્યોને બોલાવ્યા. મોટા ભાઈ રામપ્રતાપભાઈના દીકરા અયોધ્યાપ્રસાદજી કે, જેઓ શ્રી નરનારાયણ દેવ-અમદાવાદ ગાદીના આચાર્ય અને નાના ભાઈ ઈચ્છારામભાઈના દીકરા રઘુવીરજી મહારાજ કે, જેઓ શ્રી લક્ષ્મીનારાયણ દેવ-વડતાલ ગાદીના આચાર્ય; તેઓ બંનેને સભામાં બોલાવ્યા ને કહ્યું, 'તમે અમને પ્રશ્ન પૂછો.'

*પછી પ્રથમ અયોધ્યાપ્રસાદજીએ પ્રશ્ન પૂછ્યો જે, "આ સંસારને વિષે એવો પુરુષ હોય જે, આઠો પહોર તો સંસારની વિટંબણામાં રહ્યો હોય અને ગમે એવું યોગ્ય-અયોગ્ય કર્મ પણ થઈ જતું હોય, અને તે એક ઘડી કે બે ઘડી ભગવાનનું ભજન કરતો હોય, ત્યારે તે ભજને કરીને તેણે દિવસ બધામાં પાપ કર્યું તે બળે કે ન બળે ? એ પ્રશ્ન છે."*

ધ.ધૂ.પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ અને ધ.ધૂ.પ.પૂ. રઘુવીરજી મહારાજ શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી ગૃહસ્થી બન્યા હતા. આપણા સંપ્રદાયમાં આચાર્યપદ વારસાગત છે, તો તેઓએ સર્વ ગૃહસ્થો માટે પ્રશ્ન પૂછ્યો.

*પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "સારો દિવસ પ્રવત્તિમાર્ગમાં રહીને ગમે તેવી ક્રિયા કરી હોય ને ભગવાનનું ભજન કરવા બેસે તે સમે એ ભજનના કરનારાનાં ઈન્દ્રિયો, અંતઃકરણ અને જીવ એ સર્વે એકાગ્ર થઈને જો ભજનમાં જોડાય, તે એવી રીતે એક ઘડી કે અર્ધી ઘડી પણ જો ભગવાનના ભજનમાં જોડાય તો સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે."*

જુઓ, મહારાજે કેટલી સરસ વાત કરી ! પ્રવૃત્તિમાં જે ગૃહસ્થ હોય કે કર્મયોગી સંતો હોય, તેનાથી આખા દિવસ દરમિયાન જાણપણે કે અજાણપણે ભગવાન રાજી ના થાય એવું વર્તાયું હોય, કંઈ પાપ થયું હોય તો તે કેવી રીતે ટળે ? પાપ અને પુણ્ય એટલે શું ? ભગવાન રાજી થાય એવી પ્રવૃત્તિ કે કર્મ એ પુણ્ય અને ભગવાન રાજી ના થાય એવાં વિચાર, વાણી ને વર્તનથી જે કર્મ થાય એ પાપ. એટલે કે, નકારાત્મક પ્રવૃત્તિ એ ઉધાર પાસું અને સત્કર્મ થાય એ જમા પાસું. જમા પાસું એટલે પુણ્ય અને ઉધાર પાસું એટલે પાપ. ઉધાર પાસું વધી જાય તો માણસ દુઃખી થાય, જમા પાસું વધી જાય તો માણસ સુખી થાય.

આખા દિવસમાં આપણને કેવાં કેવાં માણસો મળતાં હોય છે ? ઘણાને ડંબેલ્સ જેવાં માણસો ભેગાં થઈ જતાં હોય છે. સંતોને તો સારું છે, પણ ગૃહસ્થોને તો કામધંધા માટે, વ્યવહાર માટે બધે ફરવાનું હોય, બધાંને મળવાનું હોય ત્યારે એમાં સારું-ખોટું બોલાયું હોય, સારું-ખોટું સાંભળ્યું હોય, સારું-ખોટું વિચારાયું હોય તો એ બધું માફ થાય કે ના થાય? મહારાજે કહ્યું કે, 'ભગવાનની મૂર્તિમાં એકાગ્ર થઈને ઘડી કે અર્ધ ઘડી પણ જો ભગવાનના ભજનમાં જોડાય તો સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે.' ઘડી એટલે ચોવીસ મિનિટ અને અર્ધ ઘડી એટલે બાર મિનિટ. ગોલા હિસાબે પંદર મિનિટ કે અડધો કલાક એકાગ્ર થઈને ભગવાનનું ભજન-સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરે તો પાપ બળીને બધું ખાખ થઈ જાય !

અત્યારે સાયન્સ પણ એના ઉપર કામ કરી રહ્યું છે. અમેરિકાના ન્યૂરો ફિઝિશ્યન, ન્યૂરો સર્જનોને એક વિચાર આવ્યો કે, એનો એ માણસ ઘણી વખત સારું કામ કરવા, સારી પ્રવૃત્તિ કરવા માટે એટલો બધો ઉત્તેજિત હોય, ઉત્સાહમાં હોય અને એ જ માણસ ઘણી વખત આસુરીભાવ-નકારાત્મકભાવની પક્કડમાં આવી જાય તો ગુસ્સે થઈ જાય, ખૂન કરી નાખે, બીજાનું બગાડી નાખે. આપણને પણ એમ થાય કે, એનાં બે સ્વરૂપ છે ? તો, આ છે શું ? એટલે તેઓ માણસના બ્રેઈનનો અભ્યાસ કરે છે. પછી રિસર્ચ કરતાં કરતાં તેમણે એક વસ્તુ શોધી કાઢી કે, જો કોઈ પણ વ્યક્તિ દિવસમાં પંદર મિનિટ કે અડધો કલાક ધ્યાન કરે, પ્રાર્થના કરે (સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભગવાનનું ભજન કરે), સારાં પુસ્તકો (શ્રીમદ્ ભાગવત, ભગવદ્ ગીતા, વચનામૃત, સ્વામીની વાતો) વાંચે, સ્વાધ્યાય કરે કે સારા માણસની સાથે વાર્તાલાપ કરે, સત્સંગ કરે, સારા વિચાર (એટલે કે, ગુરુના મહિમાના વિચાર) કરે; તો એના બ્રેઈનમાં રહેલા જે નકારાત્મક પૉઈન્ટ્સ કે જે એને ગુસ્સો કરાવે છે, ખોટું વર્તાવે છે, એ બધા પૉઈન્ટ્સ બદલાતા જાય અને માણસ સારો થતો જાય.

જે વાત સાયન્સ હવે કહી રહ્યું છે એ વાત સ્વામિનારાયણ ભગવાને ૨૦૦ વર્ષ પહેલાં આપણી આગળ કહી કે, ઘડી કે અર્ધ ઘડી – બાર મિનિટ કે ચોવીસ મિનિટ તમે જો ભગવાનનું એકાગ્ર ચિત્તે ભજન કરો તો તમારામાં રહેલો નકારાત્મકભાવ-આસુરીભાવ બળીને ખાખ થઈ જશે. તો જે ખોટું કર્મ થઈ ગયું, ખોટું બોલાઈ ગયું, ખોટું વિચારાઈ ગયું એનો જે પાશ અંદર પડ્યો છે એ વૉશઆઉટ થઈ જશે અને તો એ રોજબરોજના કામમાં દુઃખ નહિ ઉપજાવે. એટલે યોગીબાપાએ કહ્યું કે, 'રોજ ભજન કરો. અડધો કલાક ધૂન કરો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'

કોઈએ બાપાને પ્રશ્ન પૂછ્યો કે, 'બાપા અમે ધૂન કરીએ છીએ, પણ મન ચકડોળે ચઢે છે. બરાબર એકાગ્ર થઈને ધૂન થતી નથી.' સ્વાભાવિક છે કે, તમે ધૂન કરવા બેસો તો પંદર મિનિટ, અડધો કલાકની ધૂનમાં બે-ચાર મિનિટ એકાગ્રતા રહે. તો યોગીજી મહારાજ કહે, 'જુઓ, આપણા સ્થૂળ દેહ - ફિઝિકલ બૉડી ઉપર આપણો કન્ટ્રોલ છે, પણ સૂક્ષ્મ દેહ ઉપર આપણો કન્ટ્રોલ નથી.' આંખ બંધ કરીને મનને કહેવું કે, 'એય, બેસી રહેજે અહીં, આઘું પાછું ના થઈશ.' રસોડાવાળાનું મન રસોડામાં જતું રહે, ઘરવાળાનું ઘરે જતું રહે. ઘણા છોકરાને રમાડતા હોય, ઘણા બિઝનેસ કરતા હોય. મન આપણા કન્ટ્રોલમાં નથી. અને વળી તમે ના કહો તો પાછું વધારે કૂદકા મારે. આમ, સૂક્ષ્મ દેહ - મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર - જે ઈનર બૉડી છે એના ઉપર આપણો કન્ટ્રોલ નથી. આપણો કન્ટ્રોલ સ્થૂળ દેહ ઉપર છે. તો બાપા કહે, 'તમે સ્થૂળ દેહે કરીને ધૂન કરવા બેસી જાઓ, સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કર્યા કરો. બાકીનું બધું અમે કરી આપીશું.' આમ કરવાથી શું થશે ?

આ સભામાં કોઈ બહેન નાનું બાળક લઈને આવ્યાં હોય તો બાળક પહેલાં તો કુતૂહલવશ થઈ પાંચ-પંદર મિનિટ ખુશ થઈને શાંતિથી બેસી રહે. પણ પછી સભામાં થતી આત્મા-પરમાત્માની વાતોમાં એને કંઈ સમજ પડે નહીં એટલે બોર થાય ને ઉં...હું... ઉ...હું... કરે. એટલે એની મા કહે, 'બેસ છાનોમાનો, ચૂપ થઈ જા.' એટલે ચૂપ થઈ જાય, પણ થોડીવાર પછી પાછો ચાલુ કરે, ઉં...હું.. ત્યારે મા એને ધમકાવે એટલે રડવા માંડે, ભેંકડો તાણે. બધાનું ધ્યાન એ બહેન બાજુ જાય એટલે એ બહેનને ઊઠીને બાળકને લઈને સભાની બહાર જતું રહેવું પડે. પણ તમે સભામાં આવતાં બાળકને છૂટ્ટું ગાર્ડનમાં રમવા મૂકી દો. ખાલી એટલું જ જોવાનું કે, કોઈ વાહનોની અવરજવર થતી નથી ને ! એટલે કે કોઈ નુકસાન થાય તેમ નથી ને ! પછી ભલેને એ બહાર ગાર્ડનમાં કૂદ્યા કરે, ગુલાંટો મારે. બાળકની કૅપેસિટી કેટલી ? અડધો કલાક, પોણો કલાકમાં તો ગુલાંટો મારવાથી રમવામાં એની બધી ઍનર્જી ખલાસ થઈ જાય એટલે પાછું એની મમ્મીને શોધતું શોધતું આવે ને મમ્મીના ખોળામાં માથું મૂકીને સભામાં જ સૂઈ જાય. એમ બાપા કહે, 'મનની તાકાત કેટલી ?' એને કહેવું કે, જા ચંદ્રલોક સુધી ફરી આવ, હું ધૂન કરું છું. એક દિવસ, બે દિવસ, મહિનો, બે મહિના, વરસ, બે વરસ, પાંચ વરસ, પછી એક સમય એવો આવશે કે, પેલા બાળકની જેમ મનની ઍનર્જી ખલાસ થઈ જશે. એટલે મન પ્રશાંત, નિર્વિચાર અવસ્થામાં આવી જશે. લો, વિચાર કરો, વિચારવિહીન ! મગજ સાવ ખાલી નહીં થઈ જાય, પણ મન શાંત થઈ જશે, એકાગ્રતા આવી જશે. ધીરજ રાખીને ધૂન કર્યા કરો, પણ માણસને ધીરજ નથી રહેતી.

માણસ જન્મ્યા પછી ૨૫-૩૦ વર્ષ સુધી ડૉક્ટર થવા માટે ધીરજ રાખે છે, પણ ભજન કરવામાં વરસ-બે વરસ પણ ધીરજ રહેતી નથી. ધીરજ રાખીને ધૂન, ભજન, પ્રાર્થના કર્યા કરો. મહારાજ કહે છે કે, 'તો દિવસ દરમિયાન કરેલી ગમે તેવી પ્રવૃત્તિનો પાશ નહીં લાગે.' પાપ બળી જશે એટલે એનો પાશ નહીં લાગે, અંદરથી તમે ક્લિન રહેશો. માણસને તકલીફ કરાવે છે પાશ. પાશ પડી જાય છે ને બધા - જેને આપણે પ્રારબ્ધ કહીએ છીએ, એ પ્રારબ્ધ પછી રોજબરોજના જીવનમાં ઈન્ટરફિયર થાય છે. સુખી-દુઃખી કરે છે. પણ રોજનું રોજ ભજન કરે, પ્રાર્થના કરે એટલે પ્રારબ્ધ જેવું રહે જ નહીં, ચોખ્ખાચટ. ભગવાનની સ્મૃતિ સાથે આખો દિવસ આપણને આનંદ જ રહે.

**અને ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ તે એકાગ્ર થઈને જો ભગવાનના ભજનમાં ન જોડાય તો તેના ભજન થકી તો ઘડી કે અર્ધ ઘડીમાં પાપ ન બળે અને એનું જે કલ્યાણ તે તો ભગવાનને પ્રતાપે કરીને થાય. એનો એ જ ઉત્તર છે.**

કલ્યાણ તો આપણું ભગવાનના પ્રતાપે અને ભગવાનના આશરે કરીને થાય છે. ભગવાન મળ્યા, સત્પુરુષ મળ્યા તો કલ્યાણ તો થઈ રહ્યું. પણ જો સ્થૂળ દેહના ભાવો બદલવા છે, સૂક્ષ્મદેહના ભાવોને દૈવીભાવમાં પરિવર્તિત કરવા છે તો પછી ભજન, પ્રાર્થના, સેવા, સમાગમ કરવાં પડે.

***પછી રઘુવીરજીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! આ જીવનો મોક્ષ તે કેમ કરે ત્યારે થાય છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેને પોતાનું દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવાર એ સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવાં અને ભગવાનની સેવામાં જે પદાર્થ કામ ન આવે તો તેનો ત્યાગ કરી દેવો. એવી રીતે જે ભગવાન-પરાયણ વર્તે તે ગૃહસ્થાશ્રમી હોય તોય પણ મરે ત્યારે***

**પાપ અને પુણ્ય એટલે શું ?**
**ભગવાન રાજી થાય એવી પ્રવૃત્તિ એ પુણ્ય**
**અને ભગવાન રાજી ના થાય**
**એવાં વિચાર, વાણી ને વર્તનથી જે થાય**
**એ પાપ !**





**ભગવાન આપણું પ્રારબ્ધ લઈને**
**આપણને સુખી કરવા આવ્યા છે.**
**એમને નથી સોનું જોઈતું, નથી રૂપિયા જોઈતા.**
**એમને તો આપણે જેની સાથે બંધાયા છીએ,**
**જેમાં આસક્ત થયા છીએ**
**એમાંથી આપણને મુક્ત કરવા છે !**

***ભગવાનના ધામમાં નારદ-સનકાદિકની પંક્તિમાં ભળે અને પરમ મોક્ષને પામે. એનો એ જ ઉત્તર છે."***

સાંભળ્યું ? શું કહ્યું ? કઈ પંક્તિમાં ? નારદ-સનકાદિકની - સાધુની પંક્તિમાં મહારાજે ગૃહસ્થોને મૂક્યા. પણ એ માટે ફી ચૂકવવી પડે. ધન, ધામ, કુટુંબ, પરિવાર ભગવાનને અર્થે કરી દેવું એટલે, એ બધું અહીં લઈને નહીં આવતું રહેવાનું, પણ આપણું જે કંઈ છે તે બધું ભગવાનનું છે, ભગવાનની સેવામાં જ્યારે જરૂર પડે ત્યારે હિચકિચાટ ના કરવો, સમર્પિત થઈ જવું. પૂ. મહંત સ્વામી, પૂ. હરિપ્રસાદ સ્વામી, પૂ. અશ્વિનભાઈ, પૂ. શાંતિભાઈ, પૂ. રતિભાઈ, પૂ. સનંદભાઈ, પૂ. હર્ષદભાઈ, પૂ. પૂનમભાઈ, પૂ. વી.એસ.- આ સંતોની મહાનતા એ છે કે, તેઓ ૨૦-૨૨ વર્ષના હતા ત્યારે યોગીબાપાએ હાકલ કરી, કહ્યું કે, 'સાધુ થઈ જાવ !' તો 'કેમ થશે ?, શું થશે ?, 'આટલું લાંબું સાધુ થઈને કેવી રીતે જિવાશે ?, ફાવશે - નહીં ફાવે' એવો કશો વિચાર કર્યા વગર ખાબક્યા, જીવન સમર્પિત કર્યું. આ સંતોએ આખી જિંદગી ભગવાનને અર્થે સમર્પિત કરી દીધી છે એટલે તેઓ પ્રસન્નતાનું પાત્ર બની ભગવાનના દીકરા થઈ ગયા છે, એમનું ભગવાન જતન કરે છે. એ પંક્તિમાં આપણને મૂકવા છે. કઈ પંક્તિમાં ? સાધુની પંક્તિમાં. ભગવાન એવું નથી કહેતા કે બધું અહીં મૂકી જાવ, પણ ભગવાનને અર્થે કરી રાખો. ભગવાનની સેવામાં જ્યારે જરૂર પડે ત્યારે હિચકિચાટ ના કરો, આપી દો, સમર્પિત થઈ જાવ. તમને ખોટ નહીં જાય. આ બધા સંતોને કંઈ ખોટ ગઈ ?

ભગવાન આપણું પ્રારબ્ધ લઈને આપણને સુખી કરવા આવ્યા છે. એમને નથી સોનું જોઈતું, નથી રૂપિયા જોઈતા. એમને તો આપણે જેની સાથે બંધાયા છીએ, જેમાં આસક્ત થયા છીએ એમાંથી આપણને મુક્ત કરવા છે. અને એ વસ્તુ આપણી પાસેથી માંગી, એના પુણ્યના પ્રતાપે આપણને એનાથી મુક્ત કરે છે. જે આપણે એમને આપ્યું હોય એ ધોઈ-ચોખ્ખું કરીને અનંતગણું પાછું આપણને આપે છે. તમે કોઈ પાડોશીને ત્યાં શાકભાજી આપી આવો, કોઈ પાત્રમાં દૂધપાક-બાસુંદી આપી આવો, તો એ વાસણ કંઈ એવું ને એવું પાછું આપે આપણને ? ચોખ્ખું ચણાક કરીને ને એમાં સૂકો મેવો કે એવું કંઈક મૂકીને પાછું આપે. સામાન્ય ગૃહસ્થ પણ લેતી-દેતીમાં આવો વ્યવહાર કરે તો ભગવાન સાવ ગૃહસ્થથી પણ જાય ? એમને તો તમે સ્ટીલનું આપ્યું હોય તો સોનાનું બનાવીને આપે. પણ આપણને ધીરજ રહેતી નથી.

મહંત સ્વામી કહે, 'રૂપિયો મંદિરના ગલ્લામાં નાખ્યો એટલે મનમાં એમ થાય કે, આ રૂપિયો ગયો.' મંદિરમાં રૂપિયા નાખવાનું દાનપેટીમાં ખાનું હોય છે તેમાં ૧૦ રૂપિયા, ૧૦૦ રૂપિયા નાખે એટલે ઘણાને થાય કે, આ ગયો... ગયો. અને બેંકમાં આપણે જે રૂપિયા મૂક્યા હોય તે આપણા રહ્યા, પાસબુકમાં લખાય તે રહ્યો... રહ્યો... રહ્યો. પણ બેંકો ઊઠામણાં કરે તો બધાય પૈસા ગયા ને અહીં ભગવાનના ગલ્લામાં નાખ્યા એ જ રહ્યા.

માણસ વિચિત્ર પ્રાણી છે. જ્યાં ઈન્વેસ્ટમેન્ટ કરવાનું હોય ત્યાં નથી કરતો અને જ્યાં નથી કરવાનું ત્યાં ફાંફાં મારીને કરે છે. એટલે આ યુગનો મોટામાં મોટો ચમત્કાર કે અજાયબી કહો તો એ છે કે, ભગવાનના કાર્યમાં એની ચાંચ ખૂંપતી નથી અને જેમાં ચાંચ નથી ખુંપાડવાની એવા વ્યવહારમાં-સંસારમાં એની ચાંચ બહુ ખૂંપે છે. એટલે મહારાજ કહે, અમે શું કરીએ ? તમે જાતે દુઃખી થાવ છો. બાકી, જો સમજદારી રાખીને જીવન જીવો તો માનવ દેહે સુખ, સુખ ને સુખ જ છે. એટલે સ્વામિનારાયણ ભગવાને કહ્યું, 'ધન, ધામ, કુટુંબ, પરિવાર ભગવાનને અર્થે કરી રાખો, ભગવાનનું માનીને વાપરો.' આ ગાડી પ્રભુની છે. અરસપરસ ધણી-ધણિયાણી પ્રભુએ આપેલી ભેટ છે એવા ભાવથી જો પ્રવૃત્ત રહો તો સંસાર પણ દિવ્ય છે, સંસાર પ્રભુનો પ્રસાદ બની જતાં તે ભોગવવા છતાં તેમાંથી ભોગનો ભાવ નીકળી જશે, અપેક્ષાઓ જતી રહેશે, કકળાટ-કંકાશ જતા રહેશે; કેટલો મોટો ફાયદો !

***શ્રીજી મહારાજ પછી પોતાની ઈચ્છાએ કરીને બોલતા હવા જે, "અમે જે દિવસથી વિચારીએ છીએ તે દિવસથી અમારી નજરમાં એમ આવે છે જે, જીવના કલ્યાણને અર્થે ત્રણ અંગ છે તે અતિ સુખદાયી છે."...***

તમે જુઓ, આ પૃથ્વી પર માણસની છ અબજની વસ્તી છે છતાં કોઈ ફરમો રિપીટ થતો નથી. ઍક્સિડન્ટલી કોઈ બે-પાંચ માણસ સરખાં લાગે તો બંનેનાં સ્વભાવ-પ્રકૃતિ ભિન્ન હોય. એકને બટાકા ભાવે તો બીજાને કારેલા ભાવે. સરખો ફરમો હોય તોપણ દરેકની પ્રકૃતિ બદલાય. સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, સમજણ, પ્રીતિ ને દાસત્વ-વિશ્વાસ; ત્રણ અંગના મિશ્રણથી માણસનો

સ્વભાવ ને પ્રકૃતિ બને છે. એટલે ભક્તિ પણ ત્રણ અંગે થાય છે. મહારાજનું ભજન ત્રણેય અંગવાળા ભક્તો પોતપોતાની રીતે કરે છે. ઘણા બેઠા હોય તો ઘણા ધ્યાન કરતા હોય. ઘણાને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરે તો મજા આવે તો ઘણાને કથા-વાર્તામાં મજા આવે. દરેકનાં અંગ જુદાં જુદાં હોય. ઘણાને સેવાનું અંગ હોય તો સેવા જ કર્યા કરતા હોય.

ત્રણ અંગ કહ્યાં. એક તો અતિશય આત્મનિષ્ઠા એટલે સમજણ-બુદ્ધિપ્રધાન. સમજણવાળો એટલે જ્ઞાની. આત્મનિષ્ઠા એટલે સત્પુરુષને પોતાનો આત્મા માની વર્તે. 'અક્ષરં અહમ્' અક્ષરરૂપ એવા સાધુ એ મારું સ્વરૂપ છે. જેમ સ્ત્રી છે એની આઈડેન્ટિટી જુદી છે, એનું દેહ જુદું છે, પણ જે પુરુષને પરણી એ પુરુષને પ્રભુનું સ્વરૂપ માનીને એનામય થઈને જીવન જીવે, તો એનું અસ્તિત્વ એમાં વિસર્જિત થઈ ગયું. એમ, સત્પુરુષને પોતાનું સ્વરૂપ માનીને એ મય રહેવા પોતાના અસ્તિત્વનું વિસર્જન કરી નાખે એ આત્મનિષ્ઠા. આત્મામાં રહેલા પરમાત્માને પ્રકાશિત કરવો એટલે સત્પુરુષ પ્રભુનું સ્વરૂપ છે એમનામાં જોડાઈ, આત્મામાં રહેલો પ્રકાશ એને એ પ્રકાશિત કરે એટલે પોતાનો ભાવ છૂટી જાય.

બીજું અંગ પ્રીતિનું એટલે પતિવ્રતાપણું. પોતાને જે ગુરુને વિષે, જે ભગવાનને વિશે ભાવ થયો એને પરમેશ્વરનું સ્વરૂપ માને. જેમ સ્ત્રી જે પુરુષને પરણી પછી બીજા એના પતિ કરતાં ગમે એટલા સારા પુરુષ હોય, દેખાવડા હોય, બળવાન હોય, પૈસાદાર હોય પણ એના માટે તે બાપ, દીકરા કે ભાઈ સમાન છે. એક પતિ જ એનો પરમેશ્વર. એમ જે ગુરુ અને જે ભગવાનને વિશે ભાવ થયો એમને પોતાના ઈષ્ટદેવ માની, એમને જ વિશે એક અડીખમ નિષ્ઠા રાખીને એમની આજ્ઞામાં જડબેસલાક રહે, એમનું જ ચિંતવન કરે, એમની જ મૂર્તિ ધારે, એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવવાનો આલોચ રાખે એ પતિવ્રતાપણું.

ત્રીજું દાસપણાનું અંગ-વિશ્વાસનું અંગ કે, આ જ મારા કલ્યાણદાતા ! બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, 'આખી દુનિયામાં હું જોઉં છું કે, તમારા જેવો કોઈ ભગવાન નથી. જો હોત તો હું ત્યાં જતો રહેત, પણ કલ્યાણ અહીંયાં જ છે.' જે સત્પુરુષ મળ્યા, જે ભગવાન મળ્યા એ જ મારા કલ્યાણદાતા છે. મારું હિત એ જ કરશે, એવા પરમ વિશ્વાસથી, દાસત્વભાવે સેવા-ભક્તિ કરે.

*"હનુમાનજી તથા ઉદ્ધવજીની પેઠે દાસભાવે ભગવાનનું ભજન કરવું."*

શુકદેવજી આત્મનિષ્ઠ પુરુષ. ગોપીઓએ પતિવ્રતાપણે ભક્તિ કરી, કૃષ્ણનો પ્રભુરૂપે - પતિરૂપે સ્વીકાર કર્યો. અને હનુમાનજીએ રામચંદ્ર ભગવાનના દાસ થઈને સેવા કરી તો આ બધાંય પ્રભુનાં સ્વરૂપ થઈ ગયાં, અત્યારે પૂજાય છે.

શુકદેવજી મુનિ વેદવ્યાસના દીકરા. પૂર્વના જબરદસ્ત યોગભ્રષ્ટ આત્મા. હું આણંદ ૧૯૫૨માં ભણવા આવ્યો તે પહેલાં વડોદરામાં ટૉકિઝમાં ફિલ્મ જોયેલી, પણ આણંદમાં મેં પહેલામાં પહેલી શુકદેવજી ઉપર બનેલી ફિલ્મ 'શુકરંભા' ગોપાલ ટૉકિઝમાં જોઈ હતી. એમાં આ આખું બતાવ્યું છે. શુકદેવજી ભગવાનરૂપ મુનિ વેદવ્યાસના દીકરા હતા. તેઓ અઢાર વર્ષના થયા ત્યારે એમને થયું કે, મારે સંસારમાં જવું નથી. એટલે સાધુ થવા અડધી રાત્રે ઘર છોડીને જંગલમાં ભાગ્યા. સવારે ખબર પડતાં મુનિ વેદ વ્યાસ પાછળ દોડ્યા. પણ આ તો દૂર નીકળી ગયા હતા. એટલે વેદવ્યાસે બૂમ પાડીને કહ્યું, 'હે શુકદેવજી ! ઊભા રહો. હું તને પાછો આવવા માટેનું નથી કહેતો. તું સંસાર છોડીને સંન્યાસ લેવા જાય છે એટલે હું બહુ રાજી છું. જે હું નથી કરી શક્યો એ તું કરી રહ્યો છે તેથી હું ખૂબ ખુશ છું. પણ એટલું યાદ રાખ કે, આ પૃથ્વીના ગોળા ઉપર સંસાર ક્યાં નથી ? પૃથ્વીના ગોળા ઉપર એવી કોઈ જગ્યા નથી કે જ્યાં સંસાર ના હોય ! સંસાર તારા હૃદયમાં છે, એ સંસારથી છૂટવા માટે કોઈ તપ-વ્રત કામ નહીં લાગે. પણ તારે સાચી સાધુતા પ્રાપ્ત કરવી હોય તો જનક રાજાને તારા ગુરુ બનાવજે-એ કહેવા મેં તને ઊભો રાખ્યો છે. બીજે ક્યાંય ફાંફાં ના મારીશ. તપ-વ્રત કરીશ તો તારી પાસે રિદ્ધિ-સિદ્ધિ, ચમત્કારોની વિદ્યા એવું બધું બહુ આવશે. એનાથી તું પુજાઈશ, પણ આંતરિક સાધુતા ખીલવવી હોય તો ગુરુ જોઈશે, અને એવા જનકને તું ગુરુ બનાવજે.' અને શુકદેવજીએ જનક રાજાને ગુરુ બનાવ્યા, એમાં એ શ્રી કૃષ્ણનું સ્વરૂપ થઈ ગયા.

શુકદેવજીને લોભાવવા માટે ઈન્દ્ર રાજાએ રંભા નામની અપ્સરાને મોકલી. રંભાએ કહ્યું, 'મારે તમારી સાથે લગ્ન કરવું છે.' શુકદેવજી ખૂબ તેજસ્વી ને રૂપવાન યુવાન હતા અને તપ-વ્રતને લીધે એમના મુખારવિંદ ઉપર ખૂબ દિવ્ય તેજ હતું. શુકદેવજી ઊભા થયા ને કહ્યું, 'અહીં આવ, મારી સામું જો!' તેમણે

> 'અક્ષરં અહમ્'
> અક્ષરરૂપ એવા સાધુ એ મારું સ્વરૂપ છે.
> સત્પુરુષને પોતાનું સ્વરૂપ માનીને
> પોતાના અસ્તિત્વનું વિસર્જન કરી નાખે
> એ આત્મનિષ્ઠા.





> જે ગુરુ અને જે ભગવાનને વિશે ભાવ થયો
> એમને પોતાના ઇષ્ટદેવ માની,
> એમને વિશે અડીખમ નિષ્ઠા રાખી, એમનું જ ચિંતવન કરે,
> એમની જ મૂર્તિ ધારે, અને એમની આજ્ઞા પ્રમાણે
> જીવન જીવવાનો આલોચ રાખે
> એ પતિવ્રતાપણું.

આંખ બંધ કરી. શરીરનો ઉપરનો બધો ભાગ નીકળી ગયો, સ્કેલેટન-હાડકાનો આખો દેહ બતાવ્યો. રંભા તો ગભરાઈ ગઈ. ત્યારે શુકદેવજી કહે, 'આની સાથે તારે લગ્ન કરવું છે ? ઉપર જે સારું દેખાય છે પણ એની અંદર આ બધું છે. આની સાથે પરણીને તું શું કરીશ?' પેલી અપ્સરા શુકદેવજીને લોભાવવા આવી હતી, પણ એ શુકદેવજીની શિષ્યા બનીને ભજનમાં લાગી ગઈ. આ વસ્તુ ફિલ્મમાં મેં જોઈ ત્યારે મારી ઉંમર ૧૨-૧૩ વર્ષની હતી. યુવાનીમાં પ્રવેશ કરતો હતો. ત્યારે મારા જીવનનો આદર્શ નક્કી થયો. મને થયું કે, જો હું ભગવાનને માર્ગે ચાલીશ તો મારે શુકદેવજી જેવા થવું છે. શુકદેવજી મારો આદર્શ હતા. એ શુકદેવજીની જ શ્રીજી મહારાજ વાત કરે છે - આત્મનિષ્ઠ પુરુષ ! એને કોઈ ડરાવી-ડગાવી-લોભાવી ના શકે. કોઈ પ્રલોભન એને સાધુના માર્ગેથી પાડી ન શકે.

અત્યારે બ્ર.સ્વ. યોગીબાપાએ બનાવેલ આપણા આ સંતો એવા શુકદેવજી જેવા જ છે. શાંતિભાઈ, અશ્વિનભાઈ અને એક એક વ્રતધારી સાધુને તમે જુઓ ! શાસ્ત્રોમાં જે સંતોનાં વર્ણન છે એ સંતો આપણી જોડે બેઠા છે. આ સંતોની સાથે રહીને આપણે ભક્તિ કરી રહ્યા છીએ. એમને પોતાનું સ્વરૂપ માનીએ, એમને આપણો આત્મા માનીએ તો આપણી પણ એવી સ્થિતિ થઈ જાય. પણ આપણા જેવા થઈને આપણી સાથે છે એટલે આપણને એમનો યથાર્થ મહિમા નથી. જે ગોપીઓની વાત થાય છે, જે શુકદેવજીની વાત થાય છે, જે હનુમાનજીની વાત થાય છે, પરોક્ષમાં જે ભક્તો થઈ ગયા અને જેમનાં ગુણગાન ને મહિમા ગાઈએ છીએ ; એવા જ ભક્તો આપણી સાથે આ સભામાં બેઠા છે. પ્રભુને એ સમજણથી આપણને જીવતા કરવા છે.

***"પતિવ્રતાનું જે અંગ છે તે તો વ્રજની ગોપીઓના જેવું જોઈએ."***

વ્રજની ગોપીઓ પરણેલી હતી, પણ એ તો દેહના પતિ. એમના આત્માનું પરમાત્મા સાથે જોડાણ હતું એટલે દેહના ભાવથી ઉપર ઊઠીને ભગવાનને પ્રેમ કરતી હતી. આત્માનો પરમાત્મા સાથે પ્રેમ હતો. એમાં ભોગ નહોતો, કોઈ આકર્ષણ નહોતું, કોઈ અપેક્ષા વગરનો નૅચરલ પ્રેમ હતો. ભગવાનને અર્થે સમર્પિત થઈને, ભગવાનની સ્મૃતિમાં રહીને, કેવળ ભગવાન તરફ દૃષ્ટિ રાખીને પોતાના ધણીને-છોકરાંને-ગાયોને સાચવતી હતી, એમની રસોઈ બનાવતી હતી, એમને જમાડતી હતી, ગાયો દોહતી હતી, દૂધ વેચતી હતી, છોકરાઓને ભણાવતી હતી. દેહે કરીને એ બધી પ્રવૃત્તિઓ કરતી હતી, પણ આત્માએ કરીને શ્રી કૃષ્ણ પરમાત્મામાં લયલીન થઈ ગઈ હતી. કૃષ્ણની સ્મૃતિ કરીને બધું કરતી હતી તો નિર્લેપ થઈ ગઈ. હનુમાનજી વાનર હતા. પણ રામચંદ્ર ભગવાનમાં લયલીન થઈને દાસત્વભાવે ભક્તિ કરી તો ભગવાન તરીકે પૂજાય છે. અત્યારે દુનિયામાં વધારેમાં વધારે મંદિરો હનુમાનજીનાં છે.

'શ્રીમદ્ ભાગવત'ની કથા કેટલી બધી થાય છે ! બધે કથામાં ટોળેટોળાં ઊભરાય છે, પણ એ કોઈનુંય કલ્યાણ થયું સાત દિવસમાં ? સૌને સારા સંસ્કાર થયા. પરીક્ષિત રાજાનું સાત દિવસમાં મૃત્યુ થવાનું હતું, પણ શુકદેવજીના મુખારવિંદથી કથા સાંભળીને સાત દિવસમાં મોક્ષ થઈ ગયો. કારણ કે, શુકદેવજી શ્રી કૃષ્ણ પરમાત્માનું સાકાર સ્વરૂપ હતા. કૃષ્ણ પરમાત્માએ દેહ છોડ્યા પછી શુકદેવજી થકી પ્રભુ પ્રગટ હતા. એ સંતના મુખારવિંદથી પરીક્ષિતે 'શ્રીમદ્ ભાગવત'નું રસપાન કર્યું તો 'હું પરીક્ષિત છું' એ માનવીય-માયિક ભાવ જતો રહ્યો. કાલે મૃત્યુ આવતું હોય તો આજે આવે ને આજે આવતું હોય તો હમણાં આવે-નો પ્રૉબ્લેમ ! મૃત્યુ મારા દેહનું થશે, પણ મારો આત્મા તો પ્રભુનો છે, તે પ્રભુ સાથે લયલીન થઈ જશે. પરીક્ષિતે મૃત્યુ પર આવો વિજય મેળવ્યો હોય કે'તાં મોક્ષ થયો હોય તો તે શુકદેવજીની વાતોથી.

***"જેમ ગોપીઓએ જે દિવસ થકી શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણારવિંદનો સ્પર્શ કર્યો તે દિવસ થકી જેટલાં સંસાર સંબંધી જે સુખ તે સર્વે ઝેર જેવાં થઈ ગયાં..."***

શ્રી કૃષ્ણ પરમાત્માનો જે ઘડીએ ગોપીઓએ ચરણસ્પર્શ કર્યો તે જ ઘડીથી સંસારની બધી વિટંબણાઓ - સંસાર છૂટી ગયો. એક વખત આ વચનામૃત વંચાતું હશે તે એક મુક્તરાજે યોગીબાપાને પ્રશ્ન પૂછ્યો, 'ગોપીઓએ એક જ વખત ચરણસ્પર્શ કર્યો ને એમાં સંસાર સંબંધી બધાં સુખ છૂટી ગયાં. અને અમે તો રોજ બાપા તમને પગે લાગીએ છીએ, કોથળો ભરીને તમારી પ્રસાદી ખાઈ ગયા છીએ, કેટલી બધી કથા સાંભળીએ છીએ તોપણ અમારો સંસાર કે સંસાર તરફના ભાવો ટળતા નથી તેનું શું કારણ છે ?' ત્યારે બાપા પણ હસી પડ્યા.

બાપા ભલે ઓછું ભણેલા, પણ બાપા જેવા ઈન્સન્ટ જવાબ આપનાર કોઈ જોયા નથી. યોગીજી મહારાજનો જવાબ એટલો સૉલિડ હોય કે પછી

તમને ફરી પ્રશ્ન જ ના ઊઠે. બાપા કહે, 'એનું તો એમ છે કે, ગોપીઓએ શ્રી કૃષ્ણ પરમાત્માને વરવા માટે, એમના થઈને જીવવા માટે દેહ ધારણ કર્યો હતો. આપણા કેસમાં એવું છે કે, ભગવાને આપણા માટે દેહ ધારણ કર્યો છે, એટલે ઊંધું વેતરાઈ ગયું છે.' મુક્તો શું બોલે પછી ? ગોપીઓનો ભાવ એવો, 'અહોહો ! મારા પ્રભુને અર્થે જીવન સમર્પિત છે! આવા ભાવથી ગોપીઓએ ચરણસ્પર્શ કર્યો તો સંસાર છૂટી ગયો.

***"...તેમ જેને પતિવ્રતાના અંગની ભક્તિ હોય તે ગમે તો ઈન્દ્ર જેવો રૂપાળો પુરુષ હોય તથા દેવતા જેવો હોય તથા કોઈક રાજા હોય ને તેને જ્યારે દેખે, ત્યારે જેમ સડેલ કૂતરાને દેખે અથવા વિષ્ટાને દેખે ત્યારે અતિશય ગ્લાનિ પામીને દૃષ્ટિ પાછી ખેંચી લે છે. તે માટે જેની એક ભગવાનને વિષે જ પતિભાવે કરીને વૃત્તિ જોડાણી છે તેનું બીજા કોઈ પુરુષને દેખીને મન રાજી થાય જ નહીં."***

કોઈ સ્ત્રીને પોતાના ધણી કરતાં વધારે પાવરફુલ, વધારે દેખાવડો, વધારે પૈસાદાર પુરુષ હોય એમાં એનું મન લોભાય નહીં, એમ સ્વામિનારાયણ ભગવાને કહ્યું. ઘણા ભક્તોનું કામ ના થાય, ધંધો-વ્યાપાર ના ચાલે ત્યારે વિચારે કે, આટલું ભજન કર્યું, આટલી પ્રાર્થના કરી તોય આપણું દળદર ફીટતું નથી તો લાવો તિરુપતિ જઈ આવીએ, વૈષ્ણોદેવી જઈ આવીએ, અમરનાથની યાત્રા કરી આવીએ, નાસિક જઈને સાંઈબાબાને મુગટ ચડાવી આવીએ એમ દોરા-ધાગા કરી પોતાના કામ માટે બીજે ફાંફાં મારે છે; એવું જે થાય છે એ પતિવ્રતાની ભક્તિ ના કહેવાય. કોઈક સ્વાર્થ માટે આપણે ભક્તિ કરીએ છીએ. આત્માના કલ્યાણ માટે ભક્તિ કરતા હોઈએ અને જે પ્રભુમાં, જે ગુરુમાં પ્રેમ છે - એ મારે કે તારે, પણ મારા કલ્યાણદાતા એ જ છે, કર્તા-હર્તા પણ એ જ છે; એવા ભાવથી એમને જ વળગીને ભક્તિ કરીએ એ પતિવ્રતાપણું. બીજી કોઈ જગ્યાએ મન લોભાય જ નહીં. બીજી કોઈ જગ્યાએ એનું મન રાજી ના થાય. પોતાના ઈષ્ટદેવ, પોતાના ગુરુની સર્વોપરીભાવે ભક્તિ કરે, ભજન કરે.

***"અને ત્રીજું જેને દાસભાવે કરીને ભક્તિનું અંગ છે તેને પણ પોતાના જે ઈષ્ટદેવ છે તેનું જ દર્શન ગમે અને તેની જ વાર્તા સાંભળવી ગમે ને પોતાના ઈષ્ટદેવનો જ સ્વભાવ ગમે અને તેની જ પાસે રહેવું ગમે."***

'સુનૃત'માં બાપાએ લખ્યું છે કે, "એમની પાસે બેસવું ગમે, એમનાં દર્શન ગમે, એમની વાત ગમે, એમનો સ્વભાવ ગમે અને એમની પાસે રહેવું ગમે." એ દાસત્વભક્તિનો ગુણ છે.

***"એવો પ્રીતિવાન હોય તો પણ પોતાના ઈષ્ટદેવની સેવા સારુ ને રાજીપા સારુ રાત-દિવસ એમ ઈચ્છ્યા કરે જે, 'મને મારા ઈષ્ટદેવ કાંઈક આજ્ઞા કરે તો હું અતિશય હર્ષે કરીને કરું.' પછી પોતાના ઈષ્ટદેવ છે તે આજ્ઞા કરે તો છેટે જઈને રહે તો પણ રાજી થકો રહે, પણ કોઈ રીતે અંતઃકરણમાં ખેદ પામે નહીં અને આજ્ઞાને વિષે જ પરમ આનંદ માને. એ દાસત્વભક્તિની ઉત્તમ દશા છે. એવા દાસત્વભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી છે અને બીજા મુક્તાનંદ સ્વામી છે."***

દાસત્વભક્તિવાળા આજ્ઞા જડબેસલાક પાળે. પ્રીતિવાળા સહેજે સહેજે મૂર્તિનું મનન-ચિંતવન ખૂબ કરે. અને આત્મનિષ્ઠાવાળા મહિમા બહુ સમજે. મહારાજે મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીને દાસત્વભક્તિવાળા કહ્યા.

***"અને એ ત્રણે અંગવાળા જે ભગવાનના ભક્ત તેમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પક્ષ છે અને એથી જે બહાર રહ્યા તે તો કેવળ પામર કહેવાય. માટે એ ત્રણમાંથી એક અંગ પૂરિપૂર્ણ થાય ને તે કેડ્યે દેહ મૂકે તે તો ઠીક છે અને એ ત્રણમાંથી એકેય અંગ જેને પરિપક્વ ન થયું હોય ને તેને જે મરવું તે ઠીક નથી અને તે તો પાંચ દહાડા વધુ જીવે ને પોતાની અણસમજણને ટાળીને ને એ ત્રણ અંગમાંથી કોઈક એક અંગને દૃઢ કરીને મરે, એ જ ઠીક છે."***

આપણા દરેકમાં આ છે જ. એટલે જે આત્મનિષ્ઠ હોય, બુદ્ધિપ્રધાન હોય એને તર્ક-વિતર્ક કર્યા કરે, શંકા-આશંકા થતી હોય, પ્રશ્નો બહુ ઊઠતા હોય. એને ભગવાન ને સાધુનો, ભક્તનો મહિમા સમજવાનો - 'અહોહો ! આવા પ્રભુ મળ્યા ! આવા સંતો મળ્યા ! ધન્ય થઈ ગયો !' આવા મહિમાના વિચારમાં રહેવાનું. પછી પ્રેમલક્ષણા ભક્તિ - જેને હેત હોય, પ્રીતિ હોય એ આંખ બંધ કરે એટલે ટેલિવિઝનના સ્ક્રીનની જેમ બધું દેખાય; આ ચિત્તની ભૂમિકા છે.

**બુદ્ધિપ્રધાન હોય એ તર્ક-વિતર્ક કર્યા કરે,**
**શંકા-આશંકા થતી હોય, પ્રશ્નો બહુ ઊઠતા હોય.**
**એને ભગવાન ને સાધુનો, ભક્તનો મહિમા સમજવાનો,**
**'અહોહો ! આવા પ્રભુ મળ્યા ! આવા સંતો મળ્યા !**
**ધન્ય થઈ ગયો !'**
**આવા મહિમાના વિચારમાં રહેવાનું.**



તો એણે ભગવાન, સાધુ ને ભક્તોમાં જ પ્રેમ. ભગવાન ને સાધુને વિષે થાય એવો પ્રેમ કોઈ જગ્યાએ નહીં. અને અખંડ એમનું મનન-ચિંતવન-સ્મૃતિ કરવાનો આલોચ રાખવાનો. અને ત્રીજો દાસત્વભાવ. એમણે જે આજ્ઞા આપી એનું અનુસંધાન રાખીને રોજબરોજની ક્રિયાઓ કરવાની એ દાસત્વભાવ. આપણે આ ત્રણ અંગમાંથી એક અંગ સૉલિડ કરી દેવું.

*"અને વળી આ જીવનો તો એવો સ્વભાવ દેખાય છે જે, જ્યારે ગૃહસ્થાશ્રમમાં હોય ત્યારે સંસારનો ત્યાગ કરવો ગમે અને જ્યારે ત્યાગ કરે છે ત્યારે પાછા સંસાર સંબંધી સુખના ઘાટ થયા કરે. એવી રીતે એ જીવનો અવળો સ્વભાવ જણાય છે."*

સંસારમાં ગૃહસ્થીને કકળાટ થાય ત્યારે એને એમ થાય કે, 'ચાલો આના કરતાં તો ત્યાગી થઈ જઈએ.' અને ત્યાગી થયા પછી પાછું ગરમ ગરમ રોટલી ને ઢેબરાં સાંભરે એટલે પછી થાય કે, 'ચાલો ગૃહસ્થ થઈ જઈએ.' એમાં બંને બગડે ને! મહારાજ કહે, એવું નહીં કરવું. પણ જીવનો અવળો સ્વભાવ છે. જ્યાં ભીડો પડે, જ્યાં તકલીફ પડે ત્યાંથી ભાગવાની વાત કરે. ગૃહસ્થ થયા હોવ તો ફુલફ્લેજ ગૃહસ્થ જીવનને દિવ્ય બનાવવું. પ્રશ્નો તો ત્યાગીને પણ આવવાના છે, કારણકે, પ્રશ્નો તો અંદર છે. એનું સૉલ્યુશન – આત્મનિષ્ઠ પુરુષ હોય તો તે ભગવાનનો મહિમા સમજે, વધુ ને વધુ મહિમા ગાય-સાંભળે-વિચારે. પ્રીતિના અંગવાળો સ્મૃતિ કરે અને દાસત્વવાળો એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવી સેવા કર્યા કરે; તો જે જ્યાં છે ત્યાં બધા પ્રશ્નો આપોઆપ સોલ્વ થશે અને ગૃહસ્થાશ્રમ પણ દિવ્ય થશે, ત્યાગાશ્રમ પણ દિવ્ય થશે.

*"માટે જે ભગવાનના દૃઢ આશ્રિત હોય તેને તો એવા અવળા સ્વભાવનો ત્યાગ કરીને પોતાના મનનું ગમતું સર્વે મૂકીને ભગવાનને ભજવા અને ભગવાન વિના બીજી સર્વે વાસનાને ટાળીને મરવું તે જ ઠીક છે."*

પોતાના મનનું ગમતું છોડી દો ! ગુરુમુખી બનો. એવું મહારાજનું કહેવું છે. ગુરુમુખી રહીને ભક્તિ કરીશું તો જ્યાં છીએ ત્યાં સુખિયા સુખિયા રહેવાશે. સંસાર છોડીને મંદિરમાંય મનમુખી વર્તશો તો કશું થશે નહીં, ખા ગયા-ખો ગયા જેવું થશે. ખાવા-પીવાનું, હરવા-ફરવાનું તો ભગવાનનો આશરો છે એટલે મળવાનું. પણ આધ્યાત્મિક ઊંચાઈ પર જવું હોય તો ગુરુમુખી – ગુરુની આજ્ઞામાં રહીને ભક્તિ કરો.

*"...અને ભગવાનનો જે ભક્ત હોય તેને તો જે જે પ્રકારનાં દુઃખ આવે છે તે દુઃખના દેનારા કાળ, કર્મ, માયા એમાંથી કોઈ નથી."*

*"એ તો ભગવાન જ પોતાના ભક્તની ધીરજ જોવાને અર્થે દુઃખને પ્રેરે છે અને પછી જેમ કોઈક પુરુષ પડદામાં રહીને જુએ, તેમ ભક્તની ધીરજને ભગવાન ભક્તના હૃદયમાં રહીને જોયા કરે છે. પણ કાળ, કર્મ, માયાનો શો ભાર છે જે, ભગવાનના ભક્તને પીડી શકે? એ તો ભગવાનની ઈચ્છા છે, એમ જાણીને ભગવાનનો ભક્ત હોય તેને મગન રહેવું."*

મહારાજ કહે છે કે, કાળ, કર્મ, માયાની શું તાકાત છે કે, એ મારા ભક્તને દુઃખી કરી શકે. પણ અમારી પ્રેરણાથી જ ભક્તની ધીરજ, ભક્તની નિષ્ઠા, અમારા તરફનો ભક્તનો પ્રેમ એની ચકાસણી કરવા આ બધું કરતા હોઈએ છે. આપણે એમાં ફેઈલ નથી જવું. પણ ભગવાનને કર્તા-હર્તા માની, ધૂન-ભજન-પ્રાર્થના કરવાં છે અને દુઃખનો ટાળનાર પ્રભુ તું જ છું, સુખનો આપનાર પણ તું જ છું, એમ જાણીને આપણે 'મગન' રહેવું એટલે કે આનંદમાં રહેવું.

*મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! એ ત્રણ જે અંગ તમે કહ્યાં, તે વાત તો અતિ ઝીણી છે ને કઠણ છે, તે કોઈકના જ સમજ્યામાં આવે ને કોઈકના જ વર્ત્યામાં આવે પણ સર્વેને ન આવે. અને આ સત્સંગમાં તો લક્ષાવધિ મનુષ્ય છે, તે સર્વેને તો આ વાર્તા સમજવી કઠણ છે. માટે તે કેમ કરે ત્યારે તેનું રૂડું થાય ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "તે તો એ ત્રણ અંગવાળા માંહેલો જે હરિભક્ત હોય તેનો દાસાનુદાસ થઈને તેની આજ્ઞામાં રહે, તો તે કાંઈ ન સમજતો હોય તો પણ એ છતી દેહે જ ભગવાનનો પાર્ષદ થઈ રહ્યો છે ને કૃતાર્થ થઈ રહ્યો છે. અને આ સંસારને વિષે ભગવાન ને ભગવાનના ભક્તનો તો મહિમા અતિશય મોટો છે, તે ગમે તેવો પામર ને પતિત જીવ હોય પણ ભગવાન કે ભગવાનના ભક્તને આશ્રિત થાય તો તે જીવ કૃતાર્થ થઈ જાય છે; એવો ભગવાન ને ભગવાનના ભક્તનો મહિમા છે."*

જોયું ! એવા સત્પુરુષની કે એવા ભક્તની આજ્ઞામાં રહી દાસત્વભાવથી ભક્તિ કરે તો બધું આવી જાય. ભગવાનના સંતનો ને ભગવાનના ભક્તનો મહિમા અતિશય મોટો છે. 'અતિશય' શબ્દ વાપર્યો છે. ભગવાનનો આશ્રિત થાય એટલે કૃતાર્થ થઈ જાય છે. એટલે ભગવાનના આશ્રિત જે ભક્તો છે એનાં ગુણગાન ને મહિમા ગાવ ને થાય એટલી સેવા કરો, પણ એના દોષ જોશો નહીં, દોષ સાંભળશો નહીં, એનું ખોટું કરશો નહીં. આટલો નિયમ પાળશો તોય ભગવાન બહુરાજી થશે.

*"માટે જેને ભગવાનના ભક્તની સેવા પ્રાપ્ત થઈ તેને તો નિધડક રહેવું."*

મહારાજ મુક્તાનંદ સ્વામીના પ્રશ્નના જવાબમાં બધી વાતો આપણને કરે છે. આપણા હૈયામાં રહેલી માહાત્મ્યરૂપી જે કસર છે એ જ એમને ટાળવી છે અને એ કસર ટાળવા માટે મહારાજે આ 'વચનામૃત'માં મહિમાની ખૂબ વાતો કરી છે. આપણે સંતોનો, ભક્તોનો મહિમા જેટલો સમજીશું, જેટલો ગાઈશું, જેટલો સાંભળીશું અને તેઓ ઘરે આવે ત્યારે કે આપણે અહીંયાં આવીએ ત્યારે – જ્યારે પણ ચાન્સ મળે ત્યારે એમની સેવા અહોહોભાવે, આનંદપૂર્વક, પ્રભુના ભાવથી કરીએ તો બીજું કોઈ વિશેષ તપ, વ્રત કરવાની જરૂર જ નથી એમ મહારાજ કહે છે. આવો મહિમા દિવસે દિવસે પ્રભુ સાથે ભક્તોનો ને સંતોનો વધતો રહે એવી પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થના !

જય સ્વામિનારાયણ ! ◆

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

**નૂતન** મંદિર નિર્માણ થઈ રહ્યું છે.
તે શુભ મંગલે આપણી પ્રાર્થના !

*અક્ષરના હે ધામી... શ્રીજી...*
*સ્વામી સંગે આવો ને...*
*હૃદય અમારાં હે સાહેબજી !*
*મંદિર રૂડાં બનાવોને...!!!*

...આપણી પ્રાર્થના સાંભળી સાહેબજીએ
સંકલ્પ કર્યા... આશિષ દીધી...!

*અક્ષરના હે ધામી... શ્રીજી*
*સ્વામી સંગે આવો ને...*
*મંદિરનિર્માણે સેવામય સૌનાં*
*હૃદયે અખંડ બિરાજોને...!*

'બ્રહ્મજ્યોતિ' યોગીચરણપંકજ પદ પાવન તીર્થ
અહીં ઉપાસનાનું મંદિર સાહેબજીના સંકલ્પે રચાય છે
શુભ-સત્ય સંકલ્પ એવા કર્યા...
હે શ્રીજી પ્રભુ ! આપ અનાદિ અક્ષર અને અનાદિ મુક્ત સાથે બિરાજો
આપનાં પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપો સહિત બિરાજો
આ મંદિરે શુદ્ધ ઉપાસનાનાં તેજ પ્રકાશો.
અહીં પ્રાર્થના-પૂજા કરનાર સૌનાં આતમ ઉજ્જવલો !

નિર્માણકાર્યમાં સહભાગી સૌ પૂર્વનાં મુક્તો
પ્રત્યક્ષ પ્રભુ - સાહેબજીના સંકલ્પે સમર્પિત ભક્તો
ઉપાસના પ્રતિપળ જીવી લેવા સંકલ્પબદ્ધ આત્મસ્વરૂપો
અધ્યાત્મયાત્રા પથ પર ચાલી રહેલા કૃપાવંત સાધકો
સંતભગવંત સાહેબજીને પ્રસન્ન કરવા ઝંખતા આત્માઓ.





સૌની સાધના ચરમસીમાએ આરોહણ કરે
સૌના અંતરે પ્રભુપરમ બિરાજે ને ધન્ય કરે
સૌનાં આતમ સહજાનંદ-સુખ પામે
સૌનાં વર્તન-વ્યવહારે પ્રભુ સાક્ષી બને
સૌ સુખી રહી... સુખ વહેંચે ને પ્રભુપ્રસન્નતા પ્રાપ્ત કરે !

આ પરમ પ્રાપ્તિ કરી લેવાનો સુઅવસર
સૌ જાગ્યા છે... સૌ મંડ્યા છે
સાહેબજીને રાજી કરવા છે... જેથી યોગી રાજી થાય
યોગી રાજી તો સ્વામી રાજી ને શ્રીજી રાજી
તે સમજણે સૌ સેવામાં ઓગળી રહ્યાં છે
તે સૌને વંદન છે... ધન્યવાદ છે !
આ અવસર અતિ અમૂલ્ય સમજી સમર્પિત થાય છે
આ પ્રત્યક્ષ સ્વરૂપ શ્રીજીરૂપ... તે માની સૈદ્ધાંતિક જીવે છે
તે સાહેબજી આતમે બિરાજ્યા... તે રોમ રોમ વસો
વિચાર વાણી વર્તને અખંડ રહો... ને પ્રેરો !
તે અનંત જન્મોની પ્રાર્થના સાકાર થઈ તેમ માને છે
તે સૌને વંદન છે... ધન્યવાદ છે !

હે પ્રભુ પરમ !
આ ભાવના - આ સંકલ્પ સૌનાં જીવન છે
શેષ કસર ટાળી પૂર્ણપણે પ્રભુમાં જીવતાં સૌને કરો
સાહેબજીના સાચા સેવક બનાવો
સંબંધવાળા સૌના દાસ બનાવો
'સ્વામિનારાયણ' માત્રને માથાના મુગટ મનાવો !
આપ મંદિરે પધારો... બિરાજો !
ત્યાં સુધી અમારાં જીવન આપ સ્વરૂપે એકાકાર કરો !

શ્રીજીદાસના જય સ્વામિનારાયણ

બ્રહ્મજ્યોતિ, ૨૨-૪-૨૦૧૯





# અનુપમની હે અમૃતધારા...!

**~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય શાંતિદાદા**

**૨૦ એપ્રિલ ૨૦૧૯, પારમિતા મંદિર, મોગરી**
**સાયં સભામાં 'ઓ યોગીજી પ્યારા... તને હું પોકારું...' કીર્તનનું નિરૂપણ.**

**'ઓ** યોગીજી પ્યારા...'અશોકભાઈએ આ ભજન ગાયું એટલે રતિકાકા અને અમે બંનેય ભૂતકાળમાં સરી પડ્યા. ૧૯૬૬નો એ સમય. મે મહિનાની ૨૭મી તારીખે ઠરાવ થયો, યોગીબાપાએ ૪૦ સંતોને જુદા મૂક્યા. પોતાનું કામ સ્વતંત્ર રીતે કરી શકે તેવા તૈયાર કરવાનો એમનો હેતુ હશે. પોતાનું જ પ્રાણસ્વરૂપ એવા હરિપ્રસાદ સ્વામીને વિષે સૌને એવો – પોતાના જેવો જ ભાવ થાય, એક સમાજ નવો તૈયાર થાય; એવા દિવ્ય હેતુસર કાર્ય કરવા માટે જ્યારે સંતોને જુદા મૂક્યા ત્યારે એ સમય કેવો હતો? કારણ કે, બુદ્ધિથી સમજાય એવી વાત નહોતી. યોગીજી મહારાજે જેમને દીક્ષા આપી, એ સંતોને એમનાં દર્શન ના થાય તો તેઓ જીવે કેવી રીતે? પણ યોગીજી મહારાજ તો સાકાર બ્રહ્મસ્વરૂપ હતા. સંકલ્પે સૌની સાથે એવું સેવન કરી શકે એવા હતા. સર્વના આત્મામાં રહીને, સર્વના આત્માને પવિત્ર બનાવી, પ્રભુધારક બનાવી શકે એવી સામર્થીવાળા દિવ્ય પુરુષ હતા. શ્રીજી અને સ્વામીનું સઘળું ઐશ્વર્ય એ દિવ્ય સ્વરૂપમાં હતું. ભલે દુનિયા નહોતી જાણતી, હરિભક્તો પણ નહોતા જાણતા, યોગીજી મહારાજના શિષ્યો પણ નહોતા જાણતા; એક સામાન્ય સાધુ માનતા હતા. એ યોગીજી મહારાજની સામર્થી કેટલી બધી અપરંપાર હશે એ તો આજે આપણે કહીએ છીએ. પરંતુ એ પ્રસંગ જ્યારે બન્યો ત્યારે આખો સમાજ ખળભળી ગયો. ભલભલા વિચારમાં પડી ગયા? કે શું થયું આ?

યોગીબાપા આ બ્રહ્માંડમાં જે કાર્ય કરવા આવ્યા હતા, એક દિવ્ય સમાજ રચવો હતો, આધ્યાત્મિકતાની સમજ આપવી હતી. થોડાક પણ એ ભાવથી જીવીને પોતાનાં સમગ્રનાં રૂપાંતર કરી, કેવળ પ્રભુરૂપ બની જાય, ભગવાનનું સુખ લેતા થઈ જાય. પોતે તો લે, પણ બીજાને આપી શકે એવી સામર્થી એમને મળે. ત્યાર પછી પાંચ જ વર્ષ આ બ્રહ્માંડમાં રહ્યા. પણ આ પાંચ વર્ષમાં એમનો જે સંકલ્પ હતો એ એમણે સાકાર થયેલો જોયો. આ દિવ્ય પુરુષોને પોતાનાં ઐશ્વર્ય ને શક્તિ આપવી હતી એટલા માટે એમણે '૬૬માં બહુ મોટો જબરજસ્ત પ્રયોગ કર્યો.

પ્રયોગ કરવાની વાત તો રહેવા દઈએ, પ્રયોગમાં તો પરિણામની ખબર ના હોય. પ્રયોગ મૂકીએ એટલે શું રિઝલ્ટ આવશે એ ખબર ના હોય. એની શી પ્રૉડક્ટ આવશે અથવા અંદર ઇન્ટર્નલી શી પ્રૉસેસ થશે એ કશી ખબર ના પડે. આ તો એમને ખબર હતી કે, આ જે કંઈ કરું છું તેનું પરિણામ એ આવશે કે, એવા પુરુષો બ્રહ્માંડમાં પ્રગટ થશે કે, જેના દ્વારા સમગ્ર બ્રહ્માંડ અધ્યાત્મને સમજશે, બ્રહ્મજ્ઞાનને સમજશે, બ્રહ્મજ્ઞાન પોતાના જીવનના વર્તનમાં લાવે એવી સામર્થી પ્રાપ્ત કરશે. એવી સેવાઓ કરશે, ભક્તિ કરશે એના પરિણામ સ્વરૂપ હઠ, માન, ઈર્ષ્યા, રાગ, દ્વેષ નીકળી જશે. માનને માટે, કીર્તિને માટે સેવાઓ નહીં કરે, પોતાના દેહભાવને પોષવા માટે સેવાઓ નહીં કરે, પોતાના આત્માના પોષણ માટે સેવાઓ કરશે. અને એ આત્મા પરમાત્માની સાથે એકાકાર થાય ત્યાં સુધીની જે સાધના છે એ અદ્‌ભુત સાધના છે !

આ પ્રસંગ બન્યો. સંતો દાદર-મુંબઈ મંદિરેથી નીકળ્યા. ક્યાં જવું ? કાકાજીએ આખી ગોઠવણ કરી. સંતોને સોખડા રાખવા છે. કેમ સોખડા રાખવા છે ? તો યોગીબાપાના સંતો છે. અને અહીં સોખડામાં યોગીબાપાના વચને કુરબાન થનાર ભક્તોનો મોટો સમાજ છે, એક સમૂહ છે, એક જૂથ છે કે, જેને યોગીજી મહારાજનું દર્શન છે, પ્રીતિથી જોડાયેલા છે. અને એમના વચનમાં હોમાવાની, કુરબાન થઈ જવાની તૈયારી છે. જે સોખડામાં યોગીજી મહારાજે છ-છ, આઠ-આઠ મહિના રહીને એ મંદિર બાંધ્યું છે. તેઓ સોખડામાં રહ્યા ત્યારે કેટલા બધાને સેવામાં જોડ્યા ! ને સેવાના ફળસ્વરૂપે એમના હૃદયમાં નિષ્ઠા પાકી કરાવી છે ; એવું એ તીરથ છે. સંતોને સાચવશે. યોગીજી મહારાજના આ ભક્તો છે.

કાકાજી તો યોગીજી મહારાજના સ્વરૂપને યથાર્થ ઓળખતા હતા, એટલે એમણે આ સ્થાનની પસંદગી કરી. '૬૬માં પ.પૂ. સાહેબજી ૨૬ વર્ષના. ૨૬ વર્ષના સોખડાના એ યુવાનને લઈને કાકાજી પધાર્યા હતા. ગામના ભક્તોને ભેગા કર્યા. મૂળજીકાકા, ડાહ્યાકાકા, નાથાકાકા ને બધું મંડળ, સારાભાઈ તો હોય જ ! એ આખો પરિવાર અને એવા નિષ્ઠાવાળા ચંદુભાઈ દાજી, દાસ, મગનભાઈ ને બધા યુવાનોને ભેગા કર્યા. પ્રસ્તાવ મૂક્યો. યોગીજી મહારાજના મહિમાની વાત, યોગીજી મહારાજે સંતો બનાવ્યા એની વાત, એ સંતોને આજે આ પ્રસંગ આવ્યો છે ; એમ વાત કરતાં કરતાં કાકાજીની આંખમાં આંસુ આવી ગયાં. પછી સાહેબજી ઊભા થયા ને સાહેબજીએ પ્રવચન કર્યું. સાહેબજીની આંખો પણ ભીની થઈ ગઈ. ગામમાં એક વાતાવરણ સર્જાઈ ગયું. ડાહ્યાકાકા શૂરવીર પુરુષ ! સોખડાના એ સરપંચ હતા. એ કહે, 'દાદુભાઈ, તમે ચિંતા ના કરો, અમે રાખીશું એ સંતોને.' કોઈએ કહ્યું, 'વિરોધ થશે.' એ કહે, 'અરે, જેને વિરોધ કરવો હોય એ ભલેને કરે, આપણે તો યોગીજી મહારાજને રાજી કરવા છે ને !'

સંતો અહીં પધાર્યા. નાનું મંદિર. નીચે ફક્ત એક નાનો હૉલ, ઉપર બીજો તેવો જ હૉલ, બાજુમાં નાનું રસોડું – આટલી વ્યવસ્થા. એમાં ૪૦ સંતોને રહેવાનું. બહાર એક કૂવો. એ કૂવાના થાળામાં બેસીને કૂવામાંથી ડોલથી પાણી ખેંચવાનું ને નહાવાનું – વૉટરવર્કસ નહિ. અને ખાલી એક જ ટૉઈલેટ વાપરવાનું. ૪૦-૪૦ સંતો એ ભીડામાં રહ્યા. હરિપ્રસાદ સ્વામીજી ને અક્ષરવિહારી સ્વામીજીની સાથે રહી ભક્તિ કરી ને યોગીબાપાને રાજી કર્યા. યોગીબાપાને શું માન્યા ? યોગીબાપા જેમણે અમને દીક્ષા આપી છે એ સામાન્ય સાધુ નથી. અમારા પ્રાણપુરુષ છે, અમારો આત્મા છે. દીક્ષા આપી છે અમને બ્રહ્મસ્વરૂપની સ્થિતિએ લઈ જવા માટે, બ્રાહ્મી સ્થિતિ પમાડવા માટે. એવી સામર્થીવાળા દિવ્ય પુરુષે અમને દીક્ષા આપી છે. અને હરિપ્રસાદ સ્વામીજી સાક્ષાત્ યોગીસ્વરૂપ છે એવા ભાવથી, અક્ષરવિહારી સ્વામીજી સાક્ષાત્ યોગીસ્વરૂપ છે, એવા ભાવથી જીવન જીવ્યા.

'અમે ખાંભલામાં ઝોળી માંગીએ ને તાવડી સારંગપુરની હાલે...' એ BAPSની સંસ્થાનો પ્રારંભ હતો. આજે તમે જુઓ BAPS સંસ્થાનો ચારે બાજુ આખા વિશ્વમાં જયજયકાર થાય છે. અને આ રીતે '૬૬માં આટલાં જ વર્ષો પહેલાં જે જુદા થયા, એ સંસ્થાનો પણ એટલો જ વિકાસ થયો છે. ખરેખર જોઈએ તો હરિપ્રસાદ સ્વામી એક હાકલ કરે ને લાખ ભક્તો ભેગા થઈ જાય એ સામર્થી કોણે આપી? યોગીજી મહારાજે આપી.

એ સમજણ પણ તે વખતે કેવી રાખી ? હરિપ્રસાદ સ્વામી '૩૪માં પ્રગટ થયા, '૬૬માં દૂર થયા. એટલે ૩૨ વર્ષના યુવાન. સાહેબજી ૨૬ વર્ષના યુવાન. વિચાર તો કરો તમે ! કેટલી સામર્થી આપી હશે ! કેવી શક્તિ આપી હશે એ ૩૨ વર્ષના યુવાનને કે, 'આ ૪૦ સંતોને લઈને તમે જાવ અને આ ૪૦ સંતોની ભરણપોષણની જવાબદારી પણ તમારી. બધાને રાખજો ને બધાને બ્રાહ્મી સ્થિતિમાં લઈ જાવ એવી વાતો કરજો, કથા કરજો, મહિમામાં રાખજો. અને કોઈ પાછા ના પડે – એ જવાબદારી તમારી.' એ બોલ્યા નથી બાપા, અક્ષરેય બોલ્યા નથી. એમને સંદેશો આપવા માટે વાણી નથી જોઈતી, શબ્દો નથી જોઈતા. એ જે સંકલ્પ કરે ને આપણા હૃદયની અંદર એ વસ્તુ ઉગાડે એવા સમર્થ પુરુષ હતા ! એનું દર્શન એમણે અદ્ભુત કરાવ્યું. કાકાજી – પપ્પાજીને સોંપ્યા. અને એ રીતે એક અદ્ભુત સમાજ તૈયાર કર્યો.

મે મહિનાની ૨૭મીએ ઠરાવ થયો. જૂનની ૧લીએ જ્યોતની શરૂઆત થઈ. આખું વર્ષ વીતી ગયું. ફરી મે આવ્યો. અને બાપાનો જન્મદિન ઉજવાયો. યોગીજી મહારાજની જન્મજયંતી ઊજવવાની. 'બાપાએ દૂર નથી કર્યા, બાપાએ પોતાના કર્યા છે.' 'બાપાએ કાઢી નથી મૂક્યા, બાપાએ એમના હૃદયમાં સ્થાન આપ્યું છે.' આ સમજણથી એક વર્ષ સંતો જીવ્યા છે. આ સમજણથી એક વર્ષ કાકાજી અને પપ્પાજીની સાથે રહીને બહેનો, સાહેબજી ને આખો સમાજ એ ભાવથી જીવ્યો છે.

પ્રેમવલ્લભદાસ સ્વામી, બહુ મોટા કવિરાજ ! એમને લાખ લાખ વંદન, કરોડ કરોડ વંદન કરવાં પડે ! એમના હૃદયમાંથી ભજનના જે શબ્દો નીકળ્યા છે ! અદ્ભુત ! આ એમનું ડેડિકેશન, સમજણ ! એક વર્ષ પછી, જુદા પડ્યા પછી આ એમનું પહેલું ભજન ! અને એ ભજનનો પ્રત્યેક શબ્દ એમના અંતરનો નાદ છે. યોગીજી મહારાજ પ્રત્યેની ભક્તિ છે. યોગીજી મહારાજ કેવા દીસે તેનું દર્શન છે. અને એમણે શેના માટે આ કર્યું છે ? જુદા નથી મૂક્યા, અમને તો પ્રાપ્તિ કરાવવા માટે, સાચી વસ્તુ સમજાવવા માટે, રહસ્યો અમારા જીવનમાં સાંગોપાંગ અમે જીવી શકીએ, વર્તનમાં લાવી શકીએ એટલા માટે અમને આ રીતે પોતાનાથી દૂર રાખ્યા અને છતાંય પોતાના હૃદયમાં રાખ્યા; એ ભાવથી જે ભજન બનાવ્યું, એના શબ્દો અત્યારે આપણે ગાતા નથી પણ ખાલી વાંચીએ છીએ, ને જેટલો સમજાય તેટલો સમજવાનો પ્રયાસ કરીએ.

***ઓ યોગીજી પ્યારા... તને હું પોકારું... (૨)***

***તને હાક મારી... હું આરઝૂ ઉચ્ચારું... (૨) ઓ યોગીજી પ્યારા...***

તમને હું પોકારું છું હે બાપા ! કેવા બાપા ? યોગીજી પ્યારા ! તમે અમને બહુ વહાલા છો. દીક્ષા આપી ત્યારે પણ વહાલા હતા, આજે પણ એ એટલા જ વહાલા છે. વહાલા છે તે કેવી રીતે છોડી શકવાના ? એવા દિવ્ય પુરુષ ! તમને હું આરઝૂ ઉચ્ચારું છું. આરઝૂ શબ્દ ભગવાનની વધારે નજીક છે. આરઝૂમાં વેદના છે. આરઝૂમાં ભગવાન પ્રત્યેના પ્રેમનું દર્શન છે. આરઝૂમાં આંખો અશ્રુથી છલકાય અને જે પ્રાર્થના સરે એ આરઝૂ છે. એ આરઝૂ ઉચ્ચારી આજે તમારી સમક્ષ એવી પ્રાર્થના કરી છે. આવા શબ્દો મૂકીને એમણે ભજનનો પ્રારંભ કર્યો. આ ભજન વી.પી. કૉલેજના હૉલમાં યોગીબાપાની જન્મજયંતી ઊજવાય છે અને ભક્તો સામે બેઠા છે, ત્યાં ગવાય છે.

જેમ જેમ ભક્તો આ ભજન સાંભળતા જાય છે, તેના શબ્દો માણતા જાય છે, શબ્દોનો મહિમા જાણતા જાય છે, એનો ભાવ સમજતા જાય છે એમ એમ સૌની આંખમાં દડદડ આંસુ વહેતાં હતાં. હવે જે એક એક લીટી કે એક એક અંતરો આવે છે, તેમાં બહુ અદ્ભુત દર્શન છે ! યોગીજી મહારાજની એમાં સ્મૃતિ કરી છે.

***મીઠી ગોદ તારી ને મલકંતું મુખડું... મધુરી એ વાણી, એ લટકું રૂપકડું...*** યોગીજી મહારાજ કે જેમના ચરણે જીવનનું સમર્પણ કર્યું છે, પોતાનું આખું જીવન સોંપ્યું છે. એમનાં દર્શન નથી કરવાનાં, એક વર્ષ દર્શન નથી કર્યાં ને પછી આ ભજન ગાય છે. જે સામે બેઠા છે એ કોઈએ દર્શન નથી કર્યાં. દર્શન કરવા જવાની છૂટ નહોતી–એ નથી જઈ શકતા ને એ વખતે આ ગાયું છે.

***એ લટકાના લાડે એ હેતના ટેભે... વાળ્યા વળાવ્યા, બનાવ્યા તેં સ્હેજે...*** તમારી મૂર્તિનો વિચાર કરું છું, સ્મૃતિ કરું છું, તારા લટકાનો વિચાર કરું છું. અમને એટલા બધા ઓતપ્રોત કરી દીધા તમારી મૂર્તિમાં તમે, એવા ઓગાળી દીધા, પરિણામે અમે અમારા ના રહ્યા. તેં લાડથી લટકાં કર્યાં, અમારા ગળામાં હાથ નાખ્યા, અમારી કંઠી જોઈ, અમારા કાનની અંદર આંગળી ખોસીને અમને પ્રેમ આપ્યો. અમે તમારી પાસે બેઠા, બોલાવ્યા, અમને ચંપી કરતા તમારો સ્પર્શ આપ્યો, સુખ આપ્યું, પ્રસાદ આપ્યો. અને પોતાના કરી

તમે અમને જે હેત કર્યું તો અમારું જગત ક્યારે છૂટી ગયું એની ખબર ના પડી અમને. અમારો સંસાર છૂટી ગયો એની ખબર જ ના પડી. અમે કેમ જોડાઈ ગયા ને કેમ અમારાં માતા-પિતા, સગાં-સ્નેહી-સંબંધી - આખો સમાજ છૂટી ગયો એની અમને ખબર જ ના પડી. કેવળ તમારા તરફ દૃષ્ટિ રખાવી. અને તમે જ્યારે આજ્ઞા કરી કે, 'દીક્ષા લઈ લો.' એ મિનિટે અમે તમારા ચરણોમાં સમર્પિત થઈ ગયા. તમે અમને પ્રેમ આપ્યો, એટલે એ થઈ શક્યું. એકે એક પ્રસંગે અમને એટલું બધું હેત કર્યું છે ! અમે જ્યારે તમારી ખુરશી ઊંચકીએ ત્યારે પણ તમે અમારી સામે જે દૃષ્ટિ કરો, અમે જમવા બેઠા હોઈએ અને તમે પીરસવા નીકળો અને ત્યારે અમને પીરસો એ હેતના ટેભે.

તમે અમને આમ કરીને વાળ્યા-વળાવ્યા. અમે વળે એમ નહોતા. અમારા સ્વભાવો તો બહુ જ હતા, જગત તરફનો જ પ્રવાહ હતો. જગતની રીતો જ ગમતી હતી. અમારી સાથેના યુવાનો જે કરે એ જ અમને ગમતું હતું. એમાં જ અમને રસ હતો, પણ આપે અમને ખૂબ પ્રેમ કર્યો. અમને વાળ્યા-વળાવ્યા, અમને સાધુ બનાવ્યા, સંતના માર્ગે ચલાવ્યા. સહેજે સહેજે એ થઈ શક્યું. જે થયું એ અમને પણ ખબર નથી કે, અમે કેમ વળ્યા ને કેવી રીતે આ માર્ગે આવ્યા. આ આપણા બધાની વાત છે. એ બાપાના હેત-પ્રેમને લઈને આપણે જોડાયા. બાપાએ કૃપા કરી એટલે જોડાયા. એ બાપાના હેતથી જ સાહેબજીમાં આપણને હેત થયું. એ બાપાએ સંકલ્પ કર્યો ને સાહેબજી એ યોગીમહારાજનું સ્વરૂપ છે એમ મનાયું. આપણા જીવનનો આપણો ઈતિહાસ તપાસીએ તો યોગીબાપાની કૃપાથી આ સમજણ આપણા જીવનમાં શક્ય બની. એ વાળ્યા-વળાવ્યા-બનાવ્યા તેં સ્હેજે.

*આરપાર ઊતરતી અમીભરી આંખડી... વાત્સલ્ય કેરી મીઠી એ વીરડી...*

આરપાર ઊતરતી અમીભરી આંખડી. બાપાની દૃષ્ટિ આપણાં ચૈતન્યોને ભેદતી હતી. દર વખતે જ્યારે આપણી સામે નજર કરે ત્યારે આપણા દોષને ટાળતી હતી, આપણા સ્વભાવને મૂકાવતી હતી. એ પ્રેમના બંધનના કારણે જગતનાં બંધન નિર્બંધ કરતી હતી, જગતનાં બંધન તોડાવતી હતી; એવી એ પ્રેમની દૃષ્ટિ હતી.

*વાત્સલ્ય કેરી મીઠી એ વીરડી.* વાત્સલ્યભર્યું - સતત વહેતું હેતનું ઝરણું. જે કોઈ એમની પાસે જઈને ઊભા રહે એ વાત્સલ્યમાં ભીંજાઈ જાય, એનો પોતાપણાનો ભાવ મટી જાય અને ભગવાનને સોંપાઈ જાય. યોગીજી મહારાજના ખોળામાં મસ્તક મૂકાઈ જાય. મસ્તકની સાથે સાથે બુદ્ધિ મુકાઈ જાય. બુદ્ધિનો કોઈ પણ નિર્ણય સાચો રહે નહીં, એ છોડી અને સીધો યોગીબાપા જેમ કહે એમ કરીને એ સાધુ થઈ જાય એટલી બધી જબરજસ્ત તાકાત એ દિવ્ય પુરુષમાં હતી.

*પાન કરાવ્યાં એ મીઠી વીરડીનાં... ટકાવ્યા તેં અમને એ તારા ઉછંગના...* તારા પ્રેમથી આનંદપૂર્વક તેં અમને ટકાવ્યા. પોતાના કર્યા અને આજ સુધી તું અમને લઈ આવ્યો છું. એ તારા પ્રેમ, એ તારા વાત્સલ્યના ધોધમાં નાહ્યા એટલા માટે આ શક્ય બન્યું.

*નિચોવ્યું તેં હીર કર્યું શોણિત પાણી...* તેં આના માટે શું કર્યું ? લોહી ને પાણી એક કર્યું. જે દિવસે યોગીજી મહારાજને પોતાના સંતોને દૂર મૂકવા હશે, ત્યારે કેવું થયું હશે ! પણ એ તો બ્રહ્મસ્વરૂપ હતા. દર્શન તો એવું કરાવ્યું કે, બહુ દુઃખ થયું. પણ આજથી પચાસ વર્ષ પહેલાં એમને ખબર હતી કે, શું થશે ? હું એ હરિપ્રસાદને દૂર મૂકું છું, એ જશભાઈને દૂર મૂકું છું, એ અક્ષરવિહારીને, એ મુકુંદને દૂર કરું છું-એ શું કરશે ? જગતમાં અનંત લોકોનો ઉદ્ધાર કરશે એવાં બ્રહ્મસ્વરૂપો તૈયાર થશે. એ યોગીબાપાને ખબર હતી.

*તવ જેવા કરવા હેત ઉરે આણી...* બાપા ! તમે કેમ કર્યું આવું ? તો આપના જેવા જ કરવા, આપનામાં જે સામર્થી છે, શ્રીહરિ આપમાં જે પૂર્ણ પ્રકાશતા હતા, આપમાં જે અક્ષરના ગુણો હતા, આપમાં જે સંતત્વ હતું; એ સંતત્વ આ દિવ્ય સ્વરૂપોને આપવું હતું. એટલા માટે આપે અમને દૂર નથી મૂક્યા, અમે આપના વિશેષ ને વિશેષ થઈએ એવા સંકલ્પ કરી સતત અમારું આ રીત જતન કર્યું છે.

*'ધાર્યું તારું કરવા તું આ જંગે ખેલે...'* જગતમાં વિરોધ થયા, કેટલાકે કહ્યું કે, 'આ લોકો ના જોઈએ.' એવું કંઈ જ નહિ, પણ બાપાએ પોતાનું ધાર્યું જ કર્યું. આજે એક વિચાર એવો પણ આવે છે કે, આ પ્રસંગમાં જેટલા જેટલા સામે આવ્યા, જેણે જેણે વિરોધ કર્યો કે, કાઢો - દાદુભાઈ-બાબુભાઈ ના જોઈએ. એ વિરોધ કરનારને આજે શત શત વંદન છે, કરોડ કરોડ વંદન છે ! યોગીજી મહારાજની આ યોજનામાં એ ભળ્યા. યોગીજી મહારાજની યોજનામાં જેણે જેણે કાકાજી - પપ્પાજીને સાથ આપ્યો એટલા જ ભળ્યા એમ ના કહેવાય. યોગીજી મહારાજને - હરિપ્રસાદ સ્વામીજીને, સાહેબજીને, અક્ષરવિહારી સ્વામીજીને, ગુરુજીને, આ દિવ્ય સ્વરૂપોને દૂર કરીને આવાં તૈયાર જે કરવાં હતાં, એમને બ્રહ્મસ્વરૂપની સ્થિતિ પમાડવી હતી. એ યોજનામાં આ જે ભળ્યા છે, કે જેણે એટલો બધો વિરોધ ના કર્યો હોત અને પાછા લીધા હોત તો ? તો યોગીબાપાનો જે સંકલ્પ, તે સંકલ્પ પૂરો કેવી રીતે થાત? આવો મોટો સમાજ રચાત કેવી રીતે ?

પ્રમુખ સ્વામી મહારાજને કરોડ કરોડ વંદન-પ્રણામ છે. એ પણ બ્રહ્મસ્વરૂપની સ્થિતિ પામેલા હતા. મહંત સ્વામી બ્રહ્મસ્થિતિને પામેલા હતા. નીકળ્યા સંતો ત્યારે કહે, 'જાવ ! ભગવાન તમારી સાથે છે.' એ આશીર્વાદ આપ્યા. અને આજે જોઈએ છીએ કે, આવા મોટા પુરુષ બોલે છે એ શબ્દો કે, 'ભગવાન તમારી સાથે છે' અને આજે એમની સાથે છે એની અનુભૂતિ આપણે કરીએ છીએ. જેઓ યોગીજી મહારાજની આ યોજનામાં ભળ્યા. વિરોધ તો એ કરશે, નહિ તો શું એ વાહ વાહ કરે...? કેટલોક સમૂહ તો એવો હોય ને કે એમ થાય કે, આ લોકોએ જ આ કર્યું. 'આ લોકોએ કર્યું' એવું જે જોતા હતા એ આપણું મોટું અજ્ઞાન હતું. પ્રેરક-પ્રવર્તક-નિયંતા જો મારા યોગીજી મહારાજ, પ્રેરક-પ્રવર્તક-નિયંતા જો શ્રીજી મહારાજ, એમના સંકલ્પથી જ આ બધું ચાલે, બાકી તો સૂકું પાંદડું પણ ના હાલે, તો આ બધાને કોણ વર્તાવતા હોય ?

સાહેબે આપણી શી રક્ષા કરી ? એ વખતે આપણી પરિસ્થિતિ તો કેવી હતી ? આપણે ક્યાં રહીશું ? ને શું ખાઈશું ? એ સવાલ હતો. આપણે શું કપડાં પહેરીશું ? એ સવાલ હતો. જે દિવસે '૬૬માં નીકળ્યા ત્યારે અશ્વિનદાદા આપણને ચાર જોડી કપડાં આપે. સ્હેજ ફાટે તો ફરી સાંધી આપે ને પછી એમ કહે કે, હવે ચલાવો છ મહિના. એ દશા આપણી હતી. પગના ચંપલ તૂટી જાય તો તેઓ જાતે બજારમાં જઈ, ચંપલમાં ચાર ખીલીઓ મરાવી, એ ચંપલ આપણને પહેરવા આપે. પણ આ પરિસ્થિતિમાં – આ બધું કર્તા-હર્તા મારા બાપા છે ; કાકાજી-પપ્પાજીએ આપણને આ સમજાવ્યું અને સાહેબજીમાં આપણને હેત કરાવ્યું. સાહેબજીએ સૌ નિર્દોષ છે એ મનાવ્યું અને પ્રાર્થના-ભજનથી બળ પૂરી ટકાવ્યા. આ બાપાના સંકલ્પમાં જેણે જેણે આપણને મદદ કરી છે, જેણે જેણે આ સંકલ્પ દૃઢતાથી પકડી રાખ્યો છે, – 'કાઢો' – એ જે કર્યું છે, એ જે કરનારા છે એમને લાખ લાખ – કરોડ કરોડ વંદન છે કે, બાપાના સંકલ્પમાં ભળ્યા.

*સુહૃદભાવનો જ તારો રણકારો... નિર્દોષબુદ્ધિ એ પંથ એક ન્યારો...* તે દિવસે એમણે જે માંગ્યું છે, આજે એના શબ્દો હું વાંચું છું ત્યારે મને એમ થાય છે કે, દાસ સ્વામીના હૃદયમાંથી આ શબ્દો કેવા નીકળ્યા છે ! આધ્યાત્મિકતાની કેટલી બધી ઊંચી ટોચની વાતો છે આ. *સુહૃદભાવનો જ તારો જ રણકારો...* બાપા 'સુહૃદભાવ રાખો... સુહૃદભાવ રાખો...' એમ કહેતા. હવે સુહૃદભાવ રાખવાનો અવસર તો અત્યારે આવ્યો ! એકબીજાનાં સુહૃદ બનવાનો સમય તો આવ્યો ત્યારે ખબર પડી કે, સુહૃદભાવ કેટલો રાખીએ છીએ આપણે ? અને ત્યારે રાખ્યો. અશ્વિનદાદા માટે સ્વામીજી એમ કહે કે, 'સાહેબ ! સાધુરામને મારી સાથે મોકલોને ! મારી સાથે વિચરણમાં કોઈ યુવક નથી.' અને અશ્વિનદાદા ગામડે ગામડે એમની સાથે યુવક તરીકે ફરે. આ સુહૃદભાવ છે. આવા તો અનેક પ્રસંગો છે. આપણને બધાને બોલાવ્યા કે, 'વાસણા ખેતરમાં બધું નીંદામણ કરવાનું છે, એ માટે તમે આવો.' આપણે બધા ગયા ને આખો દિવસ નિંદ્યું. આ સુહૃદભાવ જ છે !

*નિર્દોષબુદ્ધિ એ પંથ એક ન્યારો...* આવા પ્રસંગે પણ આવું કરાવનારને વિશે નિર્દોષભાવ રહે ! એ માટે પપ્પાજી ત્યારે બોલ્યા કે, 'વિમુખ નારાયણની જય.' ભગવાન વિમુખ કોઈને કરતા નથી. જે યોગીજી મહારાજે આપણને જુદા મૂક્યા હતા, એ યોગીજી મહારાજ આપણી સાથે છે, એ આપણા વિમુખ નારાયણ છે. એ ભાવની સમજણ આપણી પાસે રખાવડાવી એ કાકાજી-પપ્પાજીને જેટલાં વંદન કરીએ એટલાં ઓછાં છે. નિર્દોષબુદ્ધિ સર્વમાં રહે એ જતન કાકાજી-પપ્પાજીએ કર્યું, એ જતન સાહેબજીએ કર્યું, એ જતન હરિપ્રસાદ સ્વામી, અક્ષરવિહારી સ્વામીએ કર્યું. સૌને નિર્દોષ માનો, સૌને દિવ્ય માનો. આ બધું બાપાએ જ કર્યું છે, બાપા જ કરનારા છે ! મોટા પુરુષને વિષે કર્તા-હર્તાપણાનો ભાવ, એ નિર્દોષબુદ્ધિ છે. બીજા કોઈ આપણું કશું કરી ના શકે એવું સમજીને પ્રતિપળ એમના વિષે દિવ્યભાવ રાખવો, એમનો મહિમા સમજવો અને ગાવો એ દિવ્યભાવ છે, એ નિર્દોષબુદ્ધિ છે.

**બીજું એવું નથી કે જેથી તું રીઝે...** નિર્દોષબુદ્ધિ રાખીએ તો જ તું રીઝે. પણ, અત્યાર સુધી અમને એમ કે, અમે ઉપવાસ કરીએ એટલે તું રીઝે, અમને એમ કે, અમે સેવા કરીએ એટલે તું રીઝે, અમને એમ કે, અમે લાખ રૂપિયા આપીએ એટલે તું રીઝે. કદાચ રીઝે, પણ આધ્યાત્મિક રીતે, આત્માની રીતે તો અમે તારા ભક્તોમાં નિર્દોષબુદ્ધિ રાખીએ તો તું રીઝે. જે અમારી વાહ વાહ કરે, હાર પહેરાવે એમને માટે તો નિર્દોષબુદ્ધિ રહે જ, પણ જે ઠોકે અને ધોલ મારે, જેમ તેમ કહીને હડે કરે, હડકારે – એ વખતે પણ અહોહો ! તારો સંબંધ છે બાપા ! આ તારા છે ! વંદન છે ! એ જે સમજ, એ નિર્દોષબુદ્ધિ છે. એવી નિર્દોષબુદ્ધિ કાકાજી-પપ્પાજી – સાહેબજીએ આપણને સૌને રખાવડાવી. અને સૌને વિશે એવો દિવ્યભાવ રખાવડાવ્યો કે, એમનું નામ સાંભળીએ તો પણ આપણને અહોભાવ થાય ! આજની તારીખે પણ એમણે જે સેવાઓ કરી છે એ સેવાને વંદન ધરીએ છીએ !

હવે *કરાવવું જે તારે અમને એ સૂઝે.* તારે આ કરાવવું છે – નિર્દોષબુદ્ધિ રખાવવી છે, એકતા રખાવવી છે, સુહૃદભાવ રખાવવો છે, સૌની સેવા કરાવવી છે, સૌને નમતા થઈએ, સૌના દાસ બનીએ ; એ તારે કરાવવું છે. એ અમને સૂઝે એવી હે દયાળુ કૃપા કરજો !

***નથી થાવું મારે એ ઢોલિયાના ચાકર... સુહૃદ તારા મુક્તો તું એથી છે સભર...***

***એ દિવ્ય એકતાના ઝૂલે તું ઝુલાવે... પ્રાણ સમા મુક્તો સુવાસ તો ફેલાવે...***

મહારાજ પાસે બધા બેઠા હતા. મહારાજ કહે, મારા ઢોલિયા પાસે બધા બેઠા છે, પણ મહારાજ ઊઠીને દૂર ગુણાતીત બેઠા હતા ત્યાં જઈને બેઠા. મારા વ્હાલા તો આ છે. જે તારા મુક્તો સુહૃદભાવે જીવે છે, જે ભક્તો તારા નિર્દોષભાવે જીવે છે, જે મુક્તો તને કર્તા-હર્તા ભાવે સ્વીકારે છે, જે મુક્તો તને પ્રભુનું સાકાર સ્વરૂપ માને છે, જે મુક્તો શ્રીજી અને સ્વામી આજે યોગીરૂપે મળ્યા એ ભાવથી ભજે છે, એની સાથે સભર સભરતાથી તું જીવે છે. મારે એની સાથે જીવવું છે.

*તારી આ પ્રસન્નતાનાં ના કોઈ સાધન... કરાવવા તું માગે એ તીવ્રતાનું ભજન...* કેટલા સરસ શબ્દો મૂક્યા છે ! – 'તારી આ પ્રસન્નતાનાં ના કોઈ સાધન...' ભગવાનને પ્રસન્ન કરવા માટે, પ્રભુસ્વરૂપને પ્રસન્ન કરવા માટે, બ્રહ્મસ્વરૂપને રાજી કરવા માટેનાં બીજાં કોઈ સાધન નથી. નિર્દોષબુદ્ધિ રાખો, એકતા રાખો, સુહૃદભાવ રાખો, એકબીજાનું ખમો, દાસ બનો, સેવક બનો તો જ રાજી થાય, બાકી કોઈ સંજોગોમાં રાજી ના થાય. હવાહલાં કરો તો રાજી ના થાય. એની આગળપાછળ ફર્યા કરો તો રાજી ના થાય. એકેએક મુક્તમાં દિવ્યભાવ રાખે, મહિમાથી એની સેવા કરે, ભક્તિ કરે, એને વંદન કરે, નમે, એના દોષ ના જુએ, એના સ્વભાવ ના જુએ, એની પ્રકૃતિ ના જુએ, એ સર્વમાં કેવળ સંબંધ જુએ અને સંબંધ જોઈને જ વર્તન કરે એની પર રાજી થાય.

અને એ માટે કરશો શું ? મારે દાસ થવું છે. નહીં થવાય. જ્યાં સુધી અહંકારથી હું ઘેરાયેલો છું, તો હું દાસ નહિ થઈ શકું. તરત જ બધી દલીલો થઈ

જશે. કોઈ પણ પ્રસ્તાવ મૂકશે એની સામે દસ દલીલો તમારા મગજમાં ઊઠશે, કારણ કે હું બુદ્ધિપ્રધાન જીવું છું. તો કરવાનું શું ? તીવ્રતાથી ભજન કરો. અને ભજનમાં માંગીએ, મહારાજ! તમે સર્વોપરી છો, સર્વના કર્તા-હર્તા-પ્રેરક તમે છો, આ સર્વને હલાવનારા તમે છો, સર્વને ચલાવનારા તમે છો. સર્વના બુદ્ધિના પ્રેરક તમે હોવ તો આ જે કોઈ કરી રહ્યા છે એ કરાવનાર કોણ છે ? અમને આ જુદા મૂકનાર કોણ ? એ બાપા તમે જ ! તમારી પ્રેરણાથી આ થાય છે, આ તો બધાં રમકડાં છે. તમે ચાવી ભરશો એટલું ચાલશે. મારી બુદ્ધિથી ચાલું, મારી આવડતથી ચાલું, મારી હોશિયારીથી ચાલું તેના બદલે તું ચલાવે ને ચાલું. મારો પ્રેરક-પ્રવર્તક તું એવો જ આ સૌમાં પણ પ્રેરક-પ્રવર્તક તું છું ; એ ભાવથી તીવ્રતાનું ભજન કરીને, એવી દૃષ્ટિ રાખીને એ સમજણ કેળવીએ.

*ભજનમાં કરીએ વિનંતી આજીજી... ફિદા થાઉં અગર ના, એ તારી જ મરજી...* અમે ભજન કરીશું, પ્રાર્થના કરીશું, સૌને નિર્દોષ માનવા માટેનો પ્રયત્ન કરીશું. કોઈ કંઈ બોલશે ત્યારે અંદરથી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કોઈ વખાણશે ત્યારે પણ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કોઈ અમારા દોષ બતાવશે ત્યારે પણ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... મારો અહંકાર બહાર આવશે ત્યારે કદાચ કોઈ મને દોષ બતાવે પણ ખરો, પણ ત્યારે એનો અભાવ નહીં લેવો, ત્યારે હું સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરીને શાંત રહીશ. તારી તરફ દૃષ્ટિ રાખીશ. એના મહિમાનો હું વિચાર કરીશ. એને તારો જે સંબંધ છે, એવો ભાવ જોઈશ. અને પછી તારે રાજી થવું, અમારી પર ફિદા થવું કે ના થવું ? એ તારી મરજી છે. અમે આટલું કરીશું. અમે નિર્દોષભાવ રાખીશું. અમે તારું કર્તા-હર્તાપણું સ્વીકારીશું. અમે સર્વના દાસ બનીશું. અમે સર્વની સેવા કરીશું. અમે કોઈ નાનો-મોટો, ગરીબ-તવંગર, ભણેલો છે-અભણ છે એવું કશું જોઈશું નહીં. કેવળ તારો સંબંધ છે ! હા ! તો અમે એની આગળ દાસ થઈ જઈશું, રાંક થઈ જઈશું. અમારી ગમે એવી બુદ્ધિ હશે, આખી દુનિયા પર રાજ કરીએ એટલી તાકાત અમારી હશે છતાંય કોઈ ભક્ત આવીને ઊભો રહેશે, ત્યારે બે હાથ જોડી એનું જે છે એનો સ્વીકાર કરીશું. એ અમે કરીશું પછી તારે રાજી થવું હોય તો થજે, ફિદા થવું કે ના થવું એ તારી મરજી.

*બનાવ્યા તેં અમને ન ટળવળતા કરવા... રચ્યો છે તેં આ ખેલ રૂડું જ કરવા...* પ્રાર્થના છે આ ! કેવી પરિસ્થિતિ હશે ? કેવા સંજોગો હશે ? જે પુરુષને પોતાનું સમર્પણ કર્યું છે, એમનાં દર્શન નહીં કરવાનાં. કોઈ વ્યવસ્થા નહિ – રહેવાની, ખાવાની, પીવાની કશી કોઈ વ્યવસ્થા નહીં. તે વખતે પણ 'બનાવ્યા તેં અમને ન ટળવળતા કરવા...' 'ટળવળતા' શબ્દ જ્યારે ગવાયો ત્યારે આખી સભામાં સોપો પડી ગયો. દડ... દડ... દડ... બધાની આંખોમાંથી આંસુ સરી પડ્યાં. *'બનાવ્યા તેં અમને ન ટળવળતા કરવા... રચ્યો છે તેં આ ખેલ રૂડું જ કરવા...'* આ નિર્દોષબુદ્ધિ, આ કર્તા-હર્તાપણાનો સ્વીકાર ! આ જે કર્યું છે એ અમારું રૂડું કરવા માટે કર્યું છે. આ જે તકલીફો મોકલે છે, એ તકલીફો નથી, એ અમારા આત્માને શુદ્ધ કરવા માટે, પવિત્ર કરવા માટે, અમારા હૃદયમાં પ્રભુ પધરાવવા માટે તેં કર્યું છે દયાળુ ! હે બાપા ! અમે તમારા ઋણી છીએ. એ ભાવ આ ભજનમાં આ શબ્દો-આ પંક્તિ આવે ત્યારે સરી પડે. આ બાપાને સર્વોપરી, સર્વ કર્તા માન્યા કહેવાય. આ બાપાને નિર્દોષ માન્યા કહેવાય. આ બાપાને પૂર્ણ સમર્પિત થયા કહેવાય !

*ઝીલે પારધી પણ એ ઝોળિયાં પારેવાં... બેઠો છે તું અમારો પોકાર ઝીલવા...* પારધી છે એ દાણા નાખી ખેલ કરે, ફેંકે પછી ઝીલી લે પડવા ના દે. એમણે ફેંક્યા છે, પણ ખાતરી છે કે એમણે ઝીલી લીધા છે. એમણે ટળવળતા નથી રાખ્યા. જમીન ઉપર પડીને અમે ટળવળીને મરી જઈએ એટલા માટે નહીં, પણ અમને બ્રહ્મસ્વરૂપ બનાવવા માટે, ભગવાન આપવા માટે, ભગવાનના સુખે સુખિયા કરવા માટે તેં અમને આ રીતે મૂક્યા છે. એ અહોભાવ, એ મનની વાત દાસ સ્વામીએ લખી છે.

*અમે છીએ તારા ને તું છે અમારો... એ ભાન કરાવવા રહ્યો તું જ ન્યારો...* અમે તારા છીએ ને તમે અમારા છો, આ અમે તમારી સાથે હતા ત્યારે વિચાર પણ નહોતો કર્યો. પણ આજે અમે સૌ વિચારીએ છીએ કે, અમે તારા છીએ, તું અમારો છે અને પ્રતિપળ અમને તું એની ખાતરી કરાવે છે. તું અમને સમજ આપે છે અને અમને હૃદયમાં ભારોભાર નિશ્ચય કરાવે છે કે, હું તમારો છું અને તમે મારા છો. તું અમારાથી જુદો નહિ રહી શકે. અમને જુદા રાખી ના શકે તું, એક ક્ષણવાર પણ અમે તને જુદા ના રાખી શકીએ. પણ આજે તારી જ કૃપાથી અમે તને પળેપળ ધારીને જીવતા થયા છીએ. અને તું અમારી સાથે છું એની અનુભૂતિ છે, પ્રતીતિ છે અમને. અને એ રીતે અમે સૌ ભેગાં મળીને સુહૃદભાવથી, એકતાથી કેવળ હરિપ્રસાદ સ્વામીજી, અક્ષરવિહારી સ્વામીજીને દિવ્ય માની અમે સૌ સંતો જીવીએ છીએ. એ વખતે ત્યારે બેઠો હતો એ આખો સમાજ પણ એવા જ ભાવથી કાકાજી, પપ્પાજી, સ્વામીજી, અક્ષરવિહારી સ્વામીજી, સાહેબજીને દિવ્ય માનીને એવું જીવતો હતો. ને આજે જોઈએ છીએ-પચાસ વર્ષે આ દિવ્ય પુરુષોના સાંનિધ્યે, ગુરુજી મુકુંદજીવન સ્વામીજીના સાંનિધ્યે એવો આખો સમાજ રાંકભાવથી જીવતો થઈ ગયો છે.

બાપા એક ક્ષણવાર પણ જુદા થયા નથી. એક ક્ષણવાર પણ એ આપણને જુદા રાખી શકે નહીં. બાપા આપણાથી જુદા થઈ શકે નહીં, એ સમજપૂર્વક આખો સમાજ જીવ્યો, તો આજે બાપારૂપ થયેલા સાહેબજીને વિશે આપણને એવી પ્રતીતિ થઈ. યોગીબાપાએ આપણને જે સુખ આપ્યું, આપણને જે દર્શન આપ્યું, આપણને જે હેત કર્યાં, ખેંચીને જે પોતાના કર્યા અને સ્વભાવ ને પ્રકૃતિ મુકાવડાવી; આજે સાહેબદાદા પણ આપણને સેવાઓ કરાવી, ભક્તિ કરાવી, પોતાના કરી, હેત કરી આપણને આપણા સ્વભાવ ને પ્રકૃતિથી પર કરી રહ્યા છે.

*દૃષ્ટિ અગોચર નાથ ભલે છો... અણુએ અણુમાં બિરાજી રહ્યા છો...* દૃષ્ટિ અગોચર – મારી દૃષ્ટિની સામે નથી તમે, પણ અગોચરેય નથી. અમારા અણુ અણુમાં બિરાજી ગયા છો, રોમ રોમમાં વસી ગયા છો. આંખ બંધ કરીને, મૂર્તિ સંભારીને જ્યાં પ્રાર્થના કરીએ છીએ તો તમે અમારી સામે આવીને ઊભા

રહો છો. અમારા પ્રશ્નોના જવાબ આપો છો, દયાળુ ! એ કૃપા તમે કરી છે. એ માહાત્મ્ય તમારું સમજાવવા માટે તમે અમને આ રીતે દૂર કર્યા છે. દૃષ્ટિ અગોચર છો– ભલે ! પણ અમારા અણુ અણુમાં બિરાજી ગયા છો તે આજે પણ આપણે સૌ અનુભવીએ છીએ. યોગીબાપા પોતે અક્ષરધામમાં સિધાવ્યા, પણ આજની તારીખે પણ જ્યાં આંખ બંધ કરીને એમને સંભારીએ છીએ, ત્યારે આપણી સામે આવી બેસે છે અને આપણી સાથે વાત કરે છે. આપણને સમજાવે છે, આપણા દોષ બતાવે છે, આપણી ભૂલ બતાવે છે. આપણને પોતાના ગણી, આપણને સમજ આપે છે. આપણને સાહેબજીના સ્વરૂપમાં ઓગળી જવા માટે, સમાઈ જવા માટે, આપણા સર્વના ભાવ એમની આગળ સમર્પિત કરી દેવા માટે, સતત આપણને બળ આપતા રહે છે, સમજ આપતા રહે છે.

’૬૬માં જુદા મૂક્યા, ’૭૧માં બાપા ધામમાં ગયા. એટલાં વર્ષ દર્શન ના થયાં – દૃષ્ટિ અગોચર. પણ એ ધામમાં ગયા પછી પણ અગોચર નથી, એ દૃષ્ટિ સામે છે. જ્યાં પોકાર કરીએ ત્યાં આપણી સામે આવીને બેસે. આપણા જવાબ આપે, આપણને અધ્યાત્મમાર્ગે દોરે, આપણી જે પ્રાર્થના હોય એ સાંભળે ને આપણાં સર્વ સમાધાન કરે. આજની તારીખે પણ અને એ જ ભાવથી આપણે ભગવાનનાં સર્વ ગુણાતીત સ્વરૂપોને સેવવાં છે. સાહેબદાદા આજે આપણી સાથે દેહથી છે, આપણી વચ્ચે રહે છે. અમેરિકાવાળાને ક્યાં એમની સામે છે ? – દૃષ્ટિ અગોચર છે. ન્યૂઝીલૅન્ડમાં જે વસે છે એમના માટે દૃષ્ટિ અગોચર છે, ક્યાં એમની સામે સાહેબ બેઠા છે ? અત્યારે સાહેબ ક્યાં છે ? અત્યારે સાહેબ મોરબીમાં બિરાજમાન છે. પણ ના, એ તો બ્રહ્મનું સ્વરૂપ છે, સર્વત્ર છે. જ્યાંપોકાર કરીએ ત્યાં હાજર થાય છે. એ ભાવથી એમની સાથેનો સંબંધ દૃઢ કરવા માટે, યોગીજી મહારાજે આપણને સૌને લિફ્ટ કર્યા છે, ઉપર લીધા છે, સમજાવ્યું છે. જેમ મારા વિષે તમને આ ભાવ થયો, એનો એ જ ભાવ તમે સાહેબજીમાં કરો, એનો એ જ ભાવ તમે હરિપ્રસાદ સ્વામીજીમાં કરો. એનો એ જ ભાવ તમે ગુરુજીમાં કરો. આ ભાવની સમજ આપણને આપવા માટે બાપાએ આ કર્યું. અને આજે એ વસ્તુ આપણને સમજાય છે. યોગીજી મહારાજ જેમ આપણાથી દૂર ના થઈ શકે, એમ અત્યારે આપણને સૌને એવી પ્રતીતિ થઈ કે, સાહેબજી એક ક્ષણવાર પણ આપણાથી દૂર ના જઈ શકે. અહીંથી ગાડીમાં બેસે, ભલે એ જ્યાં પણ જતા, પણ તેઓ આપણી સાથે ને સાથે હોય. જ્યાં પોકાર કરીએ ત્યાં સાહેબ આપણને જવાબ આપે. આપણને અંતરે ઉઠતા પ્રશ્નોનાં સમાધાન કરે. એવા એક દિવ્ય પુરુષની સાથે તમે સંબંધ કરાવ્યો.

***અર્પી શું શકીએ જયંતીની અંજલિ, દૃષ્ટિની અભીપ્સા એ કરુણા ભરેલી...*** અમે જે કંઈ કરીએ છીએ તે હે દયાળુ ! તમે દૃષ્ટિ રાખીને યોગ્ય માર્ગે અમને ચલાવજો. અમારા અહંભાવથી પર થવા માટે જે કંઈ સાધના કરીએ છીએ તે સાધનામાં દૃષ્ટિથી અમારી સાથે રહેજો. અમને સમજાવજો કે, અમે જે પગલું ભરીએ છીએ એ પગલું સાચું છે કે ખોટું છે. અમે મનમુખી વર્તીએ છીએ કે ગુરુમુખી વર્તીએ છીએ, અમે તમને પ્રસન્ન કરવા માટે જીવીએ છીએ કે અમે અમારી જાતને પ્રસન્ન કરવા માટે જીવીએ છીએ; આ તમે દૃષ્ટિ કરીને અમને સમજ આપજો. બાકી અમારું તો અહંકારથી ભરેલું તંત્ર – અમને રાજી કરવા માટે જ અમે જીવીએ છીએ. અમારી સવારથી સાંજ સુધીની પ્રવૃત્તિમાં ૯૦ ટકા–૯૯ ટકા પ્રવૃત્તિ તો અમે અમને જ રાજી કરવા માટે કરીએ છીએ, અને તમને રાજી કરવા માટે કો’ક એવું સત્કર્મ થઈ જાય છે. એમાંથી અમારે ૧૦૦એ ૧૦૦ ટકા તમને પ્રસન્ન કરવા માટે જ પ્રવૃત્તિ કરવી છે. તમે રાજી થાવ એટલા માટે જ સર્વ વ્યવહાર કરવા છે. તમે રાજી થાવ એવા સંબંધો કરવા છે. અને સર્વની સાથે એવા સંબંધે દાસભાવે જીવીને કેવળ તમને પ્રસન્ન કરતા રહેવું છે.

***‘પ્રસન્ન થઈ અમ અંતરમાં રહેજે, સામીપ્ય તારું સમજાયે સ્હેજે...’*** મારા અંતરમાં, મારા દેહમાં અખંડ નિવાસ કરીને રહેજે અને તારું સામીપ્ય ક્ષણવાર પણ મારે ચૂકવું નથી. તું મારી સાથે છે એની સતત અનુભૂતિમાં રહેવું છે, એક ક્ષણવાર પણ હે સાહેબદાદા ! તમારા વગર હું કેવી રીતે જીવી શકું ? યોગીબાપા ! તમે મારાથી ક્યાં દૂર ગયા છો ? મારી સાથે ને સાથે છો એ ભાવનું સતત જીવન જીવવું છે.

સાહેબજીની અનુવૃત્તિ શું છે ? એ કેમ રાજી થાય છે ? એ રાજી ના થાય એવી પ્રવૃત્તિ શું કામ થઈ શકે મારાથી? એનું સતત મારે અનુસંધાન રાખવું છે, સતત એ વિચારમાં રહેવું છે. અને આવું અનુસંધાન રાખીને મારા સમગ્ર તંત્રને એ રીતે મારે વર્તાવવું છે. મારાં મન, બુદ્ધિ, ચિત્ત, અહમ્ શું કામ મારી રીતે વર્તે? મારે કેવળ તારી રીતે વર્તાવવા છે; એવી એક પ્રાર્થનારૂપી આ અંજલિ આપીએ છીએ. આ પ્રાર્થના કરી એ સાચી અંજલિ ગણજે.

હે સાહેબદાદા ! તમારો ૮૦મો પ્રાગટ્ય દિવસ ઊજવીશું. આટલું મોટું રૂડું મંદિર થશે! એ મંદિરમાં સાક્ષાત્ મહારાજ, સ્વામી સાથે આપ સૌ દિવ્ય સ્વરૂપમાં બિરાજશો ! અમારા માટે તો તમે અમારો આત્મા છો, અમારા પ્રભુ છો, કર્તા–હર્તા છો, નિયંતા છો. આ બધા જે શબ્દો છે એ અમારે સાકારપણે જીવવા છે. પ્રતિપળ એના અનુસંધાને જીવવું છે. અને તમારા વિશે એવો ભાવ રાખીને અમારે સતત તમારાં દર્શન કરવાં છે. આંખ બંધ કરીને જ્યારે તમારી મૂર્તિ સંભારીએ ત્યારે એ મૂર્તિ મને સાકાર સાક્ષાત્ મળી છે, મહારાજનું સ્વરૂપ મળ્યું છે, યોગીબાપા સાક્ષાત્ સાહેબ ! તમારા રૂપે મળ્યા છે એવા ભાવથી તમારાં દર્શન કરવાં છે. તમારા પ્રત્યેક શબ્દને અમારે જીવન જીવીને, અમારું સમગ્ર તમારા ચરણોમાં હોમી દેવું છે, એકાકાર કરીને જીવવું છે. તમારા સર્વ ભક્તો પણ એવું જીવે છે, એવો સર્વને વિષે ભાવ કરવો છે. સર્વને નમવું છે, સર્વનું ખમવું છે, સર્વના દાસ બનીને રહેવું છે. એ માટે ખૂબ બળ આપો !

દાસ સ્વામીએ કરેલી પ્રાર્થના એ સનાતન છે, શાશ્વત છે. જે પ્રાર્થના એમણે ૧૯૬૬–૬૭માં કરી એની એ જ પ્રાર્થના, આજે અમે પણ કરીએ છીએ. હે દયાળુ ! હે સાહેબદાદા ! સાકાર ભગવાનનું દિવ્ય શ્રીજી–સ્વામી સ્વરૂપ અમને યોગીબાપા રૂપે મળ્યું હતું, એ જ, તમે અમને મળ્યા છો. એવા ભાવથી સર્વના કર્તા, હર્તા, નિયંતા, પ્રેરક, પ્રવર્તક હે સાહેબદાદા ! તમે છો એવા ભાવથી અમારે જીવવું છે. એવી કૃપા વરસાવો એ જ પ્રાર્થના !

જય સ્વામિનારાયણ ! ◆





Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

**Shri Swaminarayan Mahamantra *Udghoshna-din*, 1 January 2019**
**Evening sabha, Parmita Mandir, Brahmajyoti, Mogri**

*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

**Today,** *Magshar Vadi Ekadashi* is the day the Swaminarayan *mahamantra* was first uttered and gifted to us! It is 218 years since the *mahamantra* was first proclaimed. Bhagwan Swaminarayan showered His utmost grace and manifested in this universe. Yogi Bapa many times, would say, 'Nobody invited Bhagwan Swaminarayan to manifest in this universe, nobody prayed for it, nobody performed austerities, or penances, or *yagnas*.' Then Bapa would say, 'Nobody even knew that He was Purushottam Narayan, the Supreme Lord, the cause of all incarnations. If they didn't have a clue, how could they possibly extend an invitation? What austerities could they perform? How would they even pray?' But it was God's infinite grace, that He himself manifested in this universe in human form and more so that He manifested in India. We are all so blessed.

If you were to simply look at His life, you would know immediately, that this was God himself. At the age of eight years, Maharaj came to Ayodhya with his mother and father. He stayed in Ayodhya for three years. He renounced home at the age of eleven years, after Dharmadev and Bhaktimata renounced their physical existence. For clothing, he wore only a loin-cloth. In one hand was a rosary, in the other hand was a staff, at the end of which was tied a small cloth containing the essence of the scriptures. Amongst his other minimal possessions was a water gourd, a filter-cloth, a *shaligram*; it was with only these few items that he set off that night on this epic journey.

An eleven year old child simply set off. There was no guidance whatsoever; no understanding of direction, no idea of geography and yet it was as if someone was guiding; it was as if He had a G.P.S. because the path He took was absolutely perfect! And He stayed in such places, which Hindus consider extremely important places of pilgrimage. He stayed in the places of the Acharya's who laid down the foundations of the entire Hindu dharma. He met all the Santo that were considered truly great, and had discussions with all of them. Maharaj did not go to school, but he had studied all the scriptures in Sanskrit! He took the essence from these and applied it to himself, as he travelled around India on foot.

Through his wanderings, he came to Maharashtra and from there onto the soils of Gujarat. It was here in Loj – Mangrol that his heart settled and he stayed in Ramanand Swami's ashram. There Ramanand Swami initiated him, named him Sahajanand and gave him the seat of the fellowship, instating him as the spiritual head of the whole order. Until the time that Ramanand Swami renounced his physical existence, Maharaj simply watched everything as a witness. Every single *aagna*[1] given by Ramanand Swami, he followed to the letter, and offered his devotion in this way. Hats off to Ramanand Swami! Ramanand Swami himself would say, 'I am simply the drum-beater; the master-orchestrator is this Shriji Maharaj!' Even before Bhagwan Swaminarayan arrived in Loj, Ramanand Swami had been singing his glory.

As it is, His *darshan* was so divine, His presence so impressionable, His radiance, His glowing face, and magnetically attractive being was such that all devotees would be drawn to Him automatically. Ramanand Swami had also previously initiated Muktanand Swami, Raghuram and other Santo. But here he gave initiation to Maharaj and then shortly thereafter renounced his physical existence. After that, Bhagwan Swaminarayan gathered everyone in Faneni, where He declared, 'We have waged a war against *maya*[2].'

The people of the entire world do not know what it is that is getting in their way! It is ego– self-centeredness, stubbornness, jealousy, possessiveness, lust, anger; it is the fifty-one internal enemies that are getting in the way – but

---

**[1] Any instruction given by God or Guru, which is always for our spiritual benefit.**

**[2] That which distances one from God, or acts as an obstacle to reaching God.**

people are just not aware of this. To fulfill the whole of humankind, Bhagwan Swaminarayan waged a war against *maya* – the internal enemies – and provided the weapon to fight against them. He said, 'all the mantras you chant are good, and are beneficial, but today put all of them aside. Today I am giving you a mantra, so chant this one.' Having said this, Maharaj uttered the *mahamantra*, 'Om Swaminarayan'! and all the Santo, *paramhansas* and devotees immediately grasped it and followed suit. That is when the 'Swaminarayan' *mahamantra* came into existence. Gunatitanand Swami and Santo have propounded its exceptional glory, and said that this is no ordinary mantra. All the mantras in existence are good, but remember, out of them there is not a single mantra which God himself has given! 'Hare Krishna, Hare Krishna, Krishna Krishna, Hare Hare!' It is after thousands of years that Chaitanya Mahaprabhu gave this mantra. 'Shri Krishna Sharanam Mamah' – this mantra came into existence thousands of years after Shri Krishna Parmatma renounced his physical existence. The reason is that when Shri Ram was manifest, people were not able to accept him as the form of God, so then who would chant his name? When Shri Krishna was manifest, people were not able to accept him as God, so then who would chant his mantra? It is thousands of years later when his *mahima*[3] spread that these mantras came into existence. Whereas, in the whole world there is only one *mahamantra* 'Om Swaminarayan' which is such that it was proclaimed by Lord Swaminarayan himself! That is why the strength and the force within this mantra is something else. In front of the other mantras, the 'Swaminarayan' mantra is like a nuclear bomb! On top of this, when one chants .... Swaminarayan ... Swaminarayan, with the remembrance of God's image, or the image of the Sant who is at one with God, then the power of the mantra increases exponentially!

When Gunatitanand Swami and Santo would go on *vicharan*[4], there would be great opposition from the people against Bhagwan Swaminarayan and his sadhus. The reason was that because they were good sadhus, their knowledge was good, their wisdom was true, their Upasana was correct and the Lord himself was the epitome of *sadhuta*[5] - this posed a problem for the phoney sadhus. The phoney sadhus and their fake 'goods' began to shut down. For that reason, they started to spread slandering rumours that, 'The Swaminarayan sadhus are magicians; they will hypnotize you. Do not allow them to enter your villages. If you let them in, they will put you all in a trance and take the whole village.' These kinds of rumours gave rise to so much opposition against Swaminarayan sadhus.

Once Gunatitanand Swami, along with five to seven Santo were passing through a farm. Seeing them, the farmer stopped them and said, 'Today I have got you! Today I will let you go only after I have cut off your noses.' Gunatitanand Swami was completely equipoised, and without the slightest worry, he sat down peacefully. The farmer locked all the Santo in a room and said 'now I will go and make preparations.' He had a large rusty blade lying in the field, so he took that and started to sharpen it. The Santo saw this from the window and said to Gunatitanand Swami, 'Oh he is sharpening the blade. Everything aside, but if he cuts off our noses, how will we go out in the world? It will look so bad. Please perform some miracle.' So Gunatitanand Swami said, 'Do dhun. Do bhajan.' Gunatitanand Swami completely carefree, shut his eyes and started to chant 'Swaminarayan..Swaminarayan... Swaminarayan...' He started doing dhun. Gunatitanand Swami has not sung the praises of this mantra just for the sake of it; he sang the glory of the mantra only after applying it in his own life. So as the farmer sharpened his blade, Gunatitanand Swami and the Santo chanted Swaminarayan...Swaminarayan... Swaminarayan. Now during this time, someone from the village was passing by. He saw the farmer sharpening the blade and asked, 'Why are you sharpening the blade right now? Is there anything going on?' Then the farmer said, 'I have locked these sadhus in this room. Today I have got them! So I am going to cut their noses off!' The person looked into the room and saw that the Santo in the room were sitting calmly, chanting. So he went to the farmer, snatched the blade from his hand and whacked him! He slapped him twice and said, 'You are so foolish! You want to cut the noses of such sadhus? Aren't you ashamed of yourself?' Then he opened the door of the room, bowed to the Santo, and said, 'Santo, you may go.'

What did Gunatitanand Swami do? He simply chanted the mantra. This is the force of the mantra. That is why Gunatitanand Swami has propagated the glory of the *mahamantra* and said, 'the Swaminarayan *mahamantra* is so powerful, that it can diffuse even the poison of a cobra.' Our P.P. Yogi Bapa was bitten by a cobra in Gondal, but Gurudev Shastriji Maharaj – Santo and devotees simply chanted, did

---

**[3] Understanding of greatness, glory.**

**[4] To travel from place to place with the sole aim of carrying out God's work**

**[5] Refers to the qualities of a true sadhu i.e. complete surrender, humility, pure understanding of God as Supreme and as the All-doer etc. One who has this quality never acts for his own benefit. He is natural, simple and joyfully immersed in God.**

dhun in the Akshar Mandir – and the poison did not have any affect on Yogi Bapa. The poison collected at the tip of his little finger, and a cut was made to remove that and since then Bapa's little finger became hooked in shape, like a parrot's beak. Bapa would show his little finger when talking about this; and that *smruti*[6] is fresh in before our eyes.

If an extremely negative environment arises, there is disturbance and quarrelling, and the joy disappears – even then, no matter how bad it is, with the chanting of this mantra, any environment is made pure. Both the external as well as one's internal environment is cleansed. Many times there arises such disturbance within; at that time if one chants Swaminarayan… Swaminarayan… Swaminarayan, then no matter how bad the inner environment, it will become pure. No matter what the issue is, God will solve it for you and the inner environment will remain at peace. That is the immense impact of this mantra!

That is why Gunatitanand Swami said, 'Continuously chant Swaminarayan…Swaminarayan, do bhajan! Whether you are walking, sitting, speaking, eating or drinking, chant Swaminarayan…Swaminarayan! Gunatitanand Swami has himself written, 'Chanting must be your central activity, and all other activities should be performed while chanting – if you do this, there will be peace within.' There is only one method of keeping peace within and that is to chant the Swaminarayan mantra. Swaminarayan… Swaminarayan… Swaminarayan!

How does this work? If you perform all activities while chanting, you will not become attached to any of those activities. And if you have no attachment to the activity, then it does not have the power to disturb you. Whether you are successful or not in whatever you are doing – for example if there are up's or down's in business, or if you become very ill, or your work does not get done, or you pass or you fail, whether you make a loss in business, or you make a profit; all of it is relative, but you will not become disturbed by it. The reason is that by chanting the mantra – Swaminarayan… Swaminarayan…, you would have become aloof from all that; you would be detached from it.

More importantly, by chanting – our ego is eroded; it starts to dissolve, and *dassatva-bhav*[7] is ignited. With chanting of the mantra, one develops virtues whereby one attains freedom from ego, anger, lust, selfishness, taste and attachment. The reason is that through chanting the soul gains strength, the inner environment becomes positive, the divine qualities within us increase. Because of this you will automatically come to understand *mahima,* and you will really enjoy doing dhun, and find joy in performing seva with *mahima*. Your spiritual progress will then happen at full speed. That is why we should cultivate the habit of doing dhun. We should chant Swaminarayan… Swaminarayan… Swaminarayan for at least half an hour a day.

Yogi Bapa would make everyone do so much dhun. No matter what situations arose, Bapa would say, 'Do dhun.' If there was anyone who got everyone to do dhun, it was Yogi Bapa! Secondly, Dadu Kaka would also make everyone do so much dhun. Dadu Kaka would say let us do two minutes of dhun, but it would last one hour and sometimes even two hours! If there was a glass of water in his hand and he would say, 'lets do dhun,' then one hour later the glass would still be in his hand – he would lose all track of time, that is how much dhun Kaka would do, and would make everyone else do. Bapa would make us do so much dhun. Wherever he may be, and wherever he went, if someone were to say, 'Bapa, I have this difficulty,' Bapa would say, 'lets do dhun!' There are certain questions that the mind gives rise to, or certain questions that arise in our day to day dealings, which no words can solve. Words are inadequate to provide a solution. Something needs to click inside, and for that click to happen, we need to chant, Swaminarayan… Swaminarayan… Swaminarayan. Everything will then happen automatically.

In the earlier times, when one would take a car and go to the villages, and if perchance there was a nail on the road or a sharp object, the car's tyre would get punctured. Now in the villages, where could one find a mechanic? Many times, one would not even have a spare tyre! So then the tube washer would be opened and some tea leaves would be poured into the tube, which would then be pumped with air. The tea leaves are extremely light, so as the air tries to escape from the hole, the tea leaves get sucked to that spot and thereby block the hole in such a way that the puncture is fixed! Many would even pour tobacco leaves in. Because they are light-weight, the leaves are sucked up to wherever the air is escaping from, and fit themselves in a way that prevent the air from escaping. But this does not last permanently – it will work for maybe five to twenty-five miles, and during this time you would have to find someone to repair the puncture. But by doing this, you would not get completely stuck in the middle of nowhere. One would not think then, 'oh but exactly how will the hole be filled?' – you simply drop some tea-leaves in, pump some air and the puncture is temporarily fixed.

**[6] Divine remembrance**

**[7] Complete surrender and servitude. One who lives for God and whose life is for God.**

Similarly, if there is some issue hanging over your head – you should not sit and think, 'oh but how will it be done? What will happen?' You should simply start chanting, Swaminarayan… Swaminarayan..! Understood?! Wherever the issue is coming from, just like the tea-leaves fixing the puncture, your question will be solved. Many over-wise people will say, 'What is in this medicine? What are the ingredients? What is it made of?' But if you simply take the prescribed medicine and swallow it, your illness will be cured. Now are you concerned with curing the illness, or is your concern with what the ingredients are and how it is made? There are many who are so over-smart they will give you a headache, and anyone sitting in front of them will get a headache. They will ask, 'how can the mantra work?' This question is meaningless. Simply form the habit of doing dhun – Swaminarayan… Swaminarayan… Swaminarayan!

Maharaj himself has also said, 'we have taken on a human body, so we too fall ill. We too, feel hunger and can taste spiciness, sourness, sweetness and blandness. When one lives in the world, issues are going to arise and they arise to bring out the strength that is within us. Does any student say that, 'one must study, but what is the need to take the exams? We come to study, we attend class – so why are you taking our exams? Why are you troubling us for no reason?' Does anyone say this? The exams themselves are the measure of how much your mind has grasped. The exam will show whether you have simply doddled along in college or just enjoyed yourself. Similarly, our conviction for our Lord, our sentiment to please Him, our faith in bhajan – that itself is our exam! So let us do this, and not look for other solutions. If you have conviction in God, then it is only Him that you will remember. If you have conviction, then it is His *aagna* and that is why we must do dhun. When you do bhajan in this way, whatever questions or issues you have will be solved automatically. What will happen? How will it happen? Put all of these kinds of thoughts aside and dive into doing dhun… Swaminarayan… Swaminarayan!

While the work of the Chhatralaya was going on, Yogiji Maharaj came to Vallabh Vidyanagar after Diwali, for *padhramani*. He came straight to the Chhatralaya plinth. Ashvinbhai, Shantibhai, Ratibhai, Sanandbhai, V.S. all got there immediately and had spread large cloths on the plinth. Many devotees from Anand and around came for Bapa's darshan. A stage was prepared on the plinth for Bapa and all the devotees sat below. Bapa got everyone to do dhun and then said, 'When shall we have the opening of the Chhatralaya?'

Construction had only reached plinth level and Bapa was asking when to have the opening ceremony! We said to Bapa, 'Whenever you say.' Bapa then asked for the *nirnay* calendar, which Pramukh Swami brought. Then Bapa said to me, 'The Chhatralaya (hostel) is for the boys that are coming to study, so they will need to come just before college starts.' Then he said, 'When does college start?' I said, 'Bapa, the new academic year starts from 20th June.' In those days the academic timetable would be fixed. The seniors - BSc and MSc classes would start from 15th June and the Pre-Science classes would start on 20th June.

Bapa looked at the *nirnay*. 20th June was falling on a Sunday, so colleges would start from 21st June. Bapa then said, 'Keep the opening of the Chhatralaya on 20th June.' Bapa looked at the auspicious times and decided the date – 20th June! At that time, there used to be restrictions on cement, so it was not easy to get hold of cement. It was after so much running around by Kakaji, that the cement would come. Because Bapa gave us the date of 20th June, we started our preparations in full force. Then came the time to fill the slab. We all got together the evening before. Seven hundred bags of cement were going to be used – it was gong to be such a large slab. There were no facilities to store the cement nearby, so we put the cement in Chhotukaka's compound next door. In the evening, Vinubhai contractor and our bhaiyo, Ratibhai, Ashvinbhai, V.S. and everyone got together and decided that we would start filling the slab in the morning at 8.00am, so that the work can be finished by the end of the day. That was decided and everyone retired for the night.

At that time, we used to stay in Nehru Hall. The next day at 7.00am, Vinubhai Contractor came to my room and said, 'I need a word with you.' I said, 'Sure, what is it?' He said, 'we cannot fill the slab today.' I said, 'What! What do you mean we can't fill the slab today? The opening of the Hostel is on 20th June and if we do not fill the slab today, when will we do it? We all got together yesterday and decided on this. All the material is there, so why are you here saying this?' He then said, 'That is why I have come to you. Out of the seven hundred bags of cement, three hundred bags have gone missing – and without cement we cannot fill the slab. How can we fill it without cement?' I said, 'Who has taken it?' Vinubhai said, 'that is exactly what I have come to tell you, that it was stolen last night.'

So we all got together in the hostel and discussed what to do next. If we were to file a police case, even then for them to process it and carry out an investigation would take five to six days. So we had only one solution, we got together and did some intense dhun… Swaminarayan… Swaminarayan… Swaminarayan! When Vinubhai came back after one hour, we were still doing dhun. He said, 'We have found out where the cement has gone. We know who has taken it. But you will have

to come with me to Anand.' I said, 'It is for the Chhatralaya, so I will surely come!'

So I went with Vinubhai in his car. The person that had taken the cement lived right behind our Swaminarayan mandir in Anand. Vinubhai said, 'this is where the house is, so come.' We went to that person's house. The person was a Swaminarayan satsangee; he used to study with me. We used to call him 'Bhagat'. I saw him from a distance, so I said, 'O Bhagat! Do you live here?' He replied, 'O Jashu!, Come in, come in – I was asking you to come home for such a long time, and you have finally come today.' Vinubhai whispered in my ear, 'This is the guy who has taken the cement.' We sat down and we chatted. I asked him straight up, 'Bhagat! We want to fill the slab for the Chhatralaya, and you took the cement at night?' He said, 'It wasn't your cement! It was Chhotakaka's cement.' I said, 'No it wasn't Chhotakaka's cement; we were going to lay the slab for the Chhatralaya today and that is why we stored our cement in his compound.'

What had actually happened was that Chhotukaka had taken a loan with interest from this Bhagat, but he had not been able to pay the loan, nor had he been able to pay the interest. So this Bhagat had gone to Chhotakaka's home at 10.00pm the night before, after we had left and demanded his money. Chhotakaka said, 'O bhai, if I don't have the money, how can I give it you?' Bhagat said, 'then where did all this cement come from if you don't have money? If you don't have money, then give me the cement.' So Chhotakaka said, 'ok fine, take the cement.' So it was on Chhotakaka's word, that this Bhagat took the 300 bags of cement, in exchange for the money owed, and he was gong to sell them and get his money back in that way.

Then I explained to him, 'Bhagat, that is not his cement; that cement belongs to the Chhatralaya. And for this reason we cannot fill the slab; the work is at a standstill.' He said, 'If it is your cement, then take it – I will give it back to you.' And so we got the cement back, and the slab was filled.

Where would we have gone looking for the stolen cement? But because of dhun and prayer, something somewhere just clicks. God gives us this experience through his work. Let us learn to use this solution of dhun and prayer. Swaminarayan… Swaminarayan… Swaminarayan! It is because we put God aside and look for solutions elsewhere that our time gets lengthened.

Similarly, just like this, when there are attacks of negative perception, negative thinking, or lust, anger, ego, then simply chant, Swaminarayan… Swaminarayan… Swaminarayan, or do mantra lekhan. Bhagwan Swaminarayan has gifted us such a huge weapon! He said, 'my dearest devotees! I want to give you the best weapon to lift all the flaws out of you, joyfully and comfortably! You can use this in your daily interactions, in your business, if you are ill, if there is discord or quarrelling, if there is any disturbance within. You can use this weapon for anything and everything. With this one weapon, you will be able to do everything. That is the exceptional weapon He has gifted us in the form of the *mahamantra*.

Today is the day the *mahamantra* was proclaimed and today is also the first day of the New Year, so 'Happy New Year!' In the new year, let us resolve to remain immersed in bhajan. It is on the day that Bhagwan Swaminarayan gifted us the *mahamantra* that we are starting the new year, so let us understand the glory of the *mahamantra*, and let us keep this mantra at the centre of our lives. In our life's every action, every question, every issue… Swaminarayan… Swaminarayan… Swaminarayan!

Mahant Swami, Hariprasad Swami, Guruji, Ashvinbhai, Shantibhai and these Santo are *pragat*[8]; and with the *smruti* of these *pragat* Santo, we must chant Swaminarayan… Swaminarayan… Swaminarayan! If you chant the *mahamantra*, it will generate immense power. We have the exceptional opportunity to attain the joy of God's abode right now in our present physical state through the chanting of the mantra, and the time is so opportune. If during this time, when all the circumstances are favourable – we do not attain God's *prasannata*[9], then can there be anyone weaker than us?

If one has *mahima* then one will have the absolute determination to please God in any way whatsoever, in this very lifetime! One must have the absolute firm conviction to do this and use the mantra for this end. To work in harmony, with unity, oneness and open-hearted understanding, to maintain *nirdosh-bhav, divya-bhav*[10] and to keep our love flowing for all bhakto, this mantra is absolutely essential, so let us keep chanting! Let us simply make it a habit to chant… Swaminarayan… Swaminarayan… Swaminarayan!

Wherever we are, whatever we are doing, whether we are sitting, standing, eating, drinking, going here or there, may we have the strength to do this, and may God inspire our intellect for this; that is our prayer at our Lord and our Guru's lotus feet on the auspicious day of the *mahamantra*! ◆

---

**[8] This refers to God being eternally present within a manifest physical body (i.e. that of a Gunatit Sadhu who has attained the highest state of realisation).**

**[9] When God or Guru is so pleased with you that it culminates in an outpouring of grace, this is called *prasannata***

**[10] The inner perception and conviction that God and all of God's devotees are faultless and divine.**



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ એપ્રિલ, સોમવાર...** સવારે બ્રહ્મજ્યોતિ, મોગરી પર સોખડાથી પધારેલ પૂ. પ્રેમ સ્વામી, પૂ. દાસ સ્વામી, પૂ. જ્ઞાનસ્વરૂપ સ્વામી સાથે નૂતન મંદિર માટે નિર્માણ પામી રહેલ મૂર્તિઓનું નિરીક્ષણ કર્યું તેમજ ગોષ્ઠિનો આનંદ માણ્યો. બપોરે આણંદ મત વિસ્તારના લોકસભાના ઉમેદવાર શ્રી મિતેશભાઈ પટેલ (બકાભાઈ) અને સહકાર્યકરો દર્શનાર્થે પધાર્યા તેઓને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે યુ.કે.થી પધારેલ રાજુભાઈ જેઠવાને સત્કાર્યા. રાત્રિસભામાં અ.નિ. ડૉ. વિઠ્ઠલભાઈ (VS)ના પ્રાગટ્યદિન તેમજ નિર્વાણદિન પ્રસંગે તેઓનાં જીવનમાહાત્મ્યની અદ્ભુત વાતો કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨ એપ્રિલ, મંગળવાર...** સવારે આણંદમાં આંખના નિષ્ણાત તજજ્ઞ ડૉ. બિપિનભાઈ-ડૉ. નિશાંતભાઈની 'નિશાંત હૉસ્પિટલ'માં આંખની સારવાર માટે પધાર્યા અને સ્વાસ્થ્ય સંબંધી ગોષ્ઠિ કરી. રાત્રિસભામાં સૌને સત્સંગલાભ આપ્યો.

**૩ એપ્રિલ, બુધવાર...** અંગ્રેજી તારીખ મુજબ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યપર્વે મંદિરે મૂર્તિઓનાં પૂજન કરી, પ્રાર્થનાઓ કરી. મુંબઈથી પધારેલ જ્યોતિબહેન ગાંધીના જન્મદિને શાલ-ખેસ અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા. મુંબઈથી પધારેલ તપનભાઈ અને તેઓના જર્મન બિઝનેસ પાર્ટનરને ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ પાઠવ્યા. બપોરે બારાસડીથી પધારેલ કાંતુભાઈ તથા પરિવારજનોને સત્કાર્યાં. અ.નિ. ગોવિંદભાઈ પટેલની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે સાંજે પોર મુકામે તેઓની ફેક્ટરીમાં પધરામણી કરી, સૌને મહિમાની અદ્ભુત વાતો કરી પરિવારના સૌ મુક્તોને આશિષપ્રસાદ અર્પણ કર્યો. ત્યાંથી વેમાર ઉપાસના ધામ મંદિરે ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૩૯મા પ્રાગટ્યપર્વની સભામાં પધારી સૌને દર્શન-સમાગમનું અદ્ભુત સુખ આપ્યું. જ્યોતિબહેન ગાંધીના જન્મદિનની કેક અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા. સભા દરમિયાન મુંબઈથી પધારેલ જગતભાઈ કિલ્લાવાલા-ચારુબહેનને સત્કારી આશીર્વાદ આપ્યા. મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પરત પધાર્યા.

**૪ એપ્રિલ, ગુરુવાર...** સવારે મુંબઈથી પધારેલ ચંદ્રવદનભાઈ-ઉષાબહેનને સત્કાર્યાં તેમજ મુંબઈ પરત પધારતાં કનુભાઈ ગાંધી-જ્યોતિબહેનને આશીર્વાદ આપ્યા. યુ.કે. પધારતાં વડોદરાનાં મીનેશભાઈ-જ્હાનવીબહેનને આશીર્વાદ પાઠવ્યા. સાનફ્રાન્સિસ્કો-યુ.એસ.એ.માં નિવાસ કરતા ભાઈ અંકુરના પિતાશ્રીની ત્રયોદશી નિમિત્તે યોજેલ મહાપૂજામાં પધારી સમગ્ર પરિવારજનોને આશીર્વાદ આપ્યા. વેમારથી આંખની સારવાર માટે પધારેલ ચંદ્રકાંતભાઈ-શીલાબહેનને તેઓના સ્વાસ્થ્યલાભ માટે આશીર્વાદ આપ્યા.

**૫ એપ્રિલ, શુક્રવાર...** સાંજે 'તીરથ' ઍક્ઝિબિશનના કાર્ય માટે પોરથી પધારેલ શંકરભાઈ-અનુપમભાઈને આશીર્વાદ આપ્યા. રાત્રે કરમસદમાં બારીન્દ્રભાઈ-બિન્દુબાના ઘરે પધરામણી કરી સત્સંગનો લાભ આપ્યો. ત્યારબાદ મિલનકુમાર-અમિતાબહેન, જગતભાઈ-ચારુબહેનના ઘરે પધરામણી કરી.

**૬ એપ્રિલ, શનિવાર...** યુ.એસ.એ.થી પધારેલ બંકિમભાઈ-સુજાતાબહેનને સત્કાર્યાં. અંકલેશ્વરથી પધારેલ જિજ્ઞાબહેન-વિજયભાઈની દીકરી ચિ. હરિની તથા પ્રજ્ઞેશભાઈ-નિરાલીબહેનના દીકરા ચિ. કુશની ચૌલક્રિયા બાદ બંને બાળકોને આશીર્વાદ આપ્યા. બપોર પછી અમદાવાદથી પધારેલ ડૉ. ઇન્દિરાબહેન પરીખને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. યોગી વિદ્યાપીઠમાં અનુપમ મિશનની ઑડિયો, વિડિયો, ફોટોગ્રાફી, પ્રિન્ટિંગ આદિ પ્રકાશનની વિવિધ પ્રવૃત્તિઓ માટે નિર્માણ થયેલ નૂતન મિડિયા સૅન્ટરમાં પધરામણી કરી. યુ.કે. પરત પધારતાં ભાવિશાબહેને આશીર્વાદ પાઠવ્યા. કરમસદમાં પારુલબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ અર્પણ કર્યા.

**૭ એપ્રિલ, રવિવાર...** બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધના દરમિયાન આણંદ મત વિસ્તારના ઉમેદવાર શ્રી મિતેશભાઈ પટેલ (બકાભાઈ) તથા સહકાર્યકરો, શ્રી સુનીલભાઈ મહેતા આદિને સત્કારી તેઓનાં અભિવાદન કર્યાં. અખિલ ભારત સુખડિયા સમાજના પ્રમુખ શ્રી કિશોરભાઈ શેઠનું અભિવાદન કર્યું. કરમસદ નિવાસી કિંજલ સુખડિયા દ્વારા તૈયાર કરાયેલ તેઓની પેઇન્ટિંગ મૂર્તિઓનું અનાવરણ કરવામાં આવ્યું ત્યારે કિંજલને અદ્ભુત કલાકારીગરી અને ભક્તિ માટે આશીર્વાદ પાઠવ્યા તેમજ કીર્તન સંધ્યામાં પધારેલ સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૮ એપ્રિલ, સોમવાર...** યુ.એસ.એ. પધારતા અનુપમ સ્વજન મહેન્દ્રભાઈ રાયને વિદાયની શુભેચ્છા સાથે આશીર્વાદ આપ્યાં. રાત્રિસભામાં લાભ આપ્યો.

૯ એપ્રિલ, મંગળવાર... અમેરિકા પરત પધારતાં અનુપમ સ્વજન સુનીતાબહેનને ભાવથી સૌએ વિદાયની શુભેચ્છાઓ પાઠવી આશીર્વાદ આપ્યા. સાંજે આણંદ ઍગ્રિકલ્ચર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. એન.સી. પટેલ-ઇન્દિરાબહેનને આશીર્વાદ આપ્યા.

૧૦ એપ્રિલ, બુધવાર... બપોરે કાનમ પ્રદેશનાં જાણીતાં રામકથાકાર બહેન પૂ. ત્રિલોચનાદેવી પધાર્યાં, તેઓને સત્કારી સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. યુ.એસ.એ. જતા મિલનકુમારના ઘરે પધારી વિદાય વેળાએ આશીર્વાદ આપ્યા.

૧૧ એપ્રિલ, ગુરુવાર... ચેન્નાઈથી પધારેલ પ્રૉમિસભાઈ-નીતાબહેન ને પરિવારજનોને સત્કાર્યાં. આંખની સારવાર માટે ડૉ. બિપિનભાઈની હૉસ્પિટલમાં પધાર્યા. રાત્રિસભામાં સત્સંગલાભ આપ્યો.

૧૨ એપ્રિલ, શુક્રવાર... સાંજે મુંબઈથી પધારેલ નીલામાસી અને અમદાવાદથી પધારેલ બિમલભાઈ શાહ-નેહાબહેનને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો.

૧૩ એપ્રિલ, શનિવાર... સવારે હરિધામ સોખડા પધાર્યા. પૂ. હરિપ્રસાદ સ્વામીજી અને સંતો સાથે સત્સંગ ગોષ્ઠિનો આનંદ માણ્યો. વિશેષતો નૂતન મંદિરના નિર્માણ માટે જરૂરી માર્ગદર્શન મેળવ્યું. સંધ્યા આરતી બાદ પારમિતા મંદિરે યોજેલ 'બ્રહ્મનિર્ઝર'ના સેવાયજ્ઞમાં જોડાઈ સૌ કાર્યકર્તાઓને સ્મૃતિ આપી તેમજ સૌના ઉત્સાહમાં વધારો કર્યો.

૧૪ એપ્રિલ, રવિવાર... શ્રી હરિજયંતી નિમિત્તે પારમિતા મંદિરે યોજેલ ૧૨ કલાકની ધૂનમાં પધારી સૌનાં સુખદ જીવન માટે ધૂન-પ્રાર્થના અને મંત્રલેખન કર્યાં. છપૈયાથી પધારેલ ભાનુપ્રતાપ તથા સંજયકુમારને ઉન્નત જીવન માટે માર્ગદર્શન પૂરું પાડ્યું. અમદાવાદથી પધારેલ કલ્પેશભાઈ-ચેતનભાઈ વ્યાસ અને સમગ્ર પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. શ્રી હરિજયંતી પ્રસંગે નિર્જળા ઉપવાસ કર્યો હતો તે સૌ યુવક, યુવતીઓ ઉપર પ્રસન્નતા વરસાવી, તેમજ પારણાં કરાવ્યાં. રાત્રે પારમિતા મંદિરમાં શ્રી હરિજયંતી-શ્રી રામનવમી પ્રસંગે યોજેલ કીર્તનભક્તિનું શ્રવણ કરી આનંદ કર્યો તથા આ પ્રસંગે પધારેલ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. 'શ્રી અક્ષરપુરુષોત્તમ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ'ના લૉગોનું તથા મહોત્સવનું ભજનનું ટૅક્નોલૉજીના માધ્યમ વડે વિધિવત્ મુક્તાર્પણ કરી સૌ ભક્તોને આશીર્વાદ પાઠવી સૌ સાથે પ્રાગટ્યપર્વની શ્રી ઠાકોરજીને આરતી અર્પણ કરી.

૧૫ એપ્રિલ, સોમવાર... સવારે ચેન્નાઈથી પધારેલ જિતુભાઈ-ભાવનાબહેન તથા પ્રૉમિસભાઈ-નીતાબહેનનાં પરિવારજનોને સત્સંગલાભ આપી આશીર્વાદ પાઠવ્યા. વલ્લભવિદ્યાનગરમાં રાજુભાઈ-પૂર્વાબહેનના ઘરે વ્રતધારી સંતો સાથે પધરામણી કરી પરિવારજનોને બ્રહ્માનંદ કરાવ્યો.

૧૬ એપ્રિલ, મંગળવાર... નૂતન મંદિર નિર્માણકાર્ય અનુલક્ષ્યે ચાઈના પધારતા વ્રતધારી સંત પૂ. રમેશભાઈ ઝાલાવાડિયા તથા અનુપમભાઈને વિદાય આપવા વડોદરા ઍરપોર્ટ પધાર્યા. સવારે ઇથિયોપિયાથી પધારેલ શ્રીનીલને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. યુ.એસ.એ. પધારતાં કેતનભાઈ વણઝારા-સંગીતાબહેન તથા દીકરી રાધિકાને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં.

૧૭ એપ્રિલ, બુધવાર... કાયમી નિવાસ માટે ડાંગમાં પૂ. પી.પી. સ્વામીની સેવામાં પધારતા ડૉ. મૂકેશભાઈ ભગતને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા.

૧૮ એપ્રિલ, ગુરુવાર... સવારે પારમિતા મંદિરે દર્શન કરીને યોગી વિદ્યાપીઠના હૉલમાં ગુરુસભાના યુવાનો દ્વારા નિર્મિત શ્રીજી મહારાજના સમયના પ્રસંગો તેમજ દાદા ખાચરના દરબારને નિહાળી યુવાનેતા વ્રતધારી સંત પૂ. પરેશભાઈ, પૂ. યજ્ઞેશભાઈ તેમજ સૌ યુવાનોની કલા-સેવાને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ મોરબી જવા પ્રસ્થાન કર્યું. મોરબીમાં કનુભાઈ ભટાસણાના ઘરે પધારી રોકાણ કર્યું. સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર્શન-પ્રાર્થના કરી સ્થાનિક સંતો પૂ. પ્રેમપ્રકાશ સ્વામી - પૂ. જગતપ્રકાશ સ્વામી સાથે સત્સંગ-ગોષ્ઠિનો આનંદ માણ્યો. મંદિરના 'સંસ્કાર ઈમેર્જિંગ સૅન્ટર'માં પધરામણી કરી સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા. દીપકભાઈ કાસુન્દ્રાના ઘરે પધારી સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. કાંતિભાઈ અઘારા તેમજ સુરેશભાઈ અઘારાના નૂતન આવાસમાં પધારી આશીર્વાદ પાઠવ્યા. મહેશભાઈ અંબાણી-જાગૃતિબહેનના ઘરે પધારી બાળસભામાં આશીર્વાદ પાઠવ્યા. થોરાળા ગામે અ.નિ. રેવીબહેન જેરાજભાઈ અંબાણીના મોક્ષાર્થે યોજેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણમાં સંસ્કારધામ, સ્વામિનારાયણ મંદિરના પુરાણી સ્વામી દ્વારા કથિત પારાયણનું શ્રવણ કરી સત્સંગનો આનંદ માણ્યો તેમજ ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ મોરબીમાં કનુભાઈના ઘરે કર્યું.

૧૯ એપ્રિલ, શુક્રવાર... શ્રી હનુમાન જયંતી નિમિત્તે થોરાળા ગામે કાનાભાઈ અને ભાઈઓએ યોજેલ મારુતિ યજ્ઞમાં પધારી આશીર્વાદ આપ્યા. હજનાડી ગામે ચતુરભાઈ કડીવાર દ્વારા આયોજિત મારુતિ યજ્ઞમાં પધારી પરિવારના સૌ મુક્તોને આશીર્વાદ આપ્યા. બપોરે સુરેશભાઈ બાવરવાના ઘરે પધરામણી કરી પરિવારજનોને સત્સંગનું સુખ આપી સાંજે પ્રવીણભાઈ અંબાણીના ઘરે, ચેતનભાઈ કાલરિયાના ઘરે તથા મનીષભાઈના નૂતન આવાસમાં પધરામણી કરી નૂતન મંદિરે આરતી અર્પણ કરી સાંજે રાજકોટ પ્રતિ પ્રયાણ કર્યું. સંદીપભાઈ-

દર્શનાબહેન હરણિયાના ઘરે પધરામણી કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. સુરેશભાઈ કથરોટિયા-સુશીલાબહેનના ઘરે સભામાં પધારી ઉપસ્થિત સમગ્ર રાજકોટ મંડળના મુક્તોને આશીર્વાદ આપ્યા.

**૨૦ એપ્રિલ, શનિવાર...** સવારે મંગલપૂજા-દર્શનમાં પધારેલ ભરતભાઈ, અરવિંદભાઈ તથા ઉપસ્થિત સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. મહેશભાઈ ઓઝાના સ્વાસ્થ્યલાભ માટે તેઓના ઘરે પધારી નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી. કૃણાલભાઈ-ભાવનાબહેન પરમારના ઘરે પધરામણી કરી, રમેશભાઈ જીવાણીના ઘરે પધારી પરિવારના સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. બપોરે મુકુંદભાઈ-ધર્મિષ્ઠાબહેનના ઘરે પધાર્યા. સાંજે નાની વાવડી મંદિરે સભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ મોરબીમાં કનુભાઈના ઘરે કર્યું.

**૨૧ એપ્રિલ, રવિવાર...** સવારે મોરબીમાં યોજેલ શિબિર સભામાં પધારી સમગ્ર સૌરાષ્ટ્ર પ્રદેશના ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે મોરબીથી નીકળી મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૨૨ એપ્રિલ, સોમવાર...** બ્રહ્મજ્યોતિ પર પધારેલ અનેક સ્થાનિક તેમજ અન્ય બહારગામના ભક્તોને મુલાકાત આપી. રાત્રિસભામાં સ્થાનિક બધાં મંડળોના મુક્તોને બોલાવીને સત્સંગલાભ આપી સૌને બ્રહ્માનંદ કરાવ્યો.

**૨૩ એપ્રિલ, મંગળવાર...** સાંજે ચરોતર પ્રદેશના અક્ષરમુક્તોની એક દિવસીય શિબિરની સભામાં પધારી સૌને નૂતન મંદિરના નિર્માણ પાછળની અદ્‌ભુત ભાવનાઓ જણાવી આશીર્વાદ પાઠવ્યા. સંધ્યા આરતી બાદ વર્ણીકુંજમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી અનુપમ સ્વજન પૂ. કલ્પેશભાઈ- ચેતનભાઈ વ્યાસ દ્વારા કથિત માણભટ્ટની શૈલીમાં ભગવાન શ્રી રામનાં જીવન અને દિવ્ય કાર્યોનું શ્રવણ કરી ધન્યતા અનુભવી. કથાવિરામ બાદ બંને ભાઈઓની ભક્તિને બિરદાવી, અભિવાદન કરી આશીર્વાદ આપ્યા. કોઈમ્બતુરથી પધારેલ નાનુકાકાને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૪ એપ્રિલ, બુધવાર...** નૂતન મંદિર નિર્માણના શ્રમયજ્ઞમાં જોડાયેલ સૌરાષ્ટ્ર તેમજ કાઠિયાવાડના ભક્તો સાથે જોડાઈ સૌને બળ પૂરી સ્મૃતિ તેમજ આશીર્વાદ આપ્યા. રાત્રિસભામાં અદ્‌ભુત લાભ આપ્યો.

**૨૫ એપ્રિલ, ગુરુવાર...** સવારે શ્રમયજ્ઞ કરી રહેલ સૌરાષ્ટ્ર તેમજ કાઠિયાવાડના ભક્તો પાસે જઈ, સૌની ભક્તિને બિરદાવી આશીર્વાદ આપ્યા. દિવસ દરમિયાન અનેક ભક્તોને મુલાકાત આપી સત્સંગનું સુખ આપ્યું. રાત્રિસભામાં અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો.

**૨૬ એપ્રિલ, શુક્રવાર...** સવારે પરિમલ વ્રતધારી સંતોના નિવાસસ્થાને પધારી ગોષ્ઠિનો લાભ આપ્યો. ચૂંટણી સરસ થઈ તે બાદ દર્શન કરવા પધારેલ આણંદ લોકસભાના ઉમેદવાર શ્રી મિતેશભાઈ પટેલ (બકાભાઈ)ને આશીર્વાદ પાઠવ્યા. પારમિતા મંદિરે ધારીથી મંદિરના શ્રમયજ્ઞમાં પધારેલ સર્વ દીકરીઓ પાસે ભજનો ગવડાવી આશીર્વાદ પાઠવ્યા. મુંબઈ પધારતા સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, પૂ. ગોપાલભાઈને આશીર્વાદ પાઠવ્યા.

**૨૭ એપ્રિલ, શનિવાર...** સવારે ચાઈનાથી પરત પધારેલ વ્રતધારી સંતો પૂ. રમેશભાઈ, પૂ. જયેન્દ્રભાઈ (યુ.કે.)ને તેમજ અનુપમભાઈને સત્કારી આશીર્વાદ તેમજ ગોષ્ઠિનો લાભ આપ્યો. સવારે તેમજ સાંજે નૂતન મંદિરના પરિસરમાં શ્રમયજ્ઞ કરી રહેલ ભક્તો સાથે શ્રમયજ્ઞમાં જોડાઈ સૌને સ્મૃતિ તેમજ આશીર્વાદ પાઠવ્યા. બારીન્દ્રભાઈ-બિન્દુબાના ઘરે વ્રતધારી સંત ભાઈઓને લઈને પધારી સૌને બ્રહ્માનંદ કરાવ્યો. રાત્રે પારમિતા મંદિરમાં શિણાયની નીલકંઠ વિદ્યાલયમાં સેવા આપતાં હર્ષાબહેન શાહે ભજન સાથે અદ્‌ભુત નૃત્ય-ભક્તિ અર્પણ કરી, તેઓને આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ એપ્રિલ, રવિવાર...** બપોરે વડોદરામાં અનિલભાઈ જેરાજાણી -નયનાબહેનના ઘરે પધરામણી કરીને અ.નિ. પૂ. ગોવિંદભાઈ પટેલના પુણ્યસ્મરણાર્થે યોજેલ 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ'ના પ્રારંભે યોજેલ પોથીયાત્રામાં પધારી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે પધારેલ ગોસ્વામી ૧૦૮ પૂ. દ્વારકેશલાલજીનાં દર્શન કરી, સત્સંગ-ગોષ્ઠિનો આનંદ માણ્યો.

**૨૯ એપ્રિલ, સોમવાર...** વહેલી સવારે પારમિતા મંદિરે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી વડોદરા ઍરપૉર્ટથી ફ્લાઈટમાં મુંબઈ પધાર્યા. ઍરપૉર્ટથી સીધા જગતભાઈના ઘરે પધાર્યા. સાંજે ન્યૂઝીલૅન્ડ નિવાસી નિકેશભાઈ બારોટ પધાર્યા, તેઓને ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ આપ્યા. સાંજે ખારઘર મંદિરે પધાર્યા. પૂ. અશ્વિનદાદા, પૂ. દિનેશભાઈ તથા સમગ્ર મુંબઈ મંડળના મુક્તોના સ્વાગતભાવનો સ્વીકાર કર્યો. મંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યા બાદ બાળ-યુવતી મંડળની દીકરીઓએ સ્વાગતનૃત્ય દ્વારા તેઓના ભાવ અર્પણ કર્યા. ત્યારબાદ મંદિરના પ્રાંગણમાં કલ્પેશભાઈ-ચેતનભાઈ વ્યાસ તથા અનુપમ સૂરવૃંદ દ્વારા રચિત અને કથિત 'શ્રીજી મહારાજ નિર્મિત છ મંદિરોનાં નિર્માણની કથા'ને માણી ધન્યતા અનુભવી.

**૩૦ એપ્રિલ, મંગળવાર...** સવારે ખારઘર-નવી મુંબઈ સ્થિત મંદિરના હૉલમાં 'સાહેબજીને સંગ, મંદિર નિર્માણનો રંગ' મુંબઈ પ્રદેશની એક દિવસીય શિબિરમાં પધારી સૌને જીવન જીવવાનું અદ્‌ભુત માર્ગદર્શન આપી આશીર્વાદ પાઠવ્યા. સાંજે કીર્તન-આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો. ત્યાર બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી, ભાગ લેનાર સૌ કલાકાર મુક્તોને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા. મુંબઈના અનેક ભક્તોને મુલાકાત આપી આશીર્વાદ પાઠવ્યા. ◆

# સત્સંગ સમાચાર

## શ્રીહરિ પ્રાગટ્યોત્સવ

*** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી :** પરાત્પર પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રી રામના પ્રાગટ્યદિનની ભક્તિપૂર્ણ ઉજવણી સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે બ્રહ્મજ્યોતિ મોગરીના પારમિતા મંદિરે ૧૪ એપ્રિલના રોજ કરવામાં આવી. ૪૦ વર્ષથી નીચેની ઉંમરની યુવાપેઢીના અક્ષરમુક્તોને નિર્જળા ઉપવાસ અને તેથી મોટી ઉંમરના ભક્તોએ કેવળ ફળનો આધાર લઈ ઉપવાસ કરી સાહેબજીની આજ્ઞાને ભક્તિપૂર્વક ઝીલી શ્રીહરિના ચરણે અનુપમ ભક્તિ અદા કરી. વળી, સાહેબજીની આજ્ઞાથી પારમિતા મંદિરમાં સવારે ૭:૦૦થી સાંજના ૭:૦૦ વાગ્યા સુધી અખંડ ધૂનનાં આયોજન થયાં, જેમાં ચરોતર પ્રદેશના અક્ષરમુક્તોએ સંતો સાથે જોડાઈ ભક્તિ અદા કરી. સંધ્યા આરતી બાદ પારમિતા મંદિરમાં અનુપમ સૂરવૃંદના સંતો અને યુવકોએ ભગવાન શ્રી રામ અને ભગવાન શ્રી સ્વામિનારાયણના મહિમાનાં કીર્તનોનાં ગાન કર્યાં. આ પ્રસંગે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર નિર્માણાધીન નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો લોગો અને નૂતન કીર્તનનાં મુક્તાર્પણ પણ થયાં. ડૉ. મનોજભાઈ સોનીએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યાં. શ્રીહરિ પ્રાગટ્યસ્થાન છપૈયાથી પધારેલ અક્ષરમુક્ત ભાનુપ્રતાપે સાહેબજીમાં પ્રભુસ્વરૂપની સ્વાનુભૂતિનાં વર્ણન કર્યાં. સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદાના આ પ્રસંગે રૂડા આશીર્વાદ પ્રાપ્ત થયા. સંતભગવંત સાહેબજીએ સૌ ભક્તોની ભક્તિને બિરદાવી આશીર્વાદ દીધા. શ્રી હરિપ્રાગટ્યની આરતી સંતો અને અક્ષરમુક્તોએ અર્પણ કરી ત્યારબાદ પ્રસાદ માણી સૌએ બ્રહ્માનંદ કર્યો. ◆

*** ઉપાસના ધામ, વેમાર :** શ્રી હરિજયંતી દિવ્ય ઉત્સવ વેમારમાં ૧૪ એપ્રિલના રોજ પૂ. મણિભાઈ, પૂ. સતીશભાઈ, પૂ. ઘનશ્યામભાઈ દેસાઈ આદિ સંતોના સાંનિધ્યમાં ઉજવાયો. ભજન મંડળીએ પ્રભુમાહાત્મ્યનાં કીર્તનોનાં ગાન કર્યાં. ચંદ્રકાંતભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. પૂ. સતીશભાઈએ પ્રભુની સર્વોપરિતા અને સંતસ્વરૂપે અખંડ પ્રગટીકરણની દિવ્ય ભાવના આશીર્વાદ સ્વરૂપે સૌને સમજાવી. આ પ્રસંગે વેમાર અને આસપાસનાં મંડળોના અનેક અક્ષરમુક્તો ઉપસ્થિત રહ્યા ને પ્રભુ-માહાત્મ્યમાં ભીંજાયા. ◆



બ્રહ્મજ્યોતિ, મોગરીના પારમિતા મંદિરે સાહેબજીના સાંનિધ્યે શ્રી હરિજયંતી ઉત્સવ

*** માથાસૂરિયા :** શ્રી હરિજયંતી એ માથાસૂરિયા મંદિરના શ્રી ઠાકોરજીનો પાટોત્સવ દિન ! પ્રભુપ્રાગટ્ય અને મૂર્તિ પાટોત્સવના દિવ્ય આનંદની ઉજવણી સદ્‌ગુરુ સંતો પૂ. હર્ષદદાદા, પૂ. અરુણભાઈ તેમજ વ્રતધારી સંતો પૂ. રણછોડભાઈ, પૂ. ડૉ. ભરતભાઈ, પૂ. ગોપાલબાપા, પૂ. ગોરધનભાઈ આદિની પુણ્ય ઉપસ્થિતિમાં કરાઈ. પાટોત્સવ પર્વે મહાપૂજાનું સુંદર આયોજન થયું. પ્રાસંગિક ઉદ્‌બોધન થયાં. વળી, શ્રીહરિ જયંતીના ઉપવાસ તથા દ્વિતીય પાટોત્સવ નિમિત્તે અનેક ફરાળી વાનગીઓ અન્નકૂટ સ્વરૂપે પ્રભુને અર્પણ કરાઈ. સંતોએ સૌ ભક્તોની ભક્તિને બિરદાવી રાજીપો વરસાવ્યો. ◆

## ARISE@Anoopam સમર કૅમ્પ ૨૦૧૯

આપણી યુવાપેઢી સર્વાંગી વિકાસ પામે તે હેતુથી અનુપમ મિશન સંચાલિત, યોગી વિદ્યાપીઠ પ્રેરિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલય દ્વારા ARISE@Anoopam સમર કૅમ્પ ૨૦૧૯નાં આયોજન ૨૧ એપ્રિલથી ૫ મે દરમિયાન કરવામાં આવ્યાં. આ સમર કૅમ્પનો પ્રારંભ યોગી વિદ્યાપીઠના કુલગુરુ પૂ. રતિકાકા, પૂ. ગોપાલબાપાના આશીર્વાદથી થયો. સમર કૅમ્પ દરમિયાન શિબિરાર્થીઓને યોગ, સંગીત, ડાન્સ, ડ્રામા, પર્સનાલિટી ડૅવલપમૅન્ટ, ચિત્ર અને પૅઈન્ટિંગ, આર્ટ અને ક્રાફ્ટ, સ્કૅટિંગ અને મહેંદીનાં પ્રશિક્ષણ અપાયાં. એક દિવસીય પિકનિકમાં પણ સૌએ આનંદ કર્યો. ૫મી મેની સાંજે પૂ. શાંતિદાદા અને સંતો, વાલીઓ, શિક્ષકોની ઉપસ્થિતિમાં રંજનબહેન (અસ્તાન કન્યા વિદ્યાલય)ના પ્રમુખસ્થાને ભવ્ય સમાપન સમારોહ યોજાયો. જેમાં શિબિરાર્થીઓએ પ્રાપ્ત કરેલ કલા પ્રશિક્ષણની પ્રસ્તુતિ ઉમદા રીતે કરી. શિબિરાર્થીઓએ સ્વાનુભવની હૃદયસ્પર્શી વાતો કરી. શિબિરાર્થીઓને પ્રશિક્ષણ આપનાર સર્વે શિક્ષકોની જહેમતને સંતોએ બિરદાવી. ◆

## પ્રાદેશિક શિબિર : સાહેબજીને સંગ, મંદિરનિર્માણનો રંગ

સંતભગવંત સાહેબજીના સંકલ્પે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં નિર્માણાધીન નૂતન મંદિર એ સામૂહિક આધ્યાત્મિક ઉત્થાનનું માધ્યમ છે. અનુપમ મિશનના સદ્‌ગુરુ સંતોની આ હૃદયભાવના સર્વત્ર છતી થાય અને પ્રત્યેક અક્ષરમુક્ત નૂતન મંદિર સેવા-સમર્પણ અર્થે ભક્તિભાવે કટિબદ્ધ થાય તેવા ઉમદા હેતુ સાથે સત્સંગના આઠ પ્રદેશોમાં 'સાહેબજીને સંગ, મંદિરનિર્માણનો રંગ' વિષય પર એક દિવસીય શિબિર યોજાઈ.

અમદાવાદ પ્રદેશમાં ૨૦ એપ્રિલના રોજ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા તેમજ પ્રાદેશિક સંતો પૂ. ડૉ. ભરતભાઈ, પૂ. ગૌતમભાઈ, પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈના સાંનિધ્યે ગુજરાત લૉ સોસાયટીના વિશાળ હૉલમાં યોજાયેલ શિબિરમાં વિવિધ મંડળોના ૩૫૦થી વધુ ભક્તોએ લાભ લીધો.

સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં ૨૧ એપ્રિલના રોજ મોરબીમાં અક્ષરમુક્ત કાનાભાઈની નૂતન ફેક્ટરીમાં સંતભગવંત સાહેબજી, પૂ. અરુણભાઈ, પૂ. દિલીપભાઈ, પૂ. પીટરભાઈ તથા પ્રાદેશિક સંતો પૂ. રણછોડભાઈ, પૂ. હરેશભાઈ આદિના સાંનિધ્યે ૪૫૦થી વધુ ભક્તોએ શિબિરમાં લાભ લીધો.

ઉત્તર ગુજરાત પ્રદેશનાં તમામ મંડળોના ૨૦૦થી વધુ અક્ષરમુક્તોએ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના સાંનિધ્યે ૨૧ એપ્રિલના રોજ સાઠંબા નજીક આવેલ માધવકંપાની વૃંદાવન હૉટલમાં વિશાળ સભાખંડમાં યોજાયેલ શિબિરમાં પ્રાદેશિક સંતો પૂ. ગોવિંદભાઈ, પૂ. ગિરીશભાઈ, પૂ. અશોકભાઈ, પૂ. નરેન્દ્રભાઈ, પૂ. નિખિલભાઈની ઉપસ્થિતિમાં લાભ લીધો.

કાનમ પ્રદેશનાં વિવિધ મંડળોના અક્ષરમુક્તોએ ઉપાસના ધામ, વેમારમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને પ્રાદેશિક સંતો પૂ. મણિભાઈ, પૂ. સતીશભાઈ આદિના સાંનિધ્યે ૨૧ એપ્રિલના રોજ શિબિર સભામાં સત્સંગલાભ પ્રાપ્ત કર્યો. સૌ કોઈએ સમર્પણ ને સેવાના ભાવ વહાવ્યા.

વડોદરા પ્રદેશમાં સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદા તેમજ પ્રાદેશિક સંતો પૂ. દિવ્યેશભાઈ, પૂ. રમેશભાઈ-કપિલ, પૂ. જગદીશભાઈ, પૂ. હરેશભાઈ આદિના સાંનિધ્યે ૨૧ એપ્રિલના રોજ પ્રિન્સ ઍન્ડ પ્રિન્સેસ વિલાના વિશાળ હૉલમાં શિબિરનાં આયોજન થયાં. આ શિબિરમાં ૨૨૫થી વધુ ભક્તોએ લાભ લીધો.

ચરોતર પ્રદેશની શિબિર ૨૩ એપ્રિલના રોજ સાંજે યોગી વિદ્યાપીઠના સભા હૉલમાં સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે યોજાઈ. આ પ્રસંગે સદ્‌ગુરુ સંતો પૂ.અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા, પૂ. રતિકાકા, પૂ. પૂનમદાદા તથા પૂ. દિલીપભાઈ, પૂ. ગોપાલબાપા, પૂ. યજ્ઞેશભાઈ, પૂ. પરેશભાઈ આદિ વ્રતધારી સંતો પણ આશીર્વાદ અર્પણ કરવા પધાર્યા. ચરોતર પ્રદેશના અક્ષરમુક્તોએ મોટી સંખ્યામાં આ શિબિરનો લાભ લીધો.

સુરત અને દક્ષિણ ગુજરાત પ્રદેશના અક્ષરમુક્તો માટે ૨૬ એપ્રિલના રોજ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા, પ્રાદેશિક સંતો પૂ. મુકેશભાઈ, પૂ. દિવ્યેશભાઈ, પૂ. પિનાકિનભાઈ આદિના સાંનિધ્યે સુરતના વિક્રમ નગર વાડીના હૉલમાં શિબિરનું આયોજન થયું. પૂ. દિલીપભાઈ, પૂ. શાંતિદાદાએ રૂડા આશીર્વાદ વરસાવ્યા. સેવામાં જોડાવાની ધન્યતા સાથે શિબિરનાં સુફળ પ્રાપ્ત કરી સૌ આનંદી રહ્યાં.

મુંબઈ પ્રદેશની પ્રાદેશિક શિબિરનું ૩૦ એપ્રિલના રોજ આયોજન થયું. પ્રાદેશિક સંતો પૂ. પંકજભાઈ અને પૂ. યજ્ઞેશભાઈએ શિબિર સાર સમજાવી સૌને બળ અર્પ્યાં. પૂ. ગોપાલબાપા, પૂ. દિનેશભાઈ, પૂ. હરિભાઈ આદિ સ્થાનિક સંતોની પ્રેરક ઉપસ્થિતિએ સૌને પ્રેરણા આપી. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબદાદાએ આશીર્વાદ આપ્યા. આ શિબિરમાં મોટી સંખ્યામાં અક્ષરમુક્તોએ લાભ લીધો.

તમામ પ્રાદેશિક શિબિરોમાં સંતોએ શિબિરના હેતુ સમજાવ્યા તેમજ સેવાલક્ષી અનેક પ્રવૃત્તિઓની માહિતી અને માર્ગદર્શન આપ્યાં. સંતોના ભાવ અને ભક્તોની ભક્તિ ફળે તે માટે સદ્‌ગુરુ સંતોએ આશીર્વાદ પ્રદાન કર્યા. સૌનાં હૈયાને વિશે સાહેબજીના સંગે મંદિરનિર્માણના રંગે રંગાયાની અનુભૂતિ થઈ. આ શિબિરો દરમિયાન મંદિરનિર્માણની સેવામાં સૌને જોડવા બચતકુંભનાં વિતરણ કરવામાં આવ્યાં તેમજ પૂજામાં નિત્ય સ્મૃતિ થાય તે હેતુથી પ્રાર્થના અંકિત કરેલ મંદિર મહોત્સવના લોગો આપવામાં આવ્યા. સૌએ સેવા, ભક્તિ અને સમર્પણ પ્રતિ કટિબદ્ધ થવા સંકલ્પ કર્યા. ◆

## અનુપમ મિશન, ખારઘર મંદિરનો ૧૨મો પાટોત્સવ

અનુપમ મિશન સૉશ્યલ વેલફૅર સૅન્ટર, ખારઘર-નવી મુંબઈ સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરના શ્રી ઠાકોરજીના ૧૨મા પાટોત્સવની દિવ્ય ઉજવણી સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનભાઈ, પૂ. શાંતિભાઈ અને વ્રતધારી સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ, કીર્તન આરાધના, શિબિર સભા પણ યોજાયાં. આ મહોત્સવમાં પવઈ મંદિરથી સંતો અને ગુણાતીત જ્યોતનાં સંત બહેનો પણ પધાર્યાં.

૨૯ અપ્રિલના રોજ સંતભગવંત સાહેબજીનાં ભવ્ય સ્વાગત થયાં. સાંજે અનુપમ સૂરવૃંદના સંતો, યુવકોએ શ્રી સ્વામિનારાયણ ભગવાન દ્વારા નિર્મિત છ શિખરબદ્ધ મંદિરોની કથા રજૂ કરતી કીર્તન આરાધના પ્રસ્તુત કરી સૌ ભક્તોને ભક્તિમાં તરબોળ કર્યાં. ૩૦મી એપ્રિલે સાંજે અનુપમ સૂરવૃંદના ભાઈઓ અને યુવકોએ કીર્તન આરાધના પ્રસ્તુત કરી અને ત્યારબાદ મુંબઈનાં યુવકો અને યુવતીઓએ 'તકની સેવા' નામનો સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો. ૧ મે, સવારે પાટોત્સવ વિધિ શાસ્ત્રોક્ત ઢબે સંપન્ન થઈ. પાટોત્સવ પૂજાવિધિમાં બિરાજમાન સર્વ યજમાનોનાં સંતોએ પૂજન કર્યાં અને ખેસ અર્પણ કરી કંકણબંધન કર્યાં. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ મૂર્તિઓનાં પૂજન, અર્ચન કર્યાં. યજમાનોએ ભાવથી મૂર્તિઓના ચરણ અભિષેક કર્યા, મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરી સમૂહમાં થાળ અને શણગાર આરતી અર્પણ કરી જયનાદ સાથે પાટોત્સવ વિધિ સંપન્ન કરી. પૂ. શાંતિદાદાએ "શોભા સાગર શ્યામ તમારી મૂર્તિ..." કીર્તનનું સુંદર નિરૂપણ કરી આશીર્વાદ આપ્યા. પાટોત્સવ મુખ્ય સભાની શરૂઆતમાં પૂ. અશ્વિનદાદાએ આ જ ભજનનો આધાર લઈ આશીર્વાદ વરસાવ્યા. જગતભાઈએ પ્રાસંગિક પ્રવચનમાં સંતો અને મહેમાનોનાં સ્વાગત કર્યાં. સાધુ પૂ. ભરતભાઈ (પવઈ) તથા સાધુ પૂ. રાજુભાઈ ડે દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરાયાં. ભક્તોએ બચતકુંભ સેવાયજ્ઞ અંતર્ગત અર્પણ કરેલ બચતકુંભ શ્રી ઠાકોરજીને ધરાવાયા. સંતભગવંત સાહેબદાદાએ રૂડા આશીર્વાદ આપ્યા. બ્રહ્માનંદ, ગુરુ-સમાગમ અને પ્રભુ-માહાત્મ્યમાં ગુલતાન બની મુંબઈ પ્રદેશના ભક્તો સાહેબજીના સંગે મંદિર નિર્માણના રંગે રંગાઈ ગયા. ◆

## 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ'

૨૮ એપ્રિલથી ૪ મે દરમિયાન વડોદરામાં અ.નિ. ગોવિંદભાઈ પટેલના સ્મરણાર્થે શ્રી નયનભાઈ શાસ્ત્રી દ્વારા કથિત 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ'નાં આયોજન થયાં. આ પારાયણ શુભારંભ પ્રસંગે સંતભગવંત સાહેબજી, વ્રતધારી સંતો અને અક્ષરમુક્તો પધાર્યા. આ સપ્તાહમાં ગોસ્વામી શ્રી

દ્વારકેશલાલજી મહારાજ, ગોસ્વામી વ્રજરાજકુમાર મહોદયશ્રી અને શાસ્ત્રીશ્રી ભાગવત ઋષિજી પણ પધાર્યા. સંતભગવંત સાહેબજી સાથે તેઓના દિવ્ય મિલન થયાં. સૌ પ્રભુસ્વરૂપોએ એકમેક પ્રતિ પ્રેમભાવ વ્યક્ત કર્યા જેનાં દર્શન અનુપમ અને દિવ્ય હતાં. આ સપ્તાહ દરમિયાન હરિધામ સોખડાનાં સંતો તેમજ શ્રી ગુણાતીત જ્યોતનાં સંત બહેનોએ પણ ઉપસ્થિત રહી પ્રાર્થના-આશીર્વાદ અર્પણ કર્યાં. અનુપમ મિશન, વડોદરા કેન્દ્રના અક્ષરમુક્તોએ સમગ્ર સપ્તાહ દરમિયાન ખૂબ માહાત્મ્યથી સઘળી સેવાઓ સંભાળી પૂ. ગોવિંદભાઈનાં પરિવારજનો પ્રતિ અનુપમ સુહૃદભાવનાં દર્શન કરાવ્યાં. સંતભગવંત સાહેબજીએ ઉપસ્થિત સૌ પર રાજીપારૂપી આશીર્વાદ વરસાવ્યા. ◆

## શ્રદ્ધાંજલિ



*** પૂ. કમુબહેન :** શ્રી ગુણાતીત જ્યોતનાં સદ્‌ગુરુ સંત પૂ. કમુબહેન એટલે કે, સૌનાં વહાલસોયાં 'કમ્બા' ૪ એપ્રિલના રોજ ધામમાં સિધાવ્યાં. પૂ. કમુબહેનને શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો જોગ થયેલો. તેઓના સત્સંગ અને સમાગમથી જીવ ભગવદ્ રંગે રંગાઈ ગયું. પૂર્વનાં મુક્ત હતાં તેથી સાધનામાર્ગે આગળ વધવાની તીવ્ર ભાવના જન્મી, જેના ફળસ્વરૂપે પૂ. કાકાજી-પૂ. પપ્પાજીનો સંબંધ થયો. આ ગુણાતીત સ્વરૂપોનાં માર્ગદર્શને, સુહૃદ સાથીદારોના સંગે ભક્તોની ખૂબ સેવાઓ કરી. પૂ. પપ્પાજીના યોગે સાધના આરંભી. વરિષ્ઠ સંત બહેનોના સમાગમે નિર્દોષભાવના પાયા પાકા કર્યા. નીચી ટેલની સેવાને જીવન બનાવ્યું. સંતો, સાધકો, યુવાનો, બહેનોની સેવામાં અહોહોભાવે જોડાયાં. સંત બહેનો અને ભક્તોનાં ખૂબ જતન કરતાં. હેતથી ભગવદ્ મહિમાની વાતો સમજાવી પ્રગટ ગુરુહરિમાં સૌને જોડતાં. પ્રેમ અને માહાત્મ્ય એ તેમના જીવનનાં પર્યાય હતાં. નિર્દોષબુદ્ધિ સહિતની સેવાભાવના એ જ તેમના જીવનનો સાર ઉપદેશ હતો. મોટી ઉંમરે પણ સ્વનિર્ભર રહી આત્મબળે સૌને પ્રેરણા આપતાં રહ્યાં. આવાં સંતો પ્રભુનું કાર્ય કરવા ફરી જન્મ ધરે છે અને અનેકોને પ્રભુપ્રાપ્તિના માર્ગે દોરે છે, માર્ગદર્શન કરાવે છે. સાધુહૃદયી કમ્બાને વંદન ! ◆



*** પૂ. ધર્મિષ્ઠાબહેન :** શ્રી ગુણાતીત જ્યોતનાં સદ્‌ગુરુ સંત ધર્મિષ્ઠાબહેન ૧ મેના રોજ અક્ષરધામ સિધાવ્યાં. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, કાકાજી, પપ્પાજીના જેઓએ શ્રીચરણે સમગ્ર જીવન સમર્પિત કર્યું તેવાં સોનાબાના દીકરા પૂ. કાંતિકાકાનાં તેઓ જ્યેષ્ઠ સુપુત્રી. જન્મથી જ પ્રભુનાં સ્વરૂપો, સંતો, અક્ષરમુક્તોના યોગમાં રહ્યા. યોગીબાપામાં દૃઢ નિષ્ઠા કરી સાધના આરંભી, જે કાકાજી-પપ્પાજીનાં માર્ગદર્શને પૂર્ણતાને પામી. પપ્પાજીના સાંનિધ્યે જોડાનાર પ્રથમ એકાવન સંત બહેનો પૈકીનાં ધર્મિષ્ઠાબહેન સૌ સાથે સુહૃદભાવે જીવ્યાં, ઉપાસના દૃઢ કરતાં રહ્યાં. પોતાના સમગ્રને દિવ્ય બનાવતા રહ્યાં, સંબંધમાં જે ચૈતન્યો આવ્યાં તેને પ્રભુમાં જોડતાં રહ્યાં. એક આદર્શ સંતનું જીવન જીવ્યાં. અનુગામી બંને બહેનોને અધ્યાત્મમાર્ગે દોર્યાં. ત્રણેય ભાઈઓએ સંતના માર્ગે પ્રસ્થાન કર્યું ત્યારે પણ અહોભાવ ધર્યા. ધર્મિષ્ઠાબહેન સાચા અર્થમાં પૂર્ણ ધર્મનિષ્ઠાથી જીવન જીવ્યાં અને એક આદર્શ સાધુતાનું દર્શન કરાવ્યું. તેઓને શત શત વંદન કરી પ્રણામ કરીએ છીએ ! ◆



*** અભયસિંગ :** ઉત્તરપ્રદેશના શિવપુરી-ગુરગૌલા નિવાસી અક્ષરમુક્ત અભય સિંગ ૩ મે ૨૦૧૯, શુક્રવારે અક્ષરધામ પધાર્યા. લગભગ ૨૦ વર્ષ પૂર્વે કે. સી. સિંગસાહેબના માધ્યમથી અભયસિંગ અનુપમ મિશન સાથે જોડાયા. પૂર્વનું જ ચૈતન્ય હશે તેથી સાહેબદાદાને પોતાનો આત્મા માની, સૌ સાથે સુહૃદભાવ રાખી જીવનના અંતિમ શ્વાસ સુધી સેવા-ભક્તિ કરતા રહ્યા. સિંગસાહેબના વતનના ગામ ગુરગૌલામાં અનુપમ મિશન દ્વારા ૨૦૦૦ની સાલમાં મંદિરનું નિર્માણ થયા બાદ સત્સંગસેવામાં અભયસિંગની ભૂમિકા પાયાની હતી. જ્યારે સંતો ગુરગૌલા પધારે ત્યારે તેઓના ઘરે અચૂક પધરામણી કરે. વળી, દર વર્ષે બ્રહ્મજ્યોતિ, મોગરીમાં તેઓ અચૂક બેથી ત્રણ વખત પધારે અને સેવા તથા સંતોના સમાગમનો લાભ પ્રાપ્ત કરે. આવી અવિરત સેવા-ભક્તિ અદા કરી તેઓએ જીવતર ધન્ય કર્યું. આવા જ દિવ્ય સંસ્કાર તેઓએ તેમનાં પરિવારજનો અને સંબંધીઓને પણ આપ્યા છે. પ્રભુ સદ્‌ગત આત્માને પરમ શાંતિ અર્પે અને પરિવારજનોને ખૂબ બળ અર્પે તે માટે પ્રાર્થના છે ! આવા આત્માઓ પુનર્જન્મે પ્રભુની સેવામાં જોડાય અને જન્મોજન્મ ધન્ય બનાવે છે, તેવા અભયસિંગને વંદન ! ◆

## અનાદિ મહામુક્ત
## પરમ પૂજ્ય સોનાબા કેળવણી કૌશલ્ય પુરસ્કાર

૨૦૧૮-૧૯ના શૈક્ષણિક વર્ષ દરમિયાન લેવાયેલી ધોરણ ૧થી ૧૨ની પરીક્ષાઓમાં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર ગુણાતીત સમાજનાં બાળકો-બાલિકાઓ પુરસ્કાર મેળવવાપાત્ર બની શકે છે. ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન, વાણિજ્ય અને વિનયન માટે અલગ અલગ પુરસ્કાર આપવામાં આવે છે.

પુરસ્કાર ઈચ્છતા વિદ્યાર્થીઓએ નીચેની સૂચનાઓનું પાલન કરવું :

૧. જે મંડળની અઠવાડિક સભામાં બાળકો-બાલિકા જતાં હોય તે મંડળના સંચાલકશ્રી દ્વારા જ અરજીપત્રક મેળવવાં અને મોકલવાં.
૨. મંડળસંચાલકની સહી વગરનાં અધૂરી વિગતવાળાં અરજીપત્ર સ્વીકારવામાં આવશે નહીં.
૩. અરજીપત્ર સાથે જે-તે ધોરણની માર્કશીટની પ્રમાણિત નકલ જોડવી.
૪. પૂર્ણ વિગતો ભરેલાં અરજીપત્રો ૩૦ જૂન, ૨૦૧૯ સુધીમાં નીચેના સરનામે મોકલવાં. તે પછી મોકલેલાં અરજીપત્ર સ્વીકારાશે નહીં.

**પ.પૂ. સોનાબા કેળવણી કૌશલ્ય પુરસ્કાર**

**અનુપમ મિશન, બ્રહ્મજ્યોતિ, યોગીજી માર્ગ, ૩૪૫, ગુજરાત**





એક દિવસીય શિબિરમાં સાહેબજી સંગે હૃદય-મંદિર નિર્માણના રંગે રંગાતા ચરોતર પ્રદેશ અને સૌરાષ્ટ્ર તથા કચ્છ પ્રદેશના અક્ષરમુક્તોને આશીર્દાન






અમદાવાદ તથા ઉત્તરગુજરાત પ્રદેશના ભક્તોને 'સાહેબજીને સંગ મંદિર નિર્માણનો રંગ' એક દિવસીય શિબિરમાં સદ્‌ગુરુ સંતોનાં આશીર્દાન





સદ્‌ગુરુ સંતોના સાંનિધ્યે 'સાહેબજીને સંગ મંદિર નિર્માણનો રંગ' એક દિવસીય શિબિરનો લાભ લેતા કાનમ તથા વડોદરા પ્રદેશના અક્ષરમુક્તો





સુરત પ્રદેશની એક દિવસીય શિબિરમાં ગુલતાન અક્ષરમુક્તો



સાહેબજી અને સંતોના સાંનિધ્યે શિબિર-ધન્યતા અનુભવતા મુંબઈ પ્રદેશના ભક્તો





સાહેબજી હરિધામ, સોખડા પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીનાં દર્શનાર્થે પધાર્યા, વંદન ધર્યાં

ખારઘરમાં શ્રી ઠાકોરજીની પાટોત્સવવિધિમાં રત સાહેબજી અને સદ્ગુરુ સંતો





ખારઘરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા નિર્મિત મંદિરોની ગાથા કીર્તન આરાધના રૂપે અર્પણ

મુંબઈના કલાકાર અક્ષરમુક્તોને સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન







'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પ્રસંગે ગોસ્વામીશ્રી દ્વારકેશલાલજી અને ગોસ્વામી વ્રજરાજકુમાર મહોદયશ્રી, શાસ્ત્રીશ્રી ભાગવત ઋષિજીનું સાહેબજી સાથે દિવ્ય મિલન ! પ્રભુ સ્વરૂપોના એકમેક પ્રતિના પ્રેમનાં અનુપમ દર્શન !


**Regd. News Paper / Air Mail / Book Post** **To,**

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2018-20

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-5-19 * Office of Origin : Vitthal Udyognagar

Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**